બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)


**ડિસેમ્બર-૨૦૨૪**

રબીઉલ્ આખર – જમાદિઉલ્ અવ્વલ હિજરી સન : ૧૪૪૬

વર્ષ : ૨૧, અંક : ૧૨, સળંગ અંક : ૨૫૧

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા–૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | રસૂલો બાદ કુલ મખ્લૂકમાં સૌથી અફઝલ : સિદ્દીકે અકબર رضی اللہ عنہ | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 12 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 15 |
| 04 | તઝકેરતુલ અવલિયા : હઝરત અહમદ બિન ઈન્તાકી તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ખલીફ رضی اللہ عنہما ના હાલાત તથા ખૂબીઓ | 18 |
| 05 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 20 |
| 06 | રસૂલે ખુદા ﷺ નો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 24 |
| 07 | *(બીજી સદીના મુજદ્દિદ–૬)* ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ | 29 |
| 08 | પાંચ નબવી નસીહતો | 31 |
| 09 | કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) | 34 |
| 10 | ઝર્બે હૈદરી | 40 |
| 11 | વાળને કાળા રંગવા વિશેનો જરૂરી મસ્અલો | 45 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


### નબી સિદ્દીકે અકબર કા
### ખુદા સિદ્દીકે અકબર કા

(અઝ : ઉસ્તાદે ઝમન હઝરત અલ્લામા હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ)

બયાં હો કિસ ઝબાંસે મર્તબા સિદ્દીકે અકબર કા
હૈ યારે ગાર મહબૂબે ખુદા સિદ્દીકે અકબર કા

યા ઈલાહી ! રહમ ફર્મા ખાદિમે સિદ્દીકે અકબર હૂં !
તેરી રહમત કે સદકે વાસ્તા સિદ્દીકે અકબર કા

રુસુલ ઔર અંબિયા કે બાદ જો અફઝલ હો આલમ સે
યહ આલમ મેં હૈ કિસ કા મર્તબા સિદ્દીકે અકબર કા

ગદા સિદ્દીકે અકબર કા ખુદાસે ફઝ્લ પાતા હૈ
ખુદા કે ફઝ્લ સે હૂં મૈં ગદા સિદ્દીકે અકબર કા

નબી કા ઔર ખુદા કા મદહ ગો સિદ્દીકે અકબર હૈ
નબી સિદ્દીકે અકબર કા ખુદા સિદ્દીકે અકબર કા

ખુદા ઈકરામ ફર્માતા હૈ ઈત્કા કહકર કુર્આં મેં
કરેં ફિર ક્યૂં ન ઈકરામ અત્કિયા સિદ્દીકે અકબર કા

હૂએ ફારૂકો ઉષ્માનો અલી જબ દાખિલે બયઅત
બના ફખ્રે સલાસિલ સિલસિલા સિદ્દીકે અકબર કા

મકામે ખ્વાબે રાહત ચૈનસે આરામ કરને કો
બના પહલૂએ મહબૂબે ખુદા સિદ્દીકે અકબર કા

અલી હૈં ઉસકે દુશ્મન ઔર વો દુશ્મન અલી કા હૈ
જો દુશ્મન અક્લ કા દુશ્મન સિદ્દીકે અકબર કા

લુટાયા રાહે હક઼ મેં ઘર કઈ બાર ઈસ મહબ્બત સે
કે લુટ લુટ કર 'હસન' ઘર બન ગયા સિદ્દીકે અકબર કા

# રસૂલો બાદ કુલ મખ્લૂકમાં સૌથી અફઝલ સિદ્દીકે અકબર رضی اللہ عنہ

તંત્રી લેખ......

રુસુલ ઔર અંબિયા કે બાદ જો અફઝલ હો આલમ સે
યહ આલમમેં હૈ કિસ કા મર્તબા, સિદ્દીકે અકબર કા

**અહલે સુન્નત વ જમાઅતનો** 'નિશ્ચિત, અટલ, મુસલ્લમ' **અકીદો** છે કે **નબીઓ રસૂલો પછી સર્વ મખ્લૂકમાં સૌથી અફઝલ** જાતનું નામ **'હઝરત સિદ્દીકે અકબર'** رضی اللہ عنہ છે. પરંતુ આજકાલ કેટલાક કહેવાતા સુન્ની શીઆઈયતના પ્રવાહમાં વહીને બેહકી બેહકી વાતો કરે છે અને ક્યાંક તો જલસાના સ્ટેજો પરથી સ્પષ્ટપણે નઅતખ્વાં થકી શેઅરો પઢી દેવામાં આવે છે, જેમ કે ગુજરાતમાં એક મશહૂર મુકર્રિરના બયાન પહેલાં નઅતખ્વાં પઢે છે.... *'બસ અલી કા સાથ હમકો દો જહાંસે પ્યારા હૈ'*... પણ પછી આગળ જતાં છેવટે કહે છે... *'મુસ્તફા કે બાદ હૈદર હર બશરસે આ'લા હૈ'*... છતાં ત્યાં ભોળી અવામને તો ખબર જ નથી પડતી કે શું કહેવાય રહ્યું છે, પણ ત્યાંના કોઈ જિમ્મેદારે તેનો રદિયો આપ્યો હોય એ પણ જાણવા નથી મળ્યું. આ ઓગસ્ટ–૨૦૨૪ની જ વાત છે. અને આવી રાફઝિયતને ઉત્તેજન આપતી વાતોથી અહલે સુન્નતના ઉપર જણાવ્યા તે અકીદામાં ભોળી અવામમાં ખરાબી જન્મી રહી છે, અવામ ગુમરાહ થઈ રહી છે, જેથી આજના આ લેખમાં **'અફઝલિયતે સિદ્દીકે અકબર'** رضی اللہ عنہ વિશે તથા અફઝલિયતનો ક્રમ શું છે તેને દીનના મહાન ઈમામો તથા બુઝુર્ગોના કથનો થકી જાણીએ અને ઈમાનની સલામતીનો સામાન કરીએ.

## સિદ્દીકે અકબર رضی اللہ عنہની અફઝલિયત વિશે ઈમામો તથા દીનના બુઝુર્ગોનાં કથનો

**૦૧. ઈમામુલ અઈમ્મા ઈમામે આ'ઝમ અબૂ હનીફા** رضی اللہ عنہ **(વફાત : હિ.સ. ૧૫૦)નો અકીદો :–**

اَفْضَلُ النَّاسِ بَعْدَ رَسُوْلِ اللّٰهِ ﷺ اَبُوْ بَكْرِ الصِّدِّيْق، ثُمَّ عُمَرُ بْنُ الْخَطَّاب، ثُمَّ عُثْمَانُ بْنُ عَفَّان، ثُمَّ عَلِيُّ بْنُ اَبِيْ طَالِبٍ

"લોકોમાં રસૂલુલ્લાહ ﷺ પછી સૌથી અફઝલ અબૂબક્ર સિદ્દીક, પછી ઉમર બિન ખત્તાબ, પછી ઉષ્માન બિન અફ્ફાન, પછી અલી બિન અબી તાલિબ છે."

*(અલ્ ફિકહુલ અકબરુ મઅ શરહિ મુલ્લા અલી અલ્કારી, પેજ : ૬૧, ૬૨, કદીમી કુતુબખાના કરાચી)*

આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી **'અહલે સુન્નત વ જમાઅત'**ની નિશાની પૂછવામાં આવી તો ફર્માવ્યું : تَفْضِيْلُ الشَّيْخَيْنِ وَحُبُّ الْخَتَنَيْنِ وَ مَسْحُ الْخُفَّيْنِ "હઝરત અમીરુલ મો'મિનીન અબૂબક્ર સિદ્દીક તથા અમીરુલ મો'મિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہماને સર્વ સહાબાથી બુઝુર્ગ જાણવા અને અમીરુલ મો'મિનીન ઉષ્માને ગની તથા અમીરુલ મો'મિનીન અલીયે મુર્તઝા رضی اللہ عنہماથી મહોબ્બત રાખવી, અને મોજાઓ પર મસહ કરવો."

આ ત્રણેવ વાતો ખાસ કરીને એટલા માટે ફર્માવી કે હઝરત કૂફામાં રહેતા હતા અને ત્યાં રાફઝીઓની અધિક વસ્તી હતી, જેથી એ જ નિશાનીઓ જણાવી કે જેમાં એમનો રદ છે. આ રિવાયતનો એ અર્થ નથી કે કેવળ આ ત્રણ વાતો જ હોવી સુન્ની હોવા માટે પૂરતી છે." *(બહારે શરીઅત, ૧/૩૬૩, મક્તબતુલ મદીના)*

**૦૨. ઈમામ માલિક رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૭૯)નો અક઼ીદો :–**

ઈમામ માલિક رحمۃ اللہ علیہને તફઝીલે શયખૈન (અબૂબક્ર, ઉમરની અફઝલિયત)ના બારામાં સવાલ થયો તો આપે જવાબ આપ્યો : لَیْسَ فِیْ اَبِیْ بَکْرٍ وَ عُمَرَ شَکٌّ "અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماની (તફઝીલ–અફઝલિયત)માં કોઈ શક નથી." *(શરહુઉસૂલિ એ'તેક઼ાદિ અહલિસુન્નુનતિ લિલ્ અલ્કાઈ બાબુ જિમાઈ ફઝાઈલિસ્સહાબા, ૨/૧૯૪)*

**૦૩. ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ (વફાત : હિ. ૨૦૪)નો અક઼ીદો :–**

یَقُوْلُ فِی الْخِلَافَةِ وَ التَّفْضِیْلِ نَبْدَأُ بِأَبِیْ بَکْرٍ وَ عُمَرَ وَ عُثْمَانَ وَ عَلِیٍّ رضی اللہ عنهم

"ઈમામ શાફઈ ખિલાફત અને તફઝીલ (અફઝલિયત)ના મામલામાં ફર્માવતા હતા : અમે શરૂઆત કરીએ છીએ હઝરત અબૂબક્ર સિદ્દીક઼, હઝરત ઉમર, હઝરત ઉષ્માન અને હઝરત અલીથી." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

*(અલ એઅ્તેક઼ાદ લિલ્બયહક઼ી, પેજ–૧૯૨)*

**૦૪. ઈમામ અહમદ બિન હંબલ બગદાદી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૨૪૧)નો અક઼ીદો :–**

سُئِلَ عَنْ رَجُلٍ یُحِبُّ اَصْحَابَ رَسُوْلِ اللّٰهِ ﷺ وَ لَا یُفَضِّلُ بَعْضَهُمْ عَلٰی بَعْضٍ وَ هُوَ یُحِبُّهُمْ. قَالَ : اَلسُّنَّةُ اَنْ یُّفَضِّلَ اَبَا بَکْرٍ عَ عُمَرَ وَ عُثْمَانَ وَ عَلِیًّا مِنَ الْخُلَفَاءِ

"ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہથી એવા શખ્સના બારામાં પૂછવામાં આવ્યું જે અસ્હાબે રસૂલ ﷺથી મહોબ્બત તો કરે છે પણ કોઈના પર કોઈને ફઝીલત નથી આપતો. તો આપે ફર્માવ્યું, ખલીફાઓમાં હઝરત અબૂબક્ર સિદ્દીક઼ તથા હઝરત ઉમર તથા હઝરત ઉષ્માન તથા હઝરત અલીયે મુર્તઝા رضوان اللہ تعالیٰ علیہم اجمعینને ફઝીલત આપવી સુન્નત (ઉમ્મતનો નિયમ) છે." *(અસ્સુન્નતુ લિબ્નિ ખિલાલ : ૫૯૯)*

**૦૫. ઈમામ સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ (વફાત : ૧૬૧ હિ.સ.)નો અક઼ીદો:**

مَنْ فَضَّلَ عَلٰی اَبِیْ بَکْرٍ وَ عُمَرَ فَقَدْ عَابَهُمَا "જેણે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ તથા હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہما પર કોઈને ફઝીલત આપી તો તેહક઼ીક઼ તેણે એ બંનેવ પર અયબ લગાડી."

*(શર્હુ ઉસૂલિલ્ એ'તેક઼ાદ, રક઼્મ : ૨૬૧૭, ઉસૂલુસ્સુન્નહ્ લિ ઈબ્નિ ઝમનૈન, રક઼્મ : ૧૦૪)*

**૦૬. ઈમામુલ મુહદ્દિષીન ઈમામ બુખારી رحمۃ اللہ علیہ (વફાત : ૨૫૬ હિ.સ.)નો અક઼ીદો :–**

ઈમામ બુખારીએ બુખારી શરીફમાં પ્રકરણ રચ્યું છે :

بَابُ فَضْلِ أَبِیْ بَکْرٍ بَعْدَ النَّبِیِّ ﷺ એટલે નબી કરીમ ﷺ બાદ ઉમ્મતમાં અબૂબક્ર સિદ્દીક઼ અફઝલ હોવાના બારામાં પ્રકરણ." *(સહીહ બુખારી, ૨/૪૧૨)*

**૦૭. ઈમામ અબૂ દાઊદ رحمۃ اللہ علیہ (વફાત : ૨૭૫ હિ.)નો અક઼ીદો :–**

إِنَّ خَیْرَ النَّاسِ بَعْدَ مُحَمَّدٍ وَزِیْرَاهُ قِدَمًا. ثُمَّ عُثْمَانُ الْاَرْجَحُ وَ رَابِعُهُمْ خَیْرُ الْبَرِیَّةِ بَعْدَ هُمْ عَلِیٌّ حَلِیْفُ الْخَیْرِ

"બેશક ! રસૂલુલ્લાહ ﷺના પછી લોકોમાં બેહતરીન આપ علیہ الصلوٰۃ والسلامના બે પ્રથમ વઝીર (હઝરત અબૂબક્ર સિદ્દીક઼ તથા હઝરત ઉમર ફારૂક઼) છે. પછી હઝરત ઉ ષ્માન અધિક અગ્રતાવાળા છે અને તેમના બાદ તેમનામાંથી

ચોથા ખયરુલ બરિય્યહ્ હલીફુલ ખૈર હઝરત અલીયે મુર્તઝા છે.'' *(તબક઼ાતુલ્ હનાબિલા, ૨/૫૩)*

**૦૮. ઈમામ તહાવી** رحمۃ اللہ علیہ **(વફાત : ૩૨૧)નો અક઼ીદો :-**

وَنُثْبِتُ الْخِلَافَةَ بَعْدَ رَسُوْلِ اللّٰهِ صلی اللہ علیہ وسلم أَوَّلًا لِاَبِیْ بَكْرِنِ الصِّدِّیْقِ رَضِیَ اللّٰهُ عَنْهُ تَفْضِیْلًا لَهٗ تَقْدِیْمًا عَلٰی جَمِیْعِ الْاُمَّةِ

''અમે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પછી સૌ પ્રથમ ખિલાફત હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના માટે સાબિત કરીએ છીએ. સર્વ ઉમ્મત પર અગ્રસ્થાને રાખીને તેમને અધિક ફઝીલતવાળા ઠરાવીએ છીએ.''

*(શર્હુલ અક઼ીદતિત્તહાવિયા, પેજ : ૫૭)*

**૦૯. ઈમામ અબુલ હસન અશ્અરી** رحمۃ اللہ علیہ **(વફાત : ૩૨૩)નો અક઼ીદો :-**

وَاَجْمَعُوْا عَلٰی اَنَّ خَیْرَ الْعَشَرَةِ، الْاَئِمَّةُ الْاَرْبَعَةُ : اَبُوْبَكْرٍ ثُمَّ عُمَرُ ثُمَّ عُثْمَانُ ثُمَّ عَلِیٌّ رِضْوَانُ اللّٰهِ عَلَیْهِمْ

''ઉમ્મતનો ઈજમાઅ છે કે અશ્રએ મુબશ્શિરામાં અફઝલ અબૂબક્ર, પછી ઉમર, પછી ઉષ્માન, પછી અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે.'' *(રિસાલતુલ અશ્અરિય્યિ ઈલા અહલિષ્ ષગ઼્ર, પેજ–૨૨૯)*

**૧૦. ફક઼ીહ અબુલ લૈષ** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૩૭૩)નો અક઼ીદો:**

قَالَ مُحَمَّدُ بْنُ الْفَضْلِ : اَجْمَعُوْا عَلٰی اَنَّ خَیْرَ هٰذِهِ الْاُمَّةِ بَعْدَ نَبِیِّهَا صلی اللہ علیہ وسلم اَبُوْبَكْرٍ ثُمَّ عُمَرُ

''ઈમામ મુહમ્મદ બિન ફઝ્લ ફર્માવે છે : સુન્નીઓનો ઈજમાઅ છે કે આ ઉમ્મતમાં અફઝલ શખ્સ નબી علیہ الصلوٰۃ والسلام પછી અબૂબક્ર છે, પછી ઉમર.'' رضی اللہ عنہما *(બુસ્તાનુલ આરિફીન, પેજ : ૧૨૯)*

**૧૧. હાફિઝ ઈબ્ને શાહીન** رحمۃ اللہ علیہ **(વફાત : ૩૮૫ હિ.)નો અક઼ીદો:**

وَاَشْهَدُ اَنَّ اَفْضَلَ النَّاسِ بَعْدَ رَسُوْلِ اللّٰه صلی اللہ علیہ وسلم اَبُوْ بَكْرٍ وَ عُمَرُ وَ عُثْمَانُ وَ عَلِیٌّ

''હું ગવાહી આપુ છું : બેશક ! રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم બાદ લોકોમાં અફઝલ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ છે, પછી હઝરત ઉમર ફારૂકે આ'ઝમ છે, પછી હઝરત ઉષ્માને ગની છે, પછી હઝરત અલીયે મુર્તઝા છે. رضوان اللہ تعالیٰ علیہم اجمعین

*(શર્હે મઝાહિબે અહલે સુન્નહ, પેજ–૩૨૦)*

**૧૨. ઈમામ અબૂ નુઐમ અસ્બહાની** رحمۃ اللہ علیہ **(વફાત : ૪૩૦ હિ.)નો અક઼ીદો :-**

اَفْضَلُ النَّاسِ بَعْدَ الرَّسُوْلِ صلی اللہ علیہ وسلم وَاَوْلَاهُمْ بِالْاِمَامَةِ بَعْدَهٗ اَبُوْ بَكْرِنِ الصِّدِّیْقُ ثُمَّ عُمَرُ بْنُ الْخَطَّابِ

''રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પછી સૌથી અફઝલ અને સૌથી અધિક ઈમામતના પાત્ર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે, પછી હઝરત ઉમર ખત્તાબ رضی اللہ عنہ છે.'' *(અલ ઈમામતુ વર્રદ્દુ અલર્રાફિઝા, ૧/૨૦૬)*

**૧૩. અબુલ હસન અલી ઈબ્ને ઉષ્માન દાતાગંજ બખ્શ** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૪૬૪)નો અક઼ીદો:**

شیخ الاسلام وبعد از انبیاء بہترین انام ''અબૂબક્ર સિદ્દીક઼ શયખુલ ઈસ્લામ છે અને નબીઓ પછી ખુદાની સર્વ મખ્લૂક઼થી અફઝલ છે.'' *(કશ્ફુલ મહજૂબ : ફારસી, પેજ : ૮૩)*

**૧૪. ઈમામ ગિઝાલી** رحمۃ اللہ علیہ **(વફાત : હિ. ૫૦૫)નો અક઼ીદો :-**

وَاَنْ یَّعْتَقِدَ فَضْلَ الصَّحَابَةِ تَرْتِیْبَهُمْ وَاَنَّ اَفْضَلَ النَّاسِ بَعْدَ النَّبِیِّ اَبُوْبَكْرٍ ثُمَّ عُمَرُ ثُمَّ عُثْمَانُ ثُمَّ عَلِیٌّ

"સહાબાની ફઝીલત તથા ક્રમમાં અક઼ીદો એ હોય કે રસૂલુલ્લાહ ﷺના પછી લોકોમાં અફઝલ હઝરત અબૂબક્ર સિદ્દીક઼, પછી હઝરત ઉમર, પછી હઝરત અલી છે." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) *(ફ઼વાઈદુલ અક઼ાઈદ, પેજ–૩૦)*

**૧૫. ઈમામ ક઼ાઝી અબૂ યઅ્લા અલફરા رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૫૨૬)નો અક઼ીદો :–**

ثُمَّ الْاِیْمَانُ بِاَنَّ خَیْرَ الْخَلْقِ بَعْدَ رَسُوْلِ اللّٰهِ ﷺ اَبُوْ بَکْرٍ اَعْظَمُ مَنْزِلَۃً بَعْدَ النَّبِیّٖنَ وَ الْمُرْسَلِیْنَ اَحَقُّهُمْ بِخِلَافَۃِ رَسُوْلِ اللّٰهِ ﷺ اَبُوْ بَکْرِ ن الصِّدِّیْقِ رِضْوَانُ اللّٰهِ عَلَیْهِ. ثُمَّ بَعْدُ عَلٰی هٰذَا التَّرْتِیْبِ اَبُوْ حَفْصٍ عُمَرُ بْنُ الْخَطَّابِ رَضِیَ اللّٰهُ عَنْهُ ثُمَّ ذُو النُّوْرَیْنِ عُثْمَانُ بْنُ عَفَّانَ رَضِیَ اللّٰهُ عَنْهُ عَلٰی هٰذَا النَّعْتِ وَ الصِّفَۃِ اَبُو الْحَسَنِ عَلِیُّ بْنُ اَبِیْ طَالِبٍ رَضِیَ اللّٰهُ عَنْهُ۔

"પછી યક઼ીન રાખવું જોઈએ કે રસૂલુલ્લાહ ﷺના પછી મખ્લૂક઼માં બેહતરીન અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે. અને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ અંબિયા તથા મુરસલીન પછી અધિક અઝમતવાળા છે. અને રસૂલુલ્લાહ ﷺની ખિલાફતના સૌથી અધિક હક્ક઼દાર છે. એટલે કે પછી હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ, પછી હઝરત ઉષ્માન બિન અફ્ફાન رضی اللہ عنہ, પછી હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ છે." *(કિતાબુલ એઅ્તેક઼ાદ, પેજ–૪૨)*

**૧૬. અબૂ હફ્સ ઉમર બિન મુહમ્મદ નસફી હનફી માતુરીદી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૫૩૭)નો અક઼ીદો :–**

اَفْضَلُ الْبَشَرِ بَعْدَ نَبِیِّنَا اَبُوْ بَکْرِ الصِّدِّیْقُ، ثُمَّ عَمَرُ الْفَارُوْقُ، ثُمَّ عُثْمَانُ ذُو النُّوْرَیْنِ، ثُمَّ عَلِیُّ الْمُرْتَضٰی۔

"આપણા નબી علیہ الصلوٰۃ والسلامના પછી અફઝલુલ બશર હઝરત અબૂબક્ર સિદ્દીક઼, પછી હઝરત ઉમર ફારૂક઼, પછી હઝરત ઉ ષ્માન ઝુન્નૂરૈન, પછી હઝરત અલી મુર્તઝા رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે." *(અલ અક઼ાઈદ લિન્નસફી, પેજ–૨)*

**૧૭. શયખુલ ઈસ્લામ અદી બિન મુસાફિર હક્કારી رحمۃ اللہ علیہ (વફાત : ૫૫૭ હિ.)નો અક઼ીદો :–**

وَاَنَّ خَیْرَ هٰذِهِ الْاُمَّۃِ بَعْدَ نَبِیِّهَا عَلَیْهِ الصَّلٰوۃُ وَ السَّلَامُ اَبُوْ بَکْرِ ن الصِّدِّیْقُ، ثُمَّ عُمَرُ، ثُمَّ عُثْمَانُ، ثُمَّ عَلِیٌّ رَضِیَ اللّٰهُ عَنْهُمْ۔

"બેશક ! રસૂલુલ્લાહ ﷺના પછી આ ઉમ્મતના બેહતરીન હઝરત અબૂબક્ર સિદ્દીક઼ છે, પછી હઝરત ઉમર, પછી હઝરત ઉષ્માન, પછી હઝરત અલીયે મુર્તઝા છે." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

*(એઅ્તેક઼ાદુ અહલિ સુન્નતિ વલ્ જમાઅત, પેજ–૩૬)*

**૧૮. ગ઼ૌષે આ'ઝમ મહબૂબે સુબ્હાની رضی اللہ عنہ (વફાત : ૫૬૧ હિ.)નો અક઼ીદો :–**

اَفْضَلُ الْاَرْبَعَۃِ اَبُوْ بَکْرٍ ثُمَّ عَمَرُ ثُمَّ عُثْمَانُ ثُمَّ عَلِیٌّ "ચારેવ ખલીફાઓમાં સૌથી અફઝલ અબૂબક્ર છે. પછી ઉમર છે, પછી ઉષ્માન છે, પછી અલી છે." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) *(ગ઼ુન્યુત્તાલિબીન, ભાગ–૨, પેજ–૧૫૮)*

**૧૯. ઈમામ હાફિઝ અબુલ ક઼ાસિમ અલી ઈબ્ને અસાકિર رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૫૭૧)નો અક઼ીદો**

وَاَنْ یَّعْتَقِدَ فَضْلَ الصَّحَابَۃِ وَ تَرْتِیْبَهُمْ وَ اَفْضَلُ النَّاسِ بَعْدَ رَسُوْلِ اللّٰهِ ﷺ اَبُوْ بَکْرٍ ثُمَّ عُمَرُ ثُمَّ عُثْمَانُ ثُمَّ عَلِیٌّ رَضِیَ اللّٰهُ عَنْهُمْ۔

"સહાબાની ફઝીલત અને ક્રમમાં અક઼ીદો એ હોય કે રસૂલુલ્લાહ ﷺના બાદ લોકોમાં અફઝલ હઝરત અબૂબક્ર સિદ્દીક઼, પછી હઝરત ઉમર, પછી હઝરત ઉષ્માન, પછી હઝરત અલી છે." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

*(તબ્યીનુ કઝિ બિલ્મુફતરી, પેજ–૩૦૬)*

**૨૦. હાફિઝ અબ્દુલગની મક્દિસી (વફાત : હિ.સ. ૬૦૦)નો અક઼ીદો :**

وَنَعْتَقِدُ أَنَّ خَيْرَ هٰذِهِ الْاُمَّةِ وَ أَفْضَلَهَا بَعْدَ رَسُوْلِ اللّٰهِ ﷺ صَاحِبُهُ الْاَخَصُّ وَ اَخُوْهُ فِي الْإِسْلَامِ وَ رَفِيْقُهُ فِي الْحِجْرَةِ وَ الْغَارِ أَبُوْ بَكْرِ الصِّدِّيْقُ وَزِيْرُهُ فِيْ حَيَاتِهٖ وَ خَلِيْفَتُهُ بَعْدَ وَفَاتِهٖ عَبْدُ اللّٰهِ بْنُ عُثْمَانَ عَتِيْقُ بْنُ أَبِيْ قُحَافَةَ

"અને અમારો એ અક઼ીદો છે કે આ ઉમ્મતમાં રસૂલુલ્લાહ ﷺ પછી સૌથી બેહતરીન તથા અફઝલ અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે. જેઓ આપ علیہ الصلوٰۃ والسلام ના ખાસ સહાબી તથા દીનીભાઈ, હિજરતની સફર તથા ગારે ષૌરમાં આપ ﷺના (વિશ્વાસુ) સાથી, આપ ﷺની હયાતે મુબારકામાં આપ ﷺના વઝીર અને આપના વિસાલ મુબારક પછી આપ علیہ الصلوٰۃ والسلام ના ખલીફા છે. આપનું નામ મુબારક હઝરત અબ્દુલ્લાહ અતીક઼ બિન અબૂ ક઼ુહાફા ઉષ્માન અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે."

*(અક઼ીદતુલ હાફિઝ તક઼ીઉદ્દીન અબ્દુલ ગની બિન અબ્દુલ વાહિદ મક઼્દિસી, પેજ : ૯૯)*

**૨૧. શયખ અકબર મુહીયુદ્દીન મુહમ્મદ ઈબ્ને અરબી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૬૩૮)નો અક઼ીદો:**

وَمِنْهُمْ مَنْ يَّكُوْنَ ظَاهِرَ الْحُكْمِ وَ يَحُوْزُ الْخِلَافَةَ الظَّاهِرَةَ كَمَا حَازَ الْخِلَافَةَ الْبَاطِنَةَ كَاَبِيْ بَكْرٍ وَ عُمَرَ وَ عُثْمَانَ وَ عَلِيٍّ وَ الْحَسَنِ. الخ۔

"અને એમનામાંથી અમુક અવલિયા એવા હોય છે જેમની હુકૂમત જાહેર હોય છે, તેમને મક઼ામ તથા મર્તબાના લેહાઝથી જે રીતે બાતિની ખિલાફત હાંસલ થાય છે. એવી જ રીતે જાહેરી ખિલાફત પણ હાંસલ થાય છે, જેમ કે હઝરત અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન તથા અલી તથા હસન." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

*(ફુતૂહાતે મક્કિયા, ૨/૯, રસાઈલે ઈબ્ને આબિદીન, ૨/૨૬૫)*

**૨૨. ઈમામ નવવી رحمۃ اللہ علیہ (વફાત : ૬૭૬)નો અક઼ીદો :-**

اِتَّفَقَ اَهْلُ السُّنَّةِ عَلٰى اَنَّ اَفْضَلَهُمْ اَبُوْ بَكْرٍ ثُمَّ عَمَرٌ "અહલે સુન્નતની એકમતિ છે કે અફઝલ સહાબી અબૂબક્ર છે પછી ઉમર." *(શરહે સહીહ મુસ્લિમ, ૧૫/૧૪૮)*

**૨૩. હાફિઝ ઈબ્ને હજર અસ્ક઼લાની رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૮૫૨)નો અક઼ીદો :-**

وَأَنَّ الْإِجْمَاعَ انْعَقَدَ بِآخِرِهٖ بَيْنَ أَهْلِ السُّنَّةِ أَنَّ تَرْتِيْبَهُمْ فِي الْفَضْلِ كَتَرْتِيْبِهِمْ فِي الْخِلَافَةِ رَضِيَ اللّٰهُ عَنْهُمْ أَجْمَعِيْنَ

"અહલે સુન્નત વ જમાઅત દરમિયાન એ વાત પર ઈજમાઅ થઈ ચૂક્યો છે કે ખુલફાએ રાશિદીન رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની ફઝીલતમાં ક્રમ તેમની ખિલાફતના ક્રમની જેમ છે." *(ફત્હુલબારી, ૭/૩૪)*

**૨૪. અલ્લામા ઈબ્ને હુમામ رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૮૬૧)નો અક઼ીદો :**

بِاَنَّ اَبَابَكْرٍ اَفْضَلُ النَّاسِ "હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ સર્વ લોકોમાં (સહાબામાં) અફઝલ છે."

*(અલ્મુસામરહ, પેજ-૨૫૯)*

**૨૫. અલ્લામા ઈમામ જલાલુદ્દીન સિયૂતી શાફઈ رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૯૧૧)નો અક઼ીદો :-**

اَجْمَعَ اَهْلُ السُّنَّةِ اَنَّ اَفْضَلَ النَّاسِ بَعْدَ رَسُوْلِ اللّٰهِ ﷺ اَبُوْ بَكْرٍ، ثُمَّ عُمَرُ، ثُمَّ عُثْمَانُ، ثُمَّ عَلِيٌّ، ثُمَّ سَائِرُ الْعَشَرَةِ، ثُمَّ بَاقِيْ اَهْلِ بَدْرٍ، ثُمَّ بَاقِيْ اَهْلِ اُحُدٍ، ثُمَّ۔ بَاقِيْ اَهْلِ الْبَيْعَةِ ثُمَّ بَاقِي الصَّحَابَةِ۔

"અહલે સુન્નતનો એ વાત પર ઈજમાઅ છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના પછી સૈયદુના અબૂબક્ર સિદ્દીક રضی اللہ عنہ અફઝલુન્નાસ (લોકોમાં શ્રેષ્ઠ) છે, પછી હઝરત ઉમર, પછી હઝરત ઉષ્માન, પછી હઝરત અલી, પછી બાકીના અશ્રએ મુબશ્શિરા, પછી બાકીના બદરવાળાઓ, પછી બાકીના ઓહદવાળાઓ, પછી બાકીના બયઅતે રિદ્વાનવાળાઓ, પછી બાકીના સર્વ સહાબીઓ." *(તારીખુલ ખુલફા લિલ્ ઈમામમિ સુયૂતિ رحمۃ اللہ علیہ)*

**૨૬. અલ્લામા ઝયનુલ આબિદીન ઈબ્ને નજીમ હનફી رحمۃ اللہ علیہ (વફાત: હિ.સ. ૯૭૦)નો અકીદો:**

اَلرَّافِضِیُّ اِنْ فَضَّلَ عَلِیًّا عَلٰی غَیْرِہٖ فَھُوَ مُبْتَدِعٌ "રાફઝી જો હઝરત અલી رضی اللہ عنہ ને બીજાઓ (એટલે શયખૈન) પર ફઝીલત આપે તો તે બિદઅતી છે." *(અલ બહરુર્રાઈક, ૧/૬૧૧)*

**૨૭. અલ્લામા ઈબ્રાહીમ જલી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૯૭૦)નો અકીદો :-**

مَنْ فَضَّلَ عَلِیًّا فَحَسْبٌ فَھُوَ مِنَ الْمُبْتَدِعَۃِ "જે હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને (શયખૈન : અબૂબક્ર, ઉમર) કરતાં અફઝલ બતાવે છે, તે અહલે બિદઅતમાંથી છે." *(ગુન્યતુલ મુસ્તમ્લી, પેજ-૪૪૩)*

**૨૮. ઈમામ શહાબુદ્દીન ખફ્ફાજી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૦૬૯)નો અકીદો :-**

اَمَّا تَخْصِیْصُ اَبِیْ بَکْرٍ فَلِاَنَّہُ الصِّدِّیْقُ الْاَکْبَرُ الَّذِیْ سَبَقَ النَّاسَ کُلَّھُمْ لِتَصْدِیْقِہٖ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ وَلَمْ یَصْدُرْ مِنْہُ غَیْرُہٗ قَطُّ

"અબૂબક્રને ખાસ કરવું એટલા માટે કે એ સિદ્દીકે અકબર છે, જેમણે સર્વ લોકોમાં પહેલ કરી આપ علیہ الصلوٰۃ والسلام ને સમર્થન કરવામાં અને તેમનાથી સમર્થન સિવાય કાંઈ બહાર ન પડયું." *(નસીમુર્રિયાઝ, ૧/૧૪૨, મતબૂઆ દારુલ ફિક્ર)*

**૨૯. અલ્લામા અબ્દુર્રહમાન બિન મુહમ્મદ શયખઝાદા رحمۃ اللہ علیہ (વફાત : ૧૦૭૮ હિ.સ.)નો અકીદો:**

اَلرَّافِضِیُّ اِنْ فَضَّلَ عَلِیًّا فَھُوَ مُبْتَدِعٌ "રાફઝી જો મૌલા અલી رضی اللہ عنہ ને (શયખૈન કરીમૈન) પર ફઝીલત આપે તો તે બિદઅતી છે." *(મજમઉલ અન્હુર, ૧/૩, ૩૨૨, ૩૬૫)*

**30. ફખ્રુસ્સાદાત અલ્લામા સૈયદ ઈબ્ને આબિદીન શામી رحمۃ اللہ علیہ (વફાત : ૧૨૫૨)નો અકીદો :-**

اِذَا کَانَ یُفَضِّلُ عَلِیًّا اَوْ یَسُبُّ الصَّحَابَۃَ فَاِنَّہٗ مُبْتَدِعٌ لَا کَافِرٌ۔ "જયારે કોઈ હઝરત અલીને (હઝરત અબૂબક્ર પર) ફઝીલત આપે અથવા સહાબીઓને બુરા કહે તો બિદઅતી છે ન કે કાફિર." *(રદ્દુલ મુહતાર, ૬/૨૨૧)*

**3૧. અલ્લામા અબ્દુર્રઊફ મનાવી (વફાત : હિ.સ. ૧૦3૧)નો અકીદો:**

اَبُوْ بَکْرٍ عَبْدُ اللّٰہِ اَمِیْرُ الشَّاکِرِیْنَ، اَفْضَلُ مَنْ طَلَعَتْ عَلَیْہِ الشَّمْسُ بَعْدَ الْاَنْبِیَآءِ وِفَاقًا مِنْ اَھْلِ السُّنَّۃِ

"હઝરત અબૂબક્ર જેમનું નામ અબ્દુલ્લાહ છે તે સર્વ શુક્રગુઝાર બંદાઓના અમીર છે અને નબીઓ પછી માનવો પર સૂરજ ઉગ્યો (એટલે જે આ દુનિયામાં આવ્યા) તેમનામાંથી સૌથી અફઝલ છે. એના પર સર્વ એહલે સુન્નતનો ઈત્તેફાક છે." *(ફયઝુલ કદીર, ૧/૧૬૭)*

**3૨. હઝરત મુજદ્દિદ અલ્ફેષાની શૈયખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૦3૪)નો અકીદો:**

ફર્માવે છે: امیر را افضل از صدیق اکبر (رضی اللہ عنہ) گوید از جرگۂ اہل سنت می برآید "જે શખ્સ હઝરત અલી رضی اللہ عنہ ને સિદ્દીકે અકબરથી અફઝલ કહે **તે અહલે સુન્નતના ગિરોહથી નીકળી જાય છે.**" *(મક્તૂબાતે મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ, દફતર : દોમ)*

**૩૩. શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૧૧૩૧)નો અક઼ીદો :–**

افضلی شیخین در ملت اسلامیہ قطعی است "ઈસ્લામી મિલ્લતમાં અફઝલિયતે શયખૈનનો મસ્અલો ક઼તઈ છે." *(કુર્રતુલ અયનૈનિ ફી તફઝીલિશ્શયખૈન, પેજ–૨૬)*

**૩૪. મખ્દૂમ મુહમ્મદ હાશિમ ઠઠવી** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૧૧૭૪)નો અક઼ીદો :** اِنَّ الْحَقَّ اَنَّ مَسْئَلَۃَ الْاَفْضَلِیَّۃِ قَطْعِیَّۃٌ ثَابِتَۃٌ بِالتَّوَاتُرِ وَالْاِجْمَاعِ "હક્ક એ જ છે કે મસ્અલએ તફઝીલ (અફઝલિયતનો મસ્અલો) ક઼તઈ છે કે જે તવાતુર તથા ઈજમાઅથી સાબિત છે."

*(અત્તરીક઼તુલ મુહમ્મદિયા ફી હક઼ીક઼તિલ્ ક઼ત્ઈ બિલ્ફદ્દલિય્યહ, ક઼લમી, પેજ : ૮)*

**૩૫. ક઼ાઝી ષનાઉલ્લાહ પાનીપતી** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૧૨૨૫)નો અક઼ીદો :–**

باجماع صحابہ و نصوص ثابت است کہ ابو افضل اصحاب است "સહાબાએ કિરામની એકમતિ અને નુસૂસથી સાબિત છે કે હઝરત સૈયદુના સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ તમામ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી અફઝલ છે."

*(માલાબુદ્દ મિન્હૂ, કિતાબુલ્ ઈમાન, પેજ : ૧૫)*

**૩૬. શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ **(વફાત : હિ. ૧૨૩૯)નો અક઼ીદો :–**

"તોહફાએ ઈષ્ના અશરિયા"માં લખે છે : **"અબ્દુલ્લાહ ઈબ્ને સબા યહૂદીએ પોતાની ગુમરાહ જમાઅતને સૌ પ્રથમ આ જ અક઼ીદો શીખવ્યો કે હઝરત અલી** رضی اللہ عنہ **સિદ્દીક઼ે અકબર** رضی اللہ عنہ **થી અફઝલ છે."** *(તોહફએ ઈષ્ના અશરિયા, પેજ–૪૧)*

**૩૭. ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાં** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૧૩૪૦)નો અક઼ીદો:**

અહલે સુન્નત વ જમાઅત نَصَرَهُمُ اللّٰهُ تَعَالٰی નો ઈજમાઅ છે કે ફરિશ્તા રસૂલ તથા માનવ રસૂલ તથા નબીઓ صَلَوَاتُ اللّٰهِ تَعَالٰی وَتَسْلِيْمَاتُهٗ عَلَيْهِمْ ના પછી હઝરાત ખુલફાએ અરબા (ચારેવ ખલીફા) رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ ખુદાની સર્વ મખ્લૂક઼થી અફઝલ છે. શરૂથી અંત સુધી વિશ્વની સર્વ ઉમ્મતોમાં કોઈ શખ્સ તેમની બુઝુર્ગી તથા ઈજ્જત તથા મક઼ામ તથા ક઼બૂલ તથા કરામત તથા કુર્બ તથા વિલાયતને નથી પહોંચી શકતો. اِنَّ الْفَضْلَ بِيَدِ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ફઝ્લ અલ્લાહ તબારક વ તઆલાના હાથમાં છે જેને ચાહે અતા કરે, અને અલ્લાહ મહાન ફઝલવાળો છે.

પછી તેમનામાં આસપાસમાં ક્રમ આ પ્રમાણે છે કે સૌથી અફઝલ સિદ્દીક઼ે અકબર, પછી ફારૂક઼ે આ'ઝમ, પછી ઉષ્માન ગની, પછી મૌલા અલી صَلَّى اللّٰهُ تَعَالٰی عَلٰی سَيِّدِهِمْ وَآلِهٖ وَعَلَيْهِمْ وَبَارَكَ وَسَلَّمَ. વળી આ નેક ખાસિયતવાળા મઝહબ પર કુર્આની આયતો તથા ખૂબ જ પ્રમાણમાં હદીષો હુઝૂર નબી કરીમ عَلَيْهِ وَعَلٰی آلِهٖ وَصَحْبِهِ الصَّلٰوةُ وَالتَّسْلِيْمُ તથા અમીરુલ મો'મિનીન મૌલા અલીયે મુર્તઝા તથા અન્ય અહલે બયતના ઈમામોના મહાન ઈર્શાદો, તથા સહાબા તેમજ તાબઈનનો ઈજમાઅ તથા ઉમ્મતના અવલિયા તેમજ ઉલમા رَضِيَ اللّٰهُ تَعَالٰی عَنْهُمْ اَجْمَعِيْنَ ની સ્પષ્ટતાઓથી તે ઉઘાડી દલીલો છે જેને લખાણમાં સમાવી નથી શકાતુ.

*(ફતાવા રઝવિય્યહ, ૨૮/૪૭૮, રઝા ફાઉન્ડેશન–લાહોર)*

**૩૮. પીર સૈયદ મહેરઅલીશાહ ગોળડવી رحمۃ اللہ علیہ (વફાત : ૧૩૫૬)નો અક઼ીદો :–**

''જેથી ખિલાફત તેમની ખિલાફતે રાશિદા ઠરી જેમાં ખલીફાનું અફઝલ હોવું જરૂરી સમજવામાં આવ્યું છે.'' *(તસ્ફિયા મા બૈને સુન્ની વ શીઆ, પેજ–૨૩)*

**૩૯. સદરુશ્શરીઅહ અલ્લામા મુફ્તી અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہ (વફાત : હિ. ૧૩૬૭)નો અક઼ીદો :–**

''અંબિયા તથા રસૂલો બાદ મખ્લૂક઼ાતે ઈલાહી માનવી તથા જિન તથા ફરિશ્તા સર્વથી અફઝલ સિદ્દીકે઼ અકબર છે. પછી ઉમર ફારૂકે આ'ઝમ, પછી ઉષ્માન ગની, પછી મૌલા અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین. **જે શખ્સ મૌલા અલી کرم اللہ وجہہ الکریم ને સિદ્દીક઼ કે ફારૂક઼ رضی اللہ عنہما થી અફઝલ બતાવે તે 'ગુમરાહ બદ્‌મઝહબ' છે.''** *(બહારે શરીઅત, ૧/૨૪૬ થી ૨૪૬, મક્તબતુલ મદીના)*

**૪૦. હકીમુલ ઉમ્મત મુફ્તી અહમદ યારખાં નઈમી (વફાત : ૧૩૯૧ હિ.)નો અક઼ીદો :–**

''અહલે સુન્નતનો અક઼ીદો છે કે હઝરત સિદ્દીક઼ 'અફઝલુલ ખલ્કિ઼ બઅદલ અંબિયા' છે. તેમની અફઝલિયતે મુત્લક઼ા કુર્આનથી સાબિત છે.'' *(મિર્અતુલ મનાજીહ, ૮/૩૧૬)*

અલ્લાહના ફઝ્લો કરમથી કુર્આન તથા હદીષો તથા સહાબાના આષાર (કથનો) તથા બુઝુર્ગાને દીનના અક઼વાલની રોશનીમાં એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે **અંબિયા તથા માનવ રસૂલો તથા રસૂલ ફરિશ્તા علیہم السلام અને ખાતમુન્નબીય્યીન સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના પછી મખ્લૂકે઼ ખુદા ઈન્સાન, જિન્નાત તથા ફરિશ્તાઓમાં સૌથી અફઝલ સૈયદના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે.** આ જ અહલે સુન્નત વ જમાઅતનો અક઼ીદો છે. **આ અક઼ીદાનો મુન્કિર 'ગુમરાહ બદ્‌મઝહબ રાફઝી' છે અને અહલે સુન્નતથી ખારિજ છે.**

રસૂલે અકરમ ﷺના **સર્વ સહાબીઓ તથા અહલે બયત** અઝમત તથા શાનવાળા છે. એમનામાંથી અમુકને એવી જુઝઈ ફઝીલતો હાંસલ છે જે એમની જ સાથે ખાસ છે, કોઈ અન્યને તે હાંસલ નથી, કેમ કે જો તે અન્યને પણ હાંસલ થાય તો વિશિષ્ટતા ન રહેશે.

સેંકડો ખાસિયતો એવી છે જે મૌલા અલી کرم اللہ وجہہ الکریم ને મળી, તે ખૂબીઓ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ, હઝરત ઉમર رضی اللہ عنہને ન મળી. અને અમુક ખાસિયતો એવી છે જે ઉમર ફારૂક઼ رضی اللہ عنہને મળી, અન્ય કોઈ સહાબીને નથી મળી. એ જ પ્રમાણે જે જુઝઈ ફઝીલત સૈયદના ઉષ્માન ગની رضی اللہ عنہને જે મળી તે કોઈ અન્યને ન મળી.

આ સર્વ ફઝાઈલ જુઝઈય્યહ (આંશિક) છે, પણ ફઝલે મુત્લક઼ કુલ્લી જે જાતને મળ્યા તે સૈયદના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની મુબારક જાત છે કે કોઈ અપવાદ વિના કોઈ પ્રકારની શર્ત વિના સેંકડો સ્પષ્ટતાઓ તેમની તફઝીલ (અફઝલિયત) પર મૌજૂદ છે. *(બહવાલા : અફઝલિયતે સિદ્દીકે઼ અકબર, અઝ : મુફ્તી મુનીબુર્રહમાન)*

*સાયએ મુસ્તફા માયએ ઈસ્તફા–ઈઝ્ઝો નાઝે ખિલાફત પે લાખોં સલામ*
*યા'ની ઉસ અફઝલુલ ખલ્ક઼ બઅ્દર્રુસુલ–ષાનીયે અષ્નૈને હિજરત પે લાખોં સલામ*

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ અનઆમની તફસીર

શેની પ્રતિક્ષામાં છે ?[૧૦૬] પણ એ કે તેમની પાસે ફરિશ્તાઓ આવે,[૧૦૭] અથવા તમારા રબનો અઝાબ, અથવા તમારા રબની એક નિશાની આવે.[૧૦૮] જે દિવસે તમારા રબની તે એક નિશાની આવશે, (ત્યારે) કોઈ જીવને ઈમાન લાવવું કામ નહી લાગે જે પહેલાં ઈમાન ન લાવ્યો હતો, અથવા પોતાના ઈમાનમાં કોઈ ભલાઈ ન કમાયો હતો.[૧૦૯] તમે કહો, રાહ જુઓ,[૧૧૦] અમે પણ જોઈએ છીએ. (૧૫૮) તેઓ જેમણે પોતાના ધર્મમાં જુદા જુદા માર્ગો કાઢયા, અને ઘણા જુથો થઈ ગયા.[૧૧૧] હે મેહબૂબ ! તમને તેમનાથી કશી લેવા દેવા નથી. તેમનો મામલો અલ્લાહના જ હવાલે છે. પછી તે તેમને બતાવી દેશે જે તેઓ કરતા હતા.[૧૧૨] (૧૫૯) જે એક નેકી લાવે તો તેના માટે તેના જેવી દસ છે [૧૧૩] અને જે બુરાઈ લાવે તો તેને બદલો નહી મળે પણ તેના જેટલો જ અને તેમના પર જુલ્મ નહીં થાય (૧૬૦) તમે કહો, ''બેશક ! મને મારા રબે સીધો માર્ગ દેખાડયો'' બરાબર ઈબ્રાહીમના ધર્મનો રાહ, જેઓ દરેક અસત્યથી વેગળા હતા અને મુશ્રિક ન હતા.[૧૧૫] (૧૬૧) તમે કહો, ''બેશક ! મારી નમાઝ અને મારી કુર્બાનીઓ અને મારું જીવવું

આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

هَلْ یَنْظُرُوْنَ اِلَّاۤ اَنْ تَاْتِیَهُمُ الْمَلٰٓىِٕكَةُ اَوْ یَاْتِیَ رَبُّكَ اَوْ یَاْتِیَ
بَعْضُ اٰیٰتِ رَبِّكَ ؕ یَوْمَ یَاْتِیْ بَعْضُ اٰیٰتِ رَبِّكَ لَا یَنْفَعُ نَفْسًا
اِیْمَانُهَا لَمْ تَكُنْ اٰمَنَتْ مِنْ قَبْلُ اَوْ كَسَبَتْ فِیْۤ اِیْمَانِهَا
خَیْرًا ؕ قُلِ انْتَظِرُوْۤا اِنَّا مُنْتَظِرُوْنَ ﴿۱۵۸﴾ اِنَّ الَّذِیْنَ فَرَّقُوْا
دِیْنَهُمْ وَ كَانُوْا شِیَعًا لَّسْتَ مِنْهُمْ فِیْ شَیْءٍ ؕ اِنَّمَاۤ اَمْرُهُمْ
اِلَى اللّٰهِ ثُمَّ یُنَبِّئُهُمْ بِمَا كَانُوْا یَفْعَلُوْنَ ﴿۱۵۹﴾ مَنْ جَآءَ
بِالْحَسَنَةِ فَلَهٗ عَشْرُ اَمْثَالِهَا ۚ وَ مَنْ جَآءَ بِالسَّیِّئَةِ فَلَا
یُجْزٰۤى اِلَّا مِثْلَهَا وَ هُمْ لَا یُظْلَمُوْنَ ﴿۱۶۰﴾ قُلْ اِنَّنِیْ هَدٰىنِیْ رَبِّیْۤ
اِلٰى صِرَاطٍ مُّسْتَقِیْمٍ ۚ دِیْنًا قِیَمًا مِّلَّةَ اِبْرٰهِیْمَ حَنِیْفًا ۚ وَ مَا
كَانَ مِنَ الْمُشْرِكِیْنَ ﴿۱۶۱﴾ قُلْ اِنَّ صَلَاتِیْ وَ نُسُكِیْ وَ مَحْیَایَ وَ
مَمَاتِیْ لِلّٰهِ رَبِّ الْعٰلَمِیْنَ ﴿۱۶۲﴾ لَا شَرِیْكَ لَهٗ ۚ وَ بِذٰلِكَ اُمِرْتُ وَ
اَنَا اَوَّلُ الْمُسْلِمِیْنَ ﴿۱۶۳﴾ قُلْ اَغَیْرَ اللّٰهِ اَبْغِیْ رَبًّا وَّ هُوَ رَبُّ كُلِّ
شَیْءٍ ؕ وَ لَا تَكْسِبُ كُلُّ نَفْسٍ اِلَّا عَلَیْهَا ۚ وَ لَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ
اُخْرٰى ۚ ثُمَّ اِلٰى رَبِّكُمْ مَّرْجِعُكُمْ فَیُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ فِیْهِ
تَخْتَلِفُوْنَ ﴿۱۶۴﴾ وَ هُوَ الَّذِیْ جَعَلَكُمْ خَلٰٓىِٕفَ الْاَرْضِ وَ رَفَعَ
بَعْضَكُمْ فَوْقَ بَعْضٍ دَرَجٰتٍ لِّیَبْلُوَكُمْ فِیْ مَاۤ اٰتٰىكُمْ ؕ اِنَّ
رَبَّكَ سَرِیْعُ الْعِقَابِ ۖ٘ وَ اِنَّهٗ لَغَفُوْرٌ رَّحِیْمٌ ﴿۱۶۵﴾

અને મરવું, બધું અલ્લાહ માટે જ છે, જે બધાય જગતનો પાલનહાર (છે) (૧૬૨) તેનો કોઈ ભાગીદાર નથી, મને એવો જ આદેશ અપાયો છે, અને હું સર્વ પ્રથમ મુસલમાન છું"[૧૧૬] (૧૬૩) તમે કહો, "શું અલ્લાહ સિવાય બીજો રબ ઈચ્છું ? અને પરિસ્થિતિ એ છે કે તે દરેક વસ્તુનો પરવરદિગાર છે."[૧૧૭] અને જે કોઈ કાંઈ કમાય તે તેની જ જવાબદારી પર છે અને કોઈ ભાર ઊંચકનાર જીવ બીજાનો ભાર નહી ઉંચકે.[૧૧૮] પછી તમારે પોતાના પરવરદિગાર તરફ ફરવાનું છે.[૧૧૯] તે તમને દેખાડશે (તે) જેમાં તમે મતભેદ રાખતા હતા (૧૬૪) અને તે જ છે જેને ધરતીમાં તમને નાયબ બનાવ્યા,[૧૨૦] અને તમારામાં એકને બીજા પર કાંઈ કેટલાયે દરજ્જા (ની) બુલંદી આપી,[૧૨૧] કે (જેનાથી) તમને અજમાવે[૧૨૨] તે વસ્તુમાં જે તમને આપી. બેશક ! તમારા રબને અઝાબ કરતાં વાર નથી લાગતી. અને બેશક ! તે અવશ્ય માફ કરનાર માયાળુ છે (૧૬૫).

## :: સમજૂતી ::

**૧૦૫ :** અર્થાત આ કુર્આન મજીદ જેમાં સ્પષ્ટ દલીલ, ચોખ્ખું બયાન તેમજ હિદાયત અને રહમત છે.

**૧૦૬ :** જ્યારે અલ્લાહના એક હોવા બાબત અને રસૂલના સત્ય હોવા પર ઝબરદસ્ત દલીલો રજૂ થઈ ચૂકી, અને કુફ્ર તથા ગુમરાહીની અસત્યતા જાહેર કરી દેવામાં આવી, તો પછી હવે ઈમાન લાવવામાં શેની પાછી પાની છે ? શેનો ઈન્તેઝાર છે ?

**૧૦૭ :** તેમના જીવ કાઢવા માટે.

**૧૦૮ :** કયામતની નિશાનીઓમાંથી. મોટા ભાગના તફસીરકારો મુજબ તે નિશાની સૂર્યનું પશ્ચિમમાંથી ઉગવું છે. તિર્મિઝીની હદીષમાં પણ એવું જ વર્ણવાયું છે. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે જ્યાં સુધી સૂર્ય પશ્ચિમમાંથી નહીં ઉગે ત્યાં સુધી કયામત નહીં આવે, અને જ્યારે તે પશ્ચિમમાંથી ઉદય પામશે, અને લોકો તેને દેખશે ત્યારે બધા જ ઈમાન લાવશે, પણ એ ઈમાન ફાયદો નહીં કરે.

**૧૦૯ :** એટલે કે હુકમને માન ન આપ્યું હતું. મતલબ એ છે કે નિશાની આવતાં પહેલાં જેઓ ઈમાન ન લાવ્યા, નિશાની પછી તેમનું ઈમાન સ્વીકારાશે નહીં. એવી જ રીતે જે નિશાની પહેલાં તવબહ ન કરે, નિશાની આવ્યા પછી તેની તવબહ કબૂલ નથી. પરંતુ જે ઈમાનદાર લોકા પહેલાંથી જ સારાં કામો કરતા હશે, તેમના અમલ નિશાની પછી પણ સ્વીકારવામાં આવશે.

**૧૧૦ :** તેમાંથી ગમે તે એકની એટલે કે મોતના ફરિશ્તાઓના આગમનની, અથવા અઝાબ કે નિશાની આવવાની.

**૧૧૧ :** યહૂદીઓ અને ખ્રિસ્તીઓની જેમ હદીષ શરીફમાં છે કે, યહૂદીઓ ૭૧ જુથોમાં વહેંચાય ગયા, તેમાંથી ફક્ત એક જ નજાત પામનાર છે, બીજા બધા દોઝખી. અને ખ્રિસ્તીઓ ૭૨ ફિર્કાઓમાં વહેંચાઈ ગયા, તેમાંથી માત્ર એક જ નજાત મેળવનાર છે. બાકી બધા જહન્નમી. અને મારી ઉમ્મત ૭૩ ફાંટાઓમાં વહેંચાઈ જશે, તે બધા જ દોઝખી હશે, સિવાય કે એ ફિર્કો જે સવાદે આ'ઝમ અર્થાત મોટી જમાઅત છે. અને એક રિવાયતમાં છે કે જે મારા અને મારા અસ્હાબોની રાહ પર છે.

**૧૧૨ :** અને આખેરતમાં તેમને પોતાના કાર્યોનું પરિણામ જણાઈ જશે.

**૧૧૩ :** એટલે કે એક નેકી કરનારને દસ નેકીઓનો બદલો. અને એ પણ અંત અને છેડો નથી, બલ્કે અલ્લાહ જેના માટે ઈચ્છે તેના માટે તેની નેકીઓને ઓર પણ વધારે. એકની સાતસો કરે અથવા

અગણિત આપે. અસલ વસ્તુ એ છે કે નેકીઓનો સવાબ માત્ર કૃપા છે. અહલે સુન્નતનો એ જ મઝહબ છે, અને બુરાઈનો બદલો તેના પ્રમાણમાં જ એ ન્યાય છે.

**૧૧૪** : એટલે કે ઈસ્લામ ધર્મ જે અલ્લાહને સ્વીકાર્ય છે.

**૧૧૫** : આમાં કુરૈશી કાફિરોને રદીયો અપાયો છે, જેમનું ગુમાન હતું કે તેઓ ઈબ્રાહીમી ધર્મ પર છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે હઝરત ઈબ્રાહીમ મુશ્રિક અને મૂર્તિપૂજક ન હતા. માટે મૂર્તિપૂજા કરનાર મુશ્રિકોનો એ દાવો કે તેઓ ઈબ્રાહીમી મિલ્લત પર છે, ખોટો છે.

**૧૧૬** : પ્રાથમિકતા અથવા તો એ છે કે નબીઓનું ઈમાન ઉમ્મતીઓ કરતાં પ્રથમ હોય છે. અથવા એ રીતે કે હુઝૂર ﷺ મખ્લૂકાતમાં સર્વ પ્રથમ છે, તો અવશ્ય સર્વ પ્રથમ મુસ્લિમ પણ થયા.

**૧૧૭, શાને નુઝૂલ** : કાફિરોએ નબી ﷺને કહ્યું હતું કે, તમે અમારા ધર્મ પ્રતિ પલ્ટી આવો, અને અમારા મઅબૂદોની ઈબાદત કરો.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કહે છે કે, વલીદ બિન મુગીરાએ કહ્યું હતું કે, "મારો રસ્તો પકડી લો, જો એમાં કોઈ ગુનાહ હશે તો મારા માથે." તે બાબત આ આયતે કરીમા ઉતરી. અને બતાડવામાં આવ્યું કે તે રસ્તો ખોટો છે. અલ્લાહને ઓળખનાર કેવી રીતે ચલાવી શકે કે અલ્લાહ સિવાય અન્યને રબ બનાવે ? અને એ પણ ખોટું છે કે કોઈનો ગુનોહ બીજો ઉઠાવે.

**૧૧૮** : દરેક વ્યક્તિ પોતાના ગુનાહસર પકડવામાં આવશે, બીજાના ગુનાહસર નહીં.

**૧૧૯** : કયામતના દિવસે.

**૧૨૦** : કારણ કે હુઝૂર ﷺ અંતિમ નબી છે, આપના પછી કોઈ નબી નથી, અને આપની ઉમ્મત અંતિમ ઉમ્મત છે. માટે તેમને પૃથ્વીમાં આગલાઓના નાયબ બનાવ્યા, કે એના માલિક બને અને વપરાશમાં લાવે.

**૧૨૧** : શકલો–સૂરતમાં, રૂપ અને ખૂબસૂરતીમાં, રોજી અને માલમાં, ઈલ્મ અને અક્કલમાં, શક્તિ અને કમાલમાં.

**૧૨૨** : એટલે કે કસોટીમાં નાખે કે તમે નેઅમત, મોભો અને ધન પામીને કેવા આભાર માનનારા બનો છો ? અને અંદરો અંદર એકબીજાના સાથે કેવો વર્તાવ કરો છો ?


**કાનૂને શરીઅત**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**:: અનુવાદક ::**

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદિયો : એક સેટના રૂા. ૨૫૦/–**

પ્રકાશક **સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**
મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ.
મો. ૯૪૨૭૪૬૪૪૧૧

જેમાં અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદ્દન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

:: Bank of Baroda ::
A/c.No.**34620100000303**
Razvi Kitab Ghar, IFSC:BARB0DAYADR

Phonepay/G.pay
Paytm
Mo. 9427464411

WhatsApp No.
Mo.9664521477

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, **મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*"હઝરત ઉક્બા ઈબ્ને આમિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મને રસૂલુલ્લાહ ﷺ એ હુકમ આપ્યો કે દરેક નમાઝ પછી અઊઝુવાળી સૂરતો પઢી લીધા કરો[1]." (અહમદ, અબૂ દાઊદ, નિસાઈ, બયહકી, દઅવાતે કબીર)*

**૧.** જાહેર એ છે કે અઊઝુવાળી સૂરતોથી મુરાદ قُلْ اَعُوْذُ بِرَبِّ الْفَلَقِ તથા قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ છે કે એમાં અઊઝુ સ્પષ્ટપણે વર્ણન થયેલ છે. અમુકે ફર્માવ્યું કે قُلْ يٰۤاَيُّهَا الْكٰفِرُوْنَ તથા قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ પણ એમાં સામેલ છે કે ભલે એ બંનેવમાં સ્પષ્ટપણે اَعُوْذُ મૌજૂદ નથી, પણ હેતુ ત્યાં પણ રબની પનાહ માગવાનો છે. એના પર મોટાભાગના સૂફીઓનો અમલ છે કે દરેક નમાઝ બાદ એ ચારવે કુલ પઢે છે. દરેક નમાઝથી મુરાદ ફર્ઝ નમાઝ છે, જો જનાઝાની નમાઝ બાદ એ ચાર સૂરતો પઢીને મૈયતને બખ્શવામાં આવે તો પણ બેહતર છે.

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મારું એ લોકો સાથે બેસવું જેઓ ફજરની નમાઝથી સૂરજ નીકળતા સુધી અલ્લાહનું ઝિક્ર કરે છે મને એના કરતાં અધિક પ્યારુ છે કે ઈસ્માઈલની ઔલાદના ચાર ગુલામ આઝાદ કરું[1] અને મારું એ કૌમની સાથે બેસવું જે અસ્રની નમાઝથી સૂરજ ડૂબતા સુધી અલ્લાહનો ઝિક્ર કરે, મને એનાથી અધિક પસંદ છે કે ચાર ગુલામ આઝાદ કરી દઉં[2]." (અબૂ દાઊદ)*

**૧.** કેમ કે આ બેસવામાં ચાર ઈબાદતો છે : સારાઓની સોહબત, અલ્લાહનો ઝિક્ર, મસ્જિદની હાજરી અને નમાઝે ઈશ્રાક્નો ઈંતેઝાર. એમાંથી દરેક ઈબાદત એક ગુલામ આઝાદ કરવાથી અફઝલ છે, એટલા માટે ચાર ગુલામોનો ઉલ્લેખ કર્યો. તેમજ ઈસ્માઈલ علیہ السلام ની ઔલાદ અન્ય લોકો કરતાં અફઝલ છે. એટલા માટે એમના ચાર ગુલામ આઝાદ કરવા બીજાના ગુલામ આઝાદ કરવાથી અફઝલ છે. આ હદીષથી જાણવા મળ્યું કે ઈશ્રાક્ની નમાઝ સુધી મસ્જિદમાં રોકાવું અને નેક લોકો સાથે બેસવું અને અલ્લાહનો ઝિક્ર કરવું ખૂબ જ બેહતર છે. અલ્લાહના ઝિક્રમાં દુઆ, તિલાવતે કુર્આન, ઈલ્મે દીન તથા સાલેહીનનો ઝિક્ર સૌ સામેલ છે. (મિર્કાત) મોટા ભાગના લોકો એમાં કુર્આનની તિલાવત કરે છે, તેનો માખઝ આ જ હદીષ છે. અમુક ફકીહોએ સૂરજ તુલૂઅ થતી વખતે (ઉગે ત્યારે) તિલાવતને ગૈર મુસ્તહબ કહ્યું. એનું કારણ એ છે કે એ વખતે સજદો નથી થઈ શકતો અને ક્યારેક તિલાવત દરમિયાન સજદાની આયત પણ આવી જાય છે.

**૨.** અમુક સૂફીઓ અસરથી મગરિબ સુધી મસ્જિદોમાં મુરાકિબા કરે છે, કોઈની સાથે વાત નથી કરતા. તેમની દલીલ આ જ હદીષ છે. એનાથી જાણવા મળી રહ્યું છે કે ફજર બાદ મસ્જિદમાં બેસવું આ બેસવા કરતાં અફઝલ છે કેમ કે ત્યાં ચાર ઈસ્માઈલી ગુલામોનો ઉલ્લેખ છે અહીં મુત્લક્ન (કોઈપણ) ચાર ફર્માવ્યું. યાદ રાખશો કે હનફીઓની નજીક અરબ ગુલામ નથી બનાવી શકાતા જેથી ઔલાદે ઈસ્માઈલથી મુરાદ ગૈર અરબ મુરાદ થશે અથવા આ હુકમ વ્યક્તિગત છે. *(અઝ : મિર્કાત)*

*"તેમનાથી જ રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે ફજર જમાઅતથી પઢે પછી સૂરજ નીકળતા સુધી[1] બેસીને અલ્લાહનો ઝિક્ર કરે[2] પછી બે રકાતો પઢે તો* ***તેને હજ્જ તથા ઉમરાનો સવાબ મળશે[3].*** *ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, પૂરાનો, પૂરે પૂરાનો." (તિર્મિઝી)*

**૧.** સૂરજ નીકળવાથી મુરાદ સૂરજ ઊંચે ચઢવો એટલે કે ચમકવાના બે મિનિટ બાદ. કેમ કે ચમકતી વખતે નમાઝ મના છે. અને બેસવાથી મુરાદ મસ્જિદમાં રહેવું છે જેથી એ વખતે તવાફ કે વઅઝ કે તલબે ઈલ્મના માટે મસ્જિદના કોઈ ખૂણામાં જતુ રહેવું નુકસાનકર્તા નથી, બલ્કે મિર્કાતે ફર્માવ્યું કે જે ફજરના પછી પોતાના ઘરે આવી જાય પણ અલ્લાહના ઝિક્રમાં મશગૂલ રહે પછી બે નફલ પઢે તે પણ આમાં સામેલ છે. હજ્જ ફર્ઝ છે, ઉમરા સુન્નત છે, એવી જ રીતે ફજરની નમાઝ ફર્ઝ તથા રકાતો સુન્નત. એટલા માટે એ બંનેને જમા કરવામાં હજ્જ તથા ઉમરાનો સવાબ છે. જાહેર એ છે કે એ નફ્લોથી મુરાદ ઈશ્રાક઼ના નફ્લ છે જેનો સમય તુલૂએ આફતાબ (સૂર્યોદય)થી શરૂ થઈ જાય છે. ચાશ્તની નમાઝનો સમય શરૂ એ જ વખતે થાય છે પણ ખત્મ નિસ્ફુન્નહાર પર થાય છે.

**૩.** એટલે કે કામિલ હજ્જ તથા ઉમરાનો સવાબ મળશે. જે ફર્ઝો, વાજિબો, સુન્નતો તથા મુસ્તહબોની સાથે અદા કરવામાં આવે. યાદ રાખશો કે હજ્જ તથા ઉમરાનો સવાબ મળવું અલગ છે અને તેનું અદા થવું અલગ છે. જેથી એનો મતલબ એ નથી કે મુસલમાન હજ્જ છોડી દે અને કેવળ ઈશ્રાક઼ પઢ્યા કરે.

## (વિભાગ : 3) الفصل الثالث

*'હઝરત અરઝક઼ ઈબ્ને કૈસ رضي الله عنهથી[1] રિવાયત છે. ફર્માવે છે કે અમને અમારા ઈમામે નમાઝ પઢાવી જેની કુન્નિયત અબૂ રમ્પા હતી. તેમણે ફર્માવ્યું કે મેં આ જ નમાઝ અથવા એની જેવી કોઈ અન્ય નમાઝ રસૂલુલ્લાહ ﷺની સાથે પઢી[2]. ફર્માવ્યું કે હઝરત અબૂબક્ર તથા ઉમર આગલી સફમાં હુઝૂર ﷺની જમણી બાજુ ઉભા રહેતા હતા[3]. અને એક શખ્સ નમાઝની પહેલી તકબીરમાં હાજર થયો હતો. નબી ﷺએ નમાઝ પઢીને જમણે ડાબે સલામ ફેરવી ત્યાં સુધી કે અમે આપના ગાલોની સફેદી જોઈ લીધી[4]. પછી અબૂ રમ્પા એટલે મારી તરફ ફર્યા[5]. તો જેણે નમાઝની પ્રથમ તકબીર પામી હતી તે નફ્લ પઢવા ઉભો થઈ ગયો[6]. તો હઝરત ઉમર જલ્દી ઉઠયા અને તેના ખભા પકડીને હલાવ્યા પછી ફર્માવ્યું, બેસી જા![7] કેમ કે અહલે કિતાબ કેવળ એટલા માટે હલાક થયા કે તેમની નમાઝોના દરમિયાન અંતર ન હતું[8]. નબી ﷺએ નિગાહ ઉઠાવીને ફર્માવ્યું કે હે ખત્તાબના પુત્ર! અલ્લાહ તમને મુસીબ (સહીહ કહેનાર) રાખે[9]." (અબૂ દાઊદ)*

**૧.** આપ તાબઈ છે. હારિષ છે. બસરામાં પેદા થયા. કૂફા વસવાટ રહ્યો. આલિમે બાઅમલ હતા. હિ.સ. ૧૨૧માં વફાત પામ્યા.

**૨.** અબૂ રમ્પા સહાબી છે. તેમણે તાબઈનને ઝોહર કે અસ્રની નમાઝ પઢાવીને એવું ફર્માવ્યું કે અમે એકવાર આ જ નમાઝ અથવા બીજી કોઈ અન્ય નમાઝ હુઝૂર ﷺની પાછળ પઢી હતી ત્યારે આ બનાવ ઉપસ્થિત થયો.

**૩.** કેમ કે હુઝૂર ﷺની પાછળ અફઝલ સહાબા ઉભા રહ્યા કરતા હતા જેથી જરૂરતના સમયે એ નમાઝીઓમાં હુઝૂર ﷺ તેમને ઈમામ બનાવીને ખુદ વુઝૂના માટે જઈ શકે. એનાથી જાણવા મળ્યું કે પહેલી સફનો જમણો હિસ્સો બાકી જગાઓ કરતાં અફઝલ છે.

**૪.** એટલે કે જમણી તરફવાળાઓએ જમણા ગાલની સફેદી જોયી અને ડાબી બાજુવાળાઓએ ડાબા ગાલની.

''રઅય્ના'' બહુવચન ફર્માવ્યું, તકબીરે ઉલાથી મુરાદ તકબીરે તહરીમા છે. અને પામવાની રીત એ છે કે ઈમામના કિ઼રાઅત શરૂ કરતાં પહેલાં મુકતદી સુબ્હાનથી ફારિગ થઈ જાય. એના બારામાં કેટલાક અન્ય પણ કથનો છે.

**૫.** એટલે કે સલામ બાદ દુઆ માગવા માટે જમણી બાજુ મોં કરીને બેઠા જેવી રીતે હું બેઠો છું.

**૬.** એટલે કે તે શખ્સ મસ્બૂક઼ ન હતો કે જેથી ફર્ઝની બાકીની રકાતો પૂરી કરીને ઉભો થતો, બલ્કે મુદરક હતો જે બાદવાળી સુન્નતો પઢવા માટે દુઆ માગ્યા વિના ઉભો થયો.

**૭.** એટલે કે બેસીને હુઝૂર ﷺની સાથે દુઆ માગ. જ્યારે સરકાર ﷺ અને સર્વ મુસલમાન દુઆથી ઉઠે તો તું પણ ઉઠ. નમાઝથી ફારિગ થવામાં અને મસ્જિદથી નીકળવામાં જલ્દી ન કર. એ પરથી જાણવા મળ્યું કે જે નમાઝો બાદ સુન્નતો છે તેમાં પણ ફર્ઝો બાદ દુઆ માગવામાં આવે, ભલે ટૂંકી જ હોય.

**૮.** એટલે કે એને હુકમ આપવામાં આવ્યો હતો કે ફર્ઝો તથા નફ્લોની વચ્ચે દુઆનું પણ અંતર કરે, અને જો બની શકે તો જગાનું પણ. પણ તેણે અમલ ન કર્યો. ફર્ઝ તથા નફ્લ મિલાવીને પઢયા જેનાથી એમાં દિલ સખ્ત થઈ ગયાં અને હજારો ગુનાહ કરી બેઠા. (મિર્કા઼ત) યાદ રાખશો કે لَنْ يَّهْلِكَ ભાવિની નફી (નકાર) છે પણ અહીં ભૂતકાળની નફી ઈસ્તમરારના માટે વપરાયુ. જેમ કે اَللّٰهُ يَجْتَبِيْ مِنَ الْمَلٰٓئِكَةِ رُسُلًا وَّمِنَ النَّاسِમાં يَجْتَبِيْ મદારેઅ છે પણ અહીં ભૂતકાળ ના ક઼ાયમ થવા માટે આવ્યું. એનાથી જાણવા મળે છે કે અહલે કિતાબ પર નમાઝો ફર્ઝ હતી અને એ નમાઝોમાં કેટલીક ફર્ઝ કેટલીક નફ્લ હતી.

**૯.** એટલે કે જેવી રીતે તમે આ મસ્અલો સહીહ વર્ણન કર્યો એવી જ રીતે હમેશાં દરેક કામમાં દુરુસ્તી પર રહો. જાણવા મળ્યું કે હુઝૂર ﷺ ખુશ થયા અને આપની દુઆ ફારૂકે આ'ઝમને એવી લાગી કે આપ હમેશાં રાજનૈતિક તથા ધાર્મિક બાબતોમાં હક઼્ક઼ પર જ રહ્યા. બાતિલ એમની નજીક પણ ન આવ્યું.

*''હઝરત ઝયદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہથી[1] રિવાયત છે. ફર્માવે છે, અમને હુકમ આપવામાં આવ્યો કે દરેક નમાઝ પછી ૩૩ વાર તસ્બીહ પઢો, ૩૩ વાર હમ્દ અને ૩૪ વાર તકબીર. પછી એક અન્સારીને ખ્વાબમાં કોઈ આવનાર આવ્યો અને આપને કહ્યું, શું તમને રસૂલુલ્લાહ ﷺએ એ હુકમ આપ્યો કે દરેક નમાઝ બાદ આટલી આટલી તસ્બીહ પઢો ? અન્સારીએ ખ્વાબમાં જ કહ્યું, હા ! તેણે કહ્યું, એને ૨૫–૨૫ વાર કરી લો અને એમાં તહલીલ પણ કરી લો[2]. જ્યારે સવાર થઈ તો એઓ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા. તેમને ખબર આપી તો નબી ﷺએ ફર્માવ્યું કે એવું પણ કરો[3].'' (અહમદ, નિસાઈ, દારમી)*

**૧.** આપ મશહૂર સહાબી છે. કાતિબે વહી (લખનાર) છે. ઈલ્મે ફરાઈઝના ઈમામ છે. સિદ્દીકી઼ યુગમાં કુર્આન જમા કરવાવાળાઓમાં આપ પણ હતા અને ઉષ્માની યુગમાં કુર્આનને મુસ્હફોમાં નકલ કરનારાઓમાં પણ આપ હતા.

**૨.** આ ઈલ્હામી ખ્વાબ હતો. રબના તરફથી ફરિશ્તાના ઝરીઆ સહાબીને તા'લીમ આપવામાં આવી. મતલબ એ છે કે એ ત્રણેવ કલમાને ૨૫–૨૫ વાર પઢો અને શતક પૂર્ણ કરવા માટે ૨૫ વાર લાઈલાહ ઈલ્લલ્લાહ પણ પઢી લીધા કરો. યાદ રાખશો કે આ ખ્વાબમાં હુઝૂર ﷺના ફર્માનને રદિયો નથી, બલ્કે આ'લા આ'લાતરનો મશ્વરો છે જેથી એ તસ્બીહે ફાતિમા આજે પણ ચાલે છે. અને મતલબ એ પણ હોય શકે છે કે ક્યારેક તેને પઢી લીધા કર કદીક આને.

**૩.** એટલે કે કદીક આ રીતે કદીક તે રીતે. યાદ રાખશો કે એ ખ્વાબ હુઝૂર ﷺના સમર્થન કરવાથી અમલને પાત્ર થઈ ગયો, નહીં તો નસની સરખામણીમાં ન કોઈ ખ્વાબ વિશ્વસનીય છે ન વલીનો કશ્ફ અને ન કોઈનો ઈલ્હામ. કેમ કે નસ માસૂમની છે અને આપણે જાગૃતાવસ્થા તથા ખ્વાબમાં ગૈર માસૂમ છીએ.

તઝકેરતુલ અવલિયા

# હઝરત અહમદ બિન ઈન્તાકી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપની ગણના પૂર્વજ મશાઈખમાંથી થાય છે અને ખૂબ જ ઉમરવાળા થવાના કારણે મોટાભાગે તબેઅ તાબઈનથી નિયાઝનો શરફ હાંસલ થયો. તદ્ ઉપરાંત ઘણા બુઝુર્ગોને દીનનો દૌર પણ જોયો. આપની દાનાઈ તથા સુઝબુઝનો એ આલમ હતો કે હઝરત સુલૈમાન દારાની જેવા મહાન મર્તબાવાળા બુઝુર્ગ આપને જાસૂસુલ કલ્બના લકબથી યાદ કરતા હતા. એના ઉપરાંત આપનાં કથનો તથા આદેશો પણ અસંખ્ય છે.

**આદેશો** : કોઈએ આપને એ સવાલ કર્યો કે આપને ખુદાનો ઈશ્તિયાક (ઉત્કંઠા) છે ? ફર્માવ્યું કે ઈશ્તિયાક તો ગાયબનો થતો હોય છે અને ખુદા તો દરેક ક્ષણે હાજર છે. પછી ફર્માવ્યું કે મઅરેફતના ત્રણ દરજા છે : પ્રથમ વહદાનિયતને સાબિત કરવું. બીજુ ખુદા સિવાય દરેક ચીજને છોડી આપવી. એ ખયાલ કાયમ રાખવો કે કોઈનાથી પણ ખુદાની ઈબાદતનો હક્ક અદા નથી થઈ શક્તો, કેમ કે જેને રબ તઆલા મઅરેફતનું નૂર અતા નથી કરતો તે નૂરથી જ મેહરૂમ રહે છે. ફર્માવ્યું કે ખુદાની મહોબ્બતની એ નિશાની છે કે ઈન્સાન ઈબાદત ઓછી કરે પરંતું ગૌરો ફિક્ર (ચિંતન) વધુ કરે, અને ગોશાનશીન થઈને મૌન ધારણ કરી લે. ખુશીથી ખુશ ન થાવ અને ગમથી નારાજ ન થાવ. ફર્માવ્યું કે હઝરત યૂનુસ علیہ السلام ને જ્યારે એ ખયાલ થઈ ગયો કે ખુદા તઆલા મારા પર ગઝબનાક ન થશે તો કેવી મુસીબતમાં સપડાવવામાં આવ્યા. ફર્માવ્યું કે અહલુલ્લાહની સોહબત અકીદતમંદીથી અખત્યાર કરો. ફર્માવ્યું કે ઝુહદના ચાર પ્રકારો છે : પ્રથમ : તવક્કુલ ઈલલ્લાહ, બીજુ : મખ્લૂકથી બેઝારી, ત્રીજુ : ઈખ્લાસનું પ્રદર્શન કરવું, ચોથુ : ખુદાની રાહમાં મુસીબતો વેઠવી. પછી ફર્માવ્યું કે મઅરેફતની શક્તિ પ્રમાણે જે બંદો ખૌફ તથા હયા કરે છે. ફર્માવ્યું કે દિલની પાકીઝગી સુકૂન (મૌન) છે.

ફર્માવ્યું કે દાનિશમંદ (બુદ્ધિશાળી) તે છે જે નેઅમતો પર શુક્ર અદા કરે. ફર્માવ્યું કે યકીન ખુદાનું એવું અતા કરેલુ નૂર છે જેનાથી બંદો એ રીતે આખેરતની બાબતોનો મુશાહેદો કરે છે કે દરમિયાનમાંથી સર્વ આડશો દૂર થઈ જાય છે. ફર્માવ્યું કે મખ્લૂકથી અલિપ્ત થઈને ખુદાને હાઝિરો નાઝિર ખયાલ કરીને ઈબાદત કરો. ફર્માવ્યું કે દિલની સફાઈ માટે આ પાંચ ચીજો જરૂરી છે, પ્રથમ : ભલાઈવાળાઓની સોહબત, બીજી : કુર્આનની તિલાવત, ત્રીજી : ફાકાકશી, ચોથી : રાતની નમાઝ, પાંચમી : સવારના વખતે ગિર્યાઓ ઝારી (રબની બારગાહમાં રૂદન કાકલૂદી). ફર્માવ્યું કે, અદ્લ અડગતાનું નામ છે, પરંતું એક અદ્લ તે છે જે મખ્લૂક સાથે કરવામાં આવે છે, અને બીજો તે અદ્લ જે ખુદાની સાથે કરવામાં આવે. (એટલે તેના અહકામને અડગ રીતે પાળવામાં આવે.) ફર્માવ્યું કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે, "તમારા માલ તથા ઔલાદ તમારા માટે ફિત્ના છે." જ્યારે કે આપણે માલ તથા ઔલાદ કરતાં અધિક ખુદ ફિત્નાગર છીએ.

**કરામત** : મુરીદો માટે આપનો તા'લીમનો તરીકો એ હતો કે એક રાત અચાનક આપના ઓગણત્રીસ મુરીદો આવી ગયા. આપે દસ્તરખાન બિછાવીને રોટીની કમીના કારણે ટુકડા કરીને સૌની

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

સામે રાખીને ચિરાગ ઉઠાવી લીધો અને થોડીકવાર પછી આપ ચિરાગ લાવ્યા તો સર્વ ટુકડા એ જ પ્રમાણે દરેક શખ્સની સામે મૌજૂદ હતા અને કોઈએ પણ ત્યાગભાવનામાં એક ટુકડો પણ ન ખાધો.

## હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ખલીક़ رحمۃ اللہ علیہના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ :** આપનું મૂળ વતન કૂફા હતું પણ ઈન્તાકિયામાં વસી ગયા, અને પોતાના દૌરના અત્યંત મુત્તક़ી મશાઈખોમાંથી છે અને આપનાં કથનો તથા આદેશો ખૂબ જ અધિક પ્રમાણમાં છે.

**આપના આદેશો :** શયખ ફતહ મૂસલીથી રિવાયત છે કે જે વખતે મેં આપનાથી નિયાઝનો શરફ હાંસલ કર્યો તો આપે ફર્માવ્યું કે, માણસને ચાર નેઅમતો હાંસલ થઈ છે : પ્રથમ : આંખ, બીજી : જીભ, ત્રીજી : દિલ, ચોથી : હવા. **આંખના શુક્રનું પ્રદર્શન તો એ છે કે જે ચીજને જોવાનું ખુદાએ મના કર્યું છે તેના પર કદી નજર ન નાખે.** અને ઝબાનના શુક્રનો ઈઝહાર એ છે કે કદી કોઈ ચીજ તલબ ન કરે. અને જે શખ્સ એ ચીજોને નથી સાચવતો તે બદ્‌નસીબીનો શિકાર થઈ જાય છે. ફર્માવ્યું કે દિલનું સર્જન ફક્ત ઈબાદત માટે જ થયું છે. ફર્માવ્યું કે ખૌફઝદા (ભયભીત) રહેનાર નફસાની ખ્વાહિશોની પરિપૂર્ણતા નથી કરતો. ફર્માવ્યું કે દુનિયામાં લોભ લાલચને છોડીને ભગ્નહૃદયી રહેવું આખેરતના માટે અફઝલ છે. ફર્માવ્યું કે **જે ચીજ આખેરતના માટે લાભદાયી ન હોય તેને પ્રાપ્ત કરવું બેકાર છે.** અને નફાકારક આરઝૂ તે છે જેનાથી મુશ્કેલી હલ થઈ જાય. ફર્માવ્યું કે એવી વ્યક્તિઓને ઉમ્મીદ રહે છે જેઓ બુરાઈથી તૌબા કરનાર રહે છે અથવા જેઓ તૌબા કરે પણ છે અને બુરાઈ પણ કરે છે. પરંતું એ ડર રહે છે કે માલૂમ નહીં મગફેરત થઈ શકશે કે નહીં. પરંતું એ ઉમ્મીદ જૂઠી છે જેમાં સતત ગુનાહની સાથે મગફિરતની તલબ પણ હોય અને બદી કરવાવાળાઓને ડર વધુ ઉમ્મીદ ઓછી હોય છે. ફર્માવ્યું કે સિદ્‌ક़ (સચ્ચાઈ) તમામ હાલતોથી બેનિયાઝ હોય છે અને સાદિક़ તે છે જે દરેક ચીજની હક़ીક़તથી વાકેફ થઈ જાય. ફર્માવ્યું કે જો તમારી ખ્વાહિશ એ છે કે તમારા કરતાં વધુ કોઈને અફઝલિયત હાંસલ ન થાય તો દરેક ચીજને છોડીને ખુદાને પકડી લો જેથી સર્વ તમારા મોહતાજ નજર આવે.

પેજ નં.૩૦ નું ચાલુ..

**(૨) ઉસૂલે ખમ્સાનો સબબ :** ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہએ ઈજતેહાદની અઝમતની સાચવણી માટે ફિક़્હ તથા ફતવામાં પાંચ પાયાના ઉસૂલ અપનાવ્યા : (૧) નુસૂસે કતઈય્યા : એમની મૌજૂદગીમાં અન્ય અક़વાલ (કથનો) અમલને પાત્ર નથી. (૨) સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના ફત્વા : જ્યારે કોઈ મસ્અલામાં સહાબીની માન્યતા (ખયાલ) પાળતા તો અન્ય ગૈરે સહાબાના અક़વાલથી નજર હટાવી સહાબીના કથન પર ફત્વો લાગુ કરતા. (૩) સહાબાના મતભેદનો ફેંસલો : કોઈ મસ્અલામાં જો સહાબાએ કિરામમાં વિવિધ કથનો (અક़વાલ) જોવા મળતા તો જે ક़ૌલ કિતાબ તથા સુન્નતથી અધિક નિકટ માલૂમ પડતો તેને અપનાવતા, નહીં તો મતભેદ વર્ણવીને કોઈપણ પ્રકારની અગ્રતાથી દૂર રહેતા. (૪) મુરસલ તથા ઝઈફ હદીષથી દલીલ કરવું : જો ઉપરોક્ત ઉસૂલ જોવા ન મળતા તો મુરસલ તથા ઝઈફ હદીષથી દલીલ કરતા. (૫) કયાસથી ઈસ્તિંબાત : જો મુરસલ તથા ઝઈફ હદીષો પણ મળી ન શકતી તો છેવટે ક़યાસથી ઈસ્તિંબાત કરતા (મસ્અલો હલ કરતા) પણ ક़યાસથી શક્ય ત્યાં સુધી દૂર રહેવાની આદત હતી. *(મુલખ્ખસન્, અઝ : અઅ્લામે મૌક़ઈન, પેજ : ૩૮ થી ૪૧)* ...*(ક્રમશઃ)*

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો : ૨૨

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

## કુર્આન મજીદ પઢવાની ફઝીલતો

કુર્આન મજીદ પઢવા પઢાવવાની ઘણી બધી ફઝીલતો છે. ટૂંકમાં એટલું સમજી લેવુ પૂરતુ છે કે આ અલ્લાહ તઆલાનું કલામ છે આની ઉપર ઈસ્લામ અને ઈસ્લામના હુકમોનો આધાર છે. તેની તિલાવત કરવી અને તેમાં ચિંતન કરવું માણસને ખુદા સુધી પહોંચાડે છે. આ મોકાથી તેના સંબંધે કેટલીક હદીષોનું વર્ણન કરવામાં આવે છે.

**હદીષ–૧ :** સહીહ બુખારીમાં હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તમારામાંથી બહેતર શખ્સ એ છે જે કુર્આન શીખે અને શીખવાડે.

**હદીષ–૨ :** સહીહ મુસ્લિમમાં ઉકબા બિન આમિર رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, શું તમારામાંથી કોઈ શખ્સ એવું પસંદ કરે છે કે બુત્હાન અને અકીકમાં સવારે જાય અને ત્યાંથી બે ઊંટણીઓ ખાંધવાળી લાવે એ રીતે કે ગુનોહ અને કત્એ રહમ ન હોય. એટલે કે જાઈઝ રીતે. અમે અર્ઝ કરી, આ વાત અમને સૌને પસંદ છે. ફર્માવ્યું, તો પછી કેમ સવારે મસ્જિદમાં જઈને અલ્લાહની કિતાબની બે આયતોને નથી શીખતા કે આ બે બે ઊંટણીઓથી બેહતર છે અને ત્રણ ત્રણથી બેહતર અને ચાર ચારથી બહેતર, આગળ આ જ પ્રમાણે.

**હદીષ–3 :** સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે મો'મિન કુર્આન પઢે છે તેનું દષ્ટાંત તુરન્જ (એક ફળનું નામ) જેવું છે કે જેની સુગંધ પણ સારી છે અને સ્વાદ પણ સારો છે. અને જે મો'મિન કુર્આન નથી પઢતો તે ખજૂરની જેમ છે કે તેમાં સુગંધ નથી અને સ્વાદ મીઠો છે. જે મુનાફિક કુર્આન નથી પઢતો તે ઈન્દ્રિરાઈન (એક ફળ છે)ની જેમ છે જેની સુગંધ પણ નથી અને સ્વાદ કડવો છે. અને જે મુનાફિક કુર્આન પઢે છે તે ફૂલની જેમ છે કે તેમાં સુગંધ છે પણ સ્વાદ કડવો છે.

**હદીષ–૪ :** સહીહ મુસ્લિમમાં હઝરત ઉમર رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા આ કિતાબથી ઘણા લોકોને બુલંદ કરે છે અને ઘણા લોકોને નીચે લાવી દે છે. એટલે કે જે તેની પર ઈમાન લાવે અને અમલ કરે છે તેમની માટે બુલંદી છે અને બીજા માટે પડતી છે.

**હદીષ–૫ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત આઈશા رضی اللہ عنہાથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું જે કુર્આન પઢવામાં હોશિયાર છે તે કિરામન કાતિબીનના સાથે છે. અને જે શખ્સ અટકી અટકીને કુર્આન પઢે છે અને એ તેના માટે મુશ્કેલ બને છે એટલે તેની જીભ આસાનીથી નથી ચાલતી, તકલીફની સાથે અદા કરે છે તેના માટે ડબલ સવાબ છે.

**હદીષ–૬ :** શરહે સુન્નામાં હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہથી મરવી કે નબી ﷺએ ફર્માવ્યું ત્રણ વસ્તુ કયામતના દિવસે અર્શના નીચે હશે. (૧) કુર્આન કે આ બંદાઓ માટે ઝઘડા કરશે તેના માટે જાહેર અને બાતિન છે અને (૨) અમાનત અને (૩) રિશ્તો પોકારશે કે જેણ મને ભેગો કર્યો તેને અલ્લાહ મિલાવશે અને જેણે મને કાપ્યો અલ્લાહ તેને કાપશે.

**હદીષ–૭ :** ઈમામ અહમદ તથા તિર્મિઝી તથા અબૂ દાઊદ તથા નસાઈએ અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કુર્આનવાળાથી કહેવામાં આવશે પઢ અને ચઢ ! તરતીલની સાથે પઢ જે રીતે દુનિયામાં તરતીલની સાથે પઢતો હતો. તારી મંઝિલ છેલ્લી આયત જે તું પઢશે ત્યાં છે.

**હદીષ–૮ :** તિર્મિઝી વ દારમીએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું જેના જૌફ (સીના)માં કાંઈ પણ કુર્આન નથી તે વેરાન મકાનની જેમ છે.

**હદીષ–૯ :** તિર્મિઝી વ દારમીએ અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેને કુર્આને મારા ઝિક્ર અને મારાથી માગવામાં મગ્ન રાખ્યો તેને હું એનાથી બહેતર આપીશ જે માગવાવાળાને આપુ છું. અને અલ્લાહના કલામની ફઝીલત બીજા કલામો પર એવી છે જેવી અલ્લાહની ફઝીલત તેની મખ્લૂક પર છે.

**હદીષ–૧૦ :** તિર્મિઝી વ દારમીએ અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, જે શખ્સ કલામુલ્લાહનો એક હર્ફ પઢશે તેને એક નેકી મળશે જે દસના બરાબર હશે. હું એ નથી કહેતો કે અલિફ લામ મીમ એક હર્ફ છે, બલ્કે અલિફ એક હર્ફ છે, લામ બીજો હર્ફ છે, મીમ ત્રીજો હર્ફ છે.

**હદીષ–૧૧ :** અબૂ દાઊદે મઆઝ જુહનીથી રિવાયત કરી કે રસૂલૂલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે કુર્આન પઢયું અને જે કાંઈ તેમાં છે એની ઉપર અમલ કર્યો, તેના મા બાપને કયામતના દિવસે તાજ પહેરાવવામાં આવશે જેનો પ્રકાશ સૂર્યથી સારો છે. હવે જો એ તમારા ઘરોમાં હોત તો હવે તે અમલ કરવાવાળાના સંબંધે તમારું ગુમાન શું છે ?

**હદીષ–૧૨ :** ઈમામ અહમદ વ તિર્મિઝી ઈબ્ને માજા તથા દારમીએ હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે કુર્આન પઢયું અને તેને યાદ કરી લીધુ, તેના હલાલને હલાલ જાણ્યુ અને હરામને હરામ જાણ્યું, તેના ઘરવાળાઓમાંથી દસ શખ્સોના બારામાં અલ્લાહ તઆલા તેની શફાઅત કબૂલ ફર્માવશે જેની પર જહન્નમ વાજિબ થઈ ગઈ હતી.

**હદીષ–૧૩ :** તિર્મિઝી વ નિસાઈ વ ઈબ્ને માજાએ અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કુર્આન શીખો અને પઢો. જેણે કુર્આન શીખ્યું અને પઢયું અને તેની સાથે કયામ કર્યુ તેનું દષ્ટાંત આ છે કે કસ્તૂરીથી થેલી ભરેલી છે જેની સુગંધ દરેક જગ્યાએ ફેલાયેલી છે અને જેણે શીખ્યું અને સૂઈ ગયો એટલે રાતમાં નમાઝ ન પઢયો તેનું દષ્ટાંત તે મુશ્ક (કસ્તૂરી)થી ભરેલી થેલી છે જેનું મોઢું બાંધી દેવામાં આવ્યું હોય.

**હદીષ–૧૪ :** બયહકીએ શોઅબુલ ઈમાનમાં ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, દિલોમાં પણ ઝંગ (કાટ) લાગી જાય છે. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તે ઝંગ કેવી રીતે દૂર થશે ? ફર્માવ્યું, મૌતને સતત યાદ કરવાથી અને કુર્આનની તિલાવતથી.

**હદીષ–૧૫ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં જુન્દુબ બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કુર્આનને તે સમય સુધી પઢો જ્યાં સુધી તમારા દિલને ઉલ્ફત અને લગાવ હોય અને જ્યારે દિલ ઉકસાઈ જાય તો ઉભા થઈ જાવ એટલે કે તિલાવત બંધ કરી દો.

**હદીષ–૧૬ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહને જેટલું ધ્યાન તે નબીની તરફ છે જે સારા અવાજથી કુર્આન પઢે છે બીજા કોઈની તરફ એટલું ધ્યાન નથી હોતુ.

**હદીષ–૧૭ :** સહીહ બુખારીમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું જે શખ્સ કુર્આનને તગન્ની એટલે સારા અવાજથી ન પઢે તે આપણામાંથી નથી. આ હદીષના સંબંધે એવુ પણ કહેવામાં આવે છે કે તગન્નીથી મુરાદ ઈસ્તિગના છે એટલે કે કુર્આન પઢવાના બદલામાં કોઈનાથી કાંઈ લેવુ ન જોઈએ.

**હદીષ–૧૮ :** ઈમામ અહમદ વ અબૂ દાઊદ વ ઈબ્ને માજહ વ દારમીએ બરાઅ બિન આઝિબ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કુર્આનને પોતાના અવાજથી શણગારો. અને દારમીની રિવાયતમાં છે કે પોતાના અવાજોથી કુર્આનને ખૂબસૂરત કરો કારણ કે સારો અવાજ ખૂબસૂરતી વધારે છે.

**હદીષ–૧૯ :** બયહકીએ ઉબૈદા મુલૈકી رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺથી ફર્માવ્યું, હે ! કુર્આનવાળા કુર્આનને તકીયો ન બનાવો એટલે કે સુસ્તી અને આળસ ન કરો અને રાત દિવસ તેની તિલાવત કરો જેવુ કે તિલાવતનો હક છે અને તેને ફેલાવો અને તગન્ની કરો એટલે સારા અવાજથી પઢો, તેના બદલામાં કાંઈ ન લો અને જે કાંઈ તેમાં છે તેને વિચારો જેથી તમને ભલાઈ મળે. તેના સવાબમાં જલ્દી ન કરો કારણ કે તેનો સવાબ ઘણો મોટો છે. (જે આખેરતમાં મળવાવાળો છે)

**હદીષ–૨૦ :** અબૂદાઉદ વ બયહકીએ જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી. કહે છે કે અમે કુર્આન પઢી રહ્યા હતા અને અમારી સાથે અરબી અને અજમી પણ હતા. એટલામાં રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને ફર્માવ્યું કે કુર્આન પઢો તમે સૌ સારા છો, પછી જે કૌમો આવશે જે કુર્આનને એ રીતે સીધુ કરશે જે રીતે તીર સીધુ હોય છે, તેનો બદલો જલ્દી લેવાની ઈચ્છા ધરાવશે, મોડુ લેવા નહીં ઈચ્છે એટલે દુનિયામાં બદલો લેવા ચાહશે.

**હદીષ–૨૧ :** બયહકીએ હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે કુર્આનને અરબી અવાજથી પઢો, ઈશ્કવાળા અને યહૂદીઓ અને નસરાનીઓના અવાજથી બચો. એટલે ગીતોના જાણકારીના કાયદાની રીતે ગાવાથી બચો. મારા પછી એક કોમ આવશે જે કુર્આનને તરજીઅની સાથે (ફેરવી ફેરવીને) પઢશે જેવી રીતે ગીત અને નોહામા ફેરવી ફેરવીને પઢાય છે. કુર્આન તેમનાં ગળાંઓએથી આગળ નહીં વધે, તેમનાં દિલ ફિત્નામાં સપડાયેલાં છે, અને તેમનાં પણ જેમને તેમની આ વાત પસંદ છે.

**હદીષ–૨૨ :** અબૂ સઈદ મોઅલ્લા رضی اللہ عنہથી સહીહ બુખારીમાં રિવાયત છે. કહે છે, હું નમાઝ પઢી રહ્યો હતો અને નબીએ કરીમ ﷺ એ મને

બોલાવ્યો. મેં જવાબ ન આપ્યો (જ્યારે નમાઝ પઢી રહ્યો) હુઝૂરની ખિદમતમાં હાજર થયો. અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! હું નમાઝ પઢી રહ્યો હતો. ઈર્શાદ ફર્માવ્યું, શું ! અલ્લાહ તઆલાએ નથી ફર્માવ્યું : اِسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ ''અલ્લાહ વ રસૂલની પાસે હાજર થઈ જાવ જ્યારે એ તમને બોલાવે.'' (સૂ. અન્ફાલ, આ.૨૪) પછી ફર્માવ્યું મસ્જિદની બહાર જતા પહેલા કુર્આનમાં જે સૌથી મોટી સૂરત છે તે બતાવી દઈશ અને હુઝૂરે મારો હાથ પકડી લીધો. જ્યારે નીકળવાનો ઈરાદો થયો ને અર્ઝ કરી હુઝૂરે ફર્માવ્યું હતું કે મસ્જિદથી બહાર જતા પહેલા કુર્આનની સૌથી મોટી સૂરત બતાવીશ ફર્માવ્યું કે اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ કે આજ સબ્એ મિષાલી (સૂરએ ફાતિહા જેમાં સાત આયતો છે) અઝીમ કુર્આન છે જે મને મળ્યું છે.

**હદીષ-૨૩ :** તિર્મિઝી અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઉબેય બિન કઅબથી ફર્માવ્યું, નમાઝમાં તમો કેવી રીતે પઢો છો ? તેમણે ઉમ્મુલ કુર્આન એટલે સૂરએ ફાતેહા પઢી હુઝૂરે ફર્માવ્યું, સોગંદ છે તેની જેના હાથમાં મારી જાન છે કે તેના જેમ ન તૌરેતમાં કોઈ સૂરત ઉતારી ન ઈન્જીલમાં ન ઝબૂરમાં ન કુર્આનમાં. તે સબ્એ મિષાલી કુર્આને અઝીમ છે જે મને મળ્યું.

**હદીષ-૨૪ :** સૂરએ ફાતેહા દરેક બીમારીથી શિફા છે. *(દારમી, બયહકી)*

**હદીષ-૨૫ :** સહીહ મુસ્લિમમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી મરવી કહે છે જિબ્રઈલ علیہ السلام હુઝૂરની ખિદમતમાં હાજર હતા ઉપરથી એક અવાજ આવ્યો તેમણે માથુ ઉઠાવ્યું અને કહ્યું કે આકાશનો આ દરવાજો આજે જ ખોલવામાં આવ્યો, આજથી પહેલાં ક્યારેય ખોલવામાં નથી આવ્યો. એક ફરિશ્તો ઉતર્યો. જિબ્રઈલ علیہ السلام એ કહ્યું, આ ફરિશ્તો આજથી પહેલાં ક્યારેય જમીન પર નથી ઉતર્યો. તેણે સલામ કરી અને તેણે કહ્યું, હુઝૂરને ખુશખબરી થાય કે બે નૂર હુઝૂર صلی اللہ علیہ وسلمને આપવામાં આવ્યા અને હુઝૂર પહેલાં કોઈ નબીને નથી મળ્યાં, તે બે નૂર આ છે : સૂરએ ફાતેહા અને સૂરએ બકરહનો અંતિમ, જે હર્ફ આપ પઢશો તે આપવામાં આવશે.

**હદીષ-૨૬ :** સહીહ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવ્યું, પોતાના ઘરોને કબ્ર ન બનાવો. શૈતાન એ ઘરથી નાસી જાય છે જેમાં સૂરએ બકરહ પઢવામાં આવે છે.

**હદીષ-૨૭ :** સહીહ મુસ્લિમમાં અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને મેં એવું ફર્માવતાં સાંભળ્યું કે કુર્આન પઢો કેમ કે તે કયામતના દિવસે પોતાના પઢનારા માટે શફાઅત બનીને આવશે બે ચમકદાર સૂરતો સૂરએ બક્રહ તથા સૂરએ આલે ઈમરાનને પઢો કે એ બંને કયામતના દિવસે એ રીતે આવશે, જાણે કે બે વાદળ છે. અથવા બરાબર ઉભા રહેવાવાળા પક્ષીઓની બે જમાઅત છે. તે બંને પોતાના લોકો તરફથી ઝઘડો કરશે એટલે કે તેમની શફાઅત કરશે. સૂરએ બકરહ પઢો કે તેનુ લેવું બરકત છે અને તેનું છોડવું અફસોસ છે અને બાતિલવાળા તેની તાકાત નથી રાખતા.

**હદીષ-૨૮ :** સહીહ મુસ્લિમમાં ઉબય બિન કઅબ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું હે ! અબૂ મુન્ઝિર ! (આ ઉબય બિન કઅબનું ઉપનામ છે) તમારી પાસે કુર્આનની સૌથી મોટી આયત કઈ છે ? મેં કહ્યું, અલ્લાહ અને તેના રસૂલ ખૂબ જાણનાર છે. હુઝૂરે ફર્માવ્યું, હે અબૂ મન્ઝિર ! તમને ખબર છે કે કુર્આનની કઈ આયત તમારી પાસે સૌથી મોટી છે ? મેં અર્ઝ કરી, આયતુલ કુર્સી. હુઝૂરે મારી છાતી પર હાથ માર્યો અને ફર્માવ્યું, અબૂ મુન્ઝિર ! તમને ઈલ્મ મુબારક. -*(ક્રમશઃ)*

**મસ્અલા-૭**

# રસૂલે ખુદા ﷺ નો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની-રૌશનીમાં

**અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી**
*(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

### ★ ક઼યામત નજીક ચાલનારી હવાની આશ્ચર્યકારક તાષીર વિશે આગાહી તથા યક઼ીની ખબર ★

**હદીષ-૨૬ :** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, બેશક ! અલ્લાહ عزوجل تعالیٰ યમનથી એક હવા મોકલશે જે રેશમ કરતાં વધુ નરમ હશે. તો જેના દિલમાં એક દાણા બરાબર અથવા રજકણ બરાબર પણ ઈમાન હશે તે હવા તેની રૂહ ક઼બ્ઝ કરી લેશે. *(સહીહ મુસ્લિમ, ૧/૭૫, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત, મુબારકપુર)*

આ હવા હઝરત ઈસા ઈબ્ને મરયમ علی نبینا وعلیہ الصلاۃ والسلامના આસ્માનથી ઉતરાણ અને દજ્જાલ લઈનના ક઼ત્લ બાદ ચાલશે. જેવું કે સહીહ મુસ્લિમ, કિતાબુલ ફિતનમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રની હદીષમાં એનું વર્ણન છે. અને હદીષ નં. ૧૪ના હેઠળ હઝરત નવાસ ઈબ્ને સમ્આનની રિવાયતમાં પણ વર્ણન થયું.

પણ વહાબી ફિર્ક઼ાના ઈમામના પ્રમાણે ''તે હવા ચાલી ગઈ'' જેનાથી સાફ જાહેર છે કે દુનિયાથી સર્વ ઈમાનવાળા ઉઠી ગયા અને હવે કેવળ કાફિર જ કાફિર રહી ગયા ! પોતાનો ઈક઼રાર (સ્વીકારવું) પોતાના માટે દલીલ હોય છે, બીજાઓ માટે નહીં. ઈમામુત્તાઈફા (ઈસ્માઈલ દહેલ્વી)નો ઈક઼રાર કહે છે કે તે હવા ચાલી ગઈ તો એ એમના માટે દલીલ છે. એમની મરજી ! તે પોતાના માટે જે ચાહે ઈક઼રાર કરે ! પરંતું અમે મુસલમાન એ અક઼ીદો ધરાવીએ છીએ કે, એ હવા એ વખતે ચાલશે જ્યારે ક઼યામત ક઼ાયમ થવાનો સમય નજીકથી નજીકતર આવી ચૂક્યો હશે. અને સારાંશ એ હવાને ચાલવાની ખબર જરૂરથી ગયબી ખબરોમાંથી છે.

ઈમામુત્તાઈફા (ઈસ્માઈલ દહેલ્વી)ના કહ્યાનુસાર તો એ ગયબી ખબર ઝહૂરમાં આવી ચૂકી છતાં પણ તે નબી કરીમ ﷺના માટે ગયબના અક઼ીદાને મુત્લક઼ન્ શિર્ક કહે છે, એના પરથી તેમની હદીષ સમજવાની ક્ષમતાનો પણ અંદાજો કરી શકાય છે અને હદીષ પર અમલનો પણ.

### ★ હઝરત ષાબિત બિન ક઼ૈસના સારા ખાત્મા અને તેમના જન્નતી હોવાનો ઈઝહાર તથા બશારત ★

**હદીષ-૨૭ :** હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે આયતે કરીમા :-

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ

(હે ઈમાનવાળાઓ ! નબીના અવાજ પર તમારા અવાજોને બુલંદ ન કરો. સૂરએ હુજુરાત, ૪૯/૨) નાઝિલ થઈ તો હઝરત ષાબિત પોતાના ઘરમાં બેઠા હતા. તેમણે કહ્યું કે હું તો જહન્નમી થઈ ગયો ! (તે આ ખયાલના કારણે) નબી કરીમ ﷺની ખિદમતમાં હાજરી આપવાથી પણ રોકાય ગયા. નબી કરીમ ﷺએ સઅદ ઈબ્ને મઆઝથી પૂછ્યું કે, હે અબૂ અમ્ર ! ષાબિતનો શો હાલ છે ? શું તે બીમાર છે ? તો સઅદે કહ્યું, હુઝૂર ! તે મારા

પડોશી છે અને મને તેમની કોઈ બીમારીનો ઈલ્મ નથી.

ત્યારબાદ હઝરત સઅદ, ષાબિતની પાસે ગયા અને તેમને રસૂલુલ્લાહ ﷺના હાલ માલૂમ કરવાની વાત દર્શાવી, તો ષાબિતે કહ્યું કે આ આયત નાઝિલ થઈ છે : لَا تَرْفَعُوْٓا اَصْوَاتَكُمْ અને તમે જાણો છો કે રસૂલુલ્લાહ ﷺના દરબારમાં મારો અવાજ સૌથી વધુ બુલંદ રહેતો હતો જેથી હું જહન્નમી છું ! હઝરત સઅદે નબી કરીમ ﷺને આ વાતનો ઉલ્લેખ કર્યો તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એવું નથી બલ્કે **એ તો જન્નતી છે."** *(સહીહ મુસ્લિમ, ૧/૭૫, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત, મુબારકપુર)*

હઝરત અનસ ફર્માવે છે કે હઝરત ષાબિત બિન કૈસ અમારી વચ્ચે ચાલતા તો અમે એમના વિશે એતેકાદ રાખતા કે તે જન્નતી માણસ છે. *(સહીહ મુસ્લિમ, ૧/૭૫, હવાલો ઉપર મુજબ)*

આ હદીષમાં હુઝૂર સૈયદે આલમ ﷺએ ગયબની બે ખબરો આપી છે : ❑ પ્રથમ ખબર એ કે ષાબિત બિન કૈસ બિન શમાસ ઈમાન પર મૃત્યુ પામશે. ❑ બીજી ખબર એ કે જન્નતી છે.

આ હદીષમાંથી એ પણ જાણવા મળ્યું કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین હુઝૂર ﷺને "દાનાએ ગુયૂબ" (ગયબના જાણનાર) જાણતા હતા એટલા માટે તેઓ હઝરત ષાબિત બિન કૈસને જન્નતી માનતા હતા.

## ★ હઝરત માલિક બિન દુખ્શુન માટે સમર્થન અને દિલી ઈમાની શહાદત ★

**હદીષ-૨૮** : હઝરત મહમૂદ બિન રબીઅ અન્સારીએ મને ખબર આપી કે હઝરત ઈત્બાન બિન માલિક رضی اللہ عنہ જે રસૂલુલ્લાહ ﷺના તે અન્સારી સહાબામાંથી હતા જે બદરમાં શરીક થયા હતા. રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી નજર કમજોર થઈ ગઈ છે અને હું મારી કૌમને નમાઝ પઢાવું છું. જ્યારે વરસાદ થઈ જાય છે તો તે નાળુ જે મારા અને તેમના દરમિયાન છે વહેવા લાગે છે. તો હું તેમની મસ્જિદ સુધી નથી જઈ શકતો કે તેમને નમાઝ પઢાવી દઉં. હું ચાહું છું યા રસૂલલ્લાહ ! ﷺ કે આપ મારા ઘરે ચાલો અને મારા ઘરમાં નમાઝ પઢી દો કે હું તેને નમાઝ પઢવાની જગા બનાવી લઉં. એના પર રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ઈન્શા અલ્લાહ ! હું એવું કરીશ. હઝરત ઈત્બાને બતાવ્યું કે બીજા દિવસે સવારે રસૂલુલ્લાહ ﷺ અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ સૂરજ બુલંદ થયા બાદ તશરીફ લાવ્યા. રસૂલુલ્લાહ ﷺએ (ઘરમાં દાખલ થવાની) ઈજાઝત માગી. મેં હુઝૂરને ઈજાઝત આપી. ઘરમાં તશરીફ લાવ્યા બાદ હુઝૂર બેઠા નહીં, ફર્માવ્યું : તમે ક્યાં પસંદ કરો છો કે હું તમારા ઘરમાં નમાઝ પઢું. તો મેં ઘરના એક ખૂણા તરફ ઈશારો કર્યો. રસૂલુલ્લાહ ﷺ ઉભા થયા અને તકબીર કહી. અમે પણ ઉભા થઈ ગયા અને સફ લગાડી. હુઝૂરે બે રકાત નમાઝ પઢી પછી સલામ ફેરવી દીધી.

અમે હુઝૂર ﷺના માટે ખરીઝા (એક પ્રકારનું ખાણુ) તૈયાર કર્યું હતું એના માટે રોકી લીધા. હવે ઘરમાં મહોલ્લાવાળાઓમાંથી ખૂબ જ સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા. તેમનામાંથી કોઈએ કહ્યું, માલિક બિન દુખ્શુન અથવા દુખૈશિન ક્યાં છે ? કોઈએ કહ્યું, તે મુનાફિક છે, અલ્લાહ અને તેના રસૂલથી મહોબ્બત નથી રાખતો. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એવું ન કહો, શું તમે નથી જાણતા કે તેણે અલ્લાહ جل جلالہ ની રઝા માટે "લાઈલાહ ઈલ્લલ્લાહ" પઢ્યું છે. એ શખ્સે અર્ઝ કરી, અલ્લાહ અને તેના રસૂલ સારી રીતે જાણે છે. અમે એનું ધ્યાન તથા તેની ખૈર ખ્વાહી મુનાફિકો

તરફ જોઈએ છીએ. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે અલ્લાહની રઝાની તલબના માટે لَا اِلٰهَ اِلَّا اللّٰه પઢી લીધું, અલ્લાહે તેને જહન્નમ પર હરામ કરી આપેલ છે. *(સહીહ બુખારી, ૧/૬૦, કિતાબુસ્સલાત, મજલિસ, બરકાત) (નુઝહતુલ ક઼ારી, ૨/૪૧૫, ૪૧૬, કિતાબુસ્સલાત, દાઈરતુલ બરકાત, ઘોંસી)*

સરકાર ﷺએ હઝરત માલિક બિન દુખ્શુનનાં બારામાં ફર્માવ્યું : તેને મુનાફિક઼ ન કહો, શું તમે નથી જાણતા કે : "તેણે અલ્લાહ عزوجل ની રઝાના ઈરાદાથી لَا اِلٰهَ اِلَّا اللّٰه કહ્યું છે."

બીજી રિવાયતમાં 'يُرِيْدُ بِذٰلِكَ'ની જગાએ يَبْتَغِيْ بِذٰلِكَ وَجْهَ اللّٰه છે, એટલે "અલ્લાહની રઝા ચાહતાં તેણે કલમો પઢયો છે." *(સહીહ બુખારી, ૧૧/૧૫૮, કિતાબુત્તહજ્જુદ, મજલિસે બરકાત)*

અલ્લાહની "રઝાનો ઈરાદો" દિલનું કાર્ય છે અને અલ્લાહની "રઝા ચાહવું" પણ દિલનું કાર્ય છે. તો સરકાર ﷺ આ ખબર આપી રહ્યા છે કે માલિક બિન દુખ્શુને દિલથી કલમો પઢયો છે. તેણે અલ્લાહની રઝાના ઈરાદાથી અને તેની રઝા હાંસલ કરવા માટે કલમો પઢયો છે. એવું નથી કે મુનાફિક઼ોની જેમ ઝબાનથી પઢી લે અને દિલમાં કુફ્ર છુપાવી રાખે.

તો આ ઈર્શાદે પાકના પછી સરકાર ﷺએ હઝરત માલિક બિન દુખ્શુનના દિલમાં છુપાયેલ ઈમાન તથા તસ્દીક (સમર્થન)ની ખબર આપી છે.

ઈમામ નવવી رحمۃ اللہ علیہ આ હદીષ હેઠળ લખે છે : "યક઼ીનન ! નબી કરીમ ﷺએ સ્પષ્ટતા કરી આપી કે તે દિલથી મો'મિન છે અને નિફાકથી મુક્ત છે." *(અલ્ મિન્હાજ શરહુસ્સહીહુલ મુસ્લિમ બિન હજ્જાજ, ૧/૪૬, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત, મુબારકપુર)*

**★ એક ખબર : રહસ્યમય પત્ર, પત્ર ધરાવનાર અને ગિરફ્તારીના સ્થળની ખબર ★**

**હદીષ–૨૯ :** ઓબૈદુલ્લાહ ઈબ્ને અબૂ રાફેઅએ કહ્યું, મેં હઝરત અલી رضی اللہ عنہને આ કહેતાં સાંભળ્યા કે રસૂલુલ્લાહ ﷺએ મને અને ઝુબેર અને મિક઼દાદ બિન અસ્વદને મોકલ્યા. ફર્માવ્યું, ચાલતા રહો ત્યાં સુધી કે "રોઝએ ખાખ" સુધી પહોંચો. ત્યાં એક (ઊંટના) કાઠલા પર બેઠેલી સ્ત્રી હશે. તેણી પાસે એક પત્ર છે. એ પત્ર તેણી પાસેથી લઈ લો. અમે ચાલ્યા. અમારા ઘોડા અમને દોડાવતા રહ્યા ત્યાં સુધી રોઝા સુધી પહોંચ્યા. ત્યાં અમને એક કાઠલા પર બેઠેલી સ્ત્રી મળી. અમે તેણીને કહ્યું, પત્ર કાઢો ! તેણીએ કહ્યું, મારી પાસે કોઈ પત્ર નથી. અમે કહ્યું, પત્ર કાઢો અથવા કપડાં ઉતારો ! તેણીએ પત્રને પોતાના ચોટલાથી કાઢયો. અમે તે પત્ર લઈને રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા. "આ પત્ર હાતિબ બિન અબી બલ્તઆ તરફથી મક્કાના કેટલાક મુશ્રિકોના નામે હતો. એ મુશ્રિકોને રસૂલુલ્લાહ ﷺની અમુક વાતોની ખબર આપી રહ્યા હતા."

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે હાતિબ ! આ શું છે ?! અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારા પર જલ્દી ન કરશો, હું કુરેશમાંથી નથી. એમનામાં આવીને રહેવા લાગ્યો છું. હુઝૂરની સાથે જે મુહાજિરો છે તેમની મક્કામાં સગાઈઓ છે જેના કારણે તેઓ તેમનાં બીવી બચ્ચાં તથા માલોની હિફાઝત કરે છે. મેં એ ચાહ્યું કે જ્યારે કુરૈશથી મારો કોઈ નસબી સંબંધ નથી જેથી હું તેમના પર એક એહસાન કરું જેના કારણે તે લોકો મારાં સગાંઓની તરફદારી કરે. મેં કુફ્ર કે ઈર્તેદાદ (દીનથી ફરી જવું) કે ઈસ્લામ બાદ કુફ્ર પર રાજી રહેવાના કારણે આવું કર્યું નથી.

આ સાંભળીને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "હાતિબ તમને સાચી વાત કહે છે." હઝરત ઉમરે

કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ "મને ઈજાઝત આપો કે હું આ મુનાફિક઼ની ગરદન ઉડાડી મૂકું !" હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, "આ બદરમાં શરીક થઈ ચૂકેલા છે. અને તમને શું ખબર ! અલ્લાહ તઆલાએ બદરવાળાઓ માટે આ ફર્માવ્યું છે : હવે તમે જે ચાહો કરો, મેં તેમને બખ્શી આપ્યા."

સુફયાને કહ્યું, આ હદીષની સનદ કેટલી ઉમદા છે ! *(નુઝહતુલ ક઼ારી, ૬/૨૫૪, ૨૫૫, ૨૫૬, બાબુલ જેહાદ, દાઈરતુલ બરકાત, ઘોસી)*

આ મુસલમાનોના એક મહત્વના જંગના રાઝની જાસૂસી હતી એટલા માટે શક્ય ત્યાં સુધી ગુપ્ત રાખવાની કોશિશ થઈ હશે. પરંતુ સરવરે કાઈનાત ﷺની ગયબદાનીએ એ "છુપા રાઝ"ને પણ પર જાહેર કરી દીધું.

અમે એવું નથી કહેતા કે હુઝૂર ﷺએ જાતે પોતે એ ગયબ જાણી લીધુ બલ્કે અમે એ એતેક઼ાદ રાખીએ છીએ કે ખુદાએ અલ્લામુલ ગુયૂબની ખબર આપવાથી આપને આ "છુપા રાઝ"નો ઈલ્મ થયો. وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ (અને તમને શીખવાડી આપ્યું જે કાંઈ તમે જાણતા ન હતા. સૂરએ નિસાઅ્, ૪/૧૧૩)

જેથી સાબિત થયું કે સરકાર ﷺને ગયબ પર જાણકારી છે અને આ જાણકારી તદ્દન ફઝ્લે ખુદાવંદી છે.

### ★ આખરી જહન્નમી તથા આખરી જન્નતીના બારામાં યક઼ીની ઈલ્મનું પ્રદર્શન અને તેના પર રબ્બાની ઈનામોની ખબર ★

**હદીષ–૩૦ :** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે બેશક ! હું આખરી જહન્નમીને જે જહન્નમથી નીકળશે અને આખરી જન્નતીને જે જન્નતમાં દાખલ થશે જરૂર જાણુ છું. આ તે માણસ છે જે જહન્નમથી ઘસડાતો ઘસડાતો નીકળશે. તો અલ્લાહ તઆલા તેને કહેશે જાવ ! જન્નતમાં દાખલ થઈ જાવ ! સરકાર ﷺ ફર્માવે છે કે તે જન્નતમાં જશે તો તેને ખયાલ આવશે કે તે ભરાઈ ચૂકી છે તો તે પરત ચાલ્યો આવશે અને અર્ઝ કરશે, પરવરદિગાર ! જન્નત તો ભરાઈ ચૂકી છે ! તો અલ્લાહ તઆલા તેને ફર્માવશે, જાવ ! જન્નતમાં દાખલ થઈ જાવ ! હુઝૂર ફર્માવે છે કે તે બીજીવાર જન્નતમાં જશે તો એવું સમજશે કે જન્નત ભરેલી છે, તો પરત આવી જશે અને અર્ઝ કરશે, મારા રબ ! જન્નત તો મને ભરેલી મળી ! તો અલ્લાહ તઆલા ફર્માવશે, જાવ ! અને જન્નતમાં દાખલ થઈ જાવ ! કે તારા માટે જન્નતની વિશાળતા તથા ફેલાવો દુનિયાના બરાબર છે અને એનુ દસ ગણુ અધિક વધુ. *(સહીહ મુસ્લિમ, ૧/૧૦૫, કિતાબુલ ઈમાન, મજલિસે બરકાત, મુબારકપુર)*

### ★ જહન્નમથી સૌથી આખરમાં નજાત પામનારની બખ્શિશનો દિલચસ્પ બનાવ તથા મહત્વની ગયબી ખબર ★

**હદીષ–૩૧ :** હઝરત અબૂ ઝર ગિફારી رضی اللہ عنہનું બયાન છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું : વિના શંકાએ હું યક઼ીનની સાથે એ માણસને જાણુ છું જે સૌથી છેલ્લે જન્નતમાં પ્રવેશ કરશે અને જહન્નમથી સૌથી છેલ્લે નીકળશે. આ તે માણસ છે જે ક઼યામતના દિવસે બારગાહે ઈલાહીમાં રજૂ થશે તો હુકમ થશે કે તેના નાના ગુનાહ તેની સામે લાવો અને મોટા મોટા ગુનાહ અલગ રાખો. તો તેના નાના ગુનાહ તેની નજરો સામે કરી દેવામાં આવશે અને તેને કહેવામાં આવશે : તેં ફલાણા ફલાણા દિવસે આ અને આ ગુનાહ કર્યા હતા અને ફલાણા ફલાણા દિવસે તે અને તે ગુનાહ કર્યા હતા. તો તે કહેશે, હા ! તે ના પાડી શકશે નહીં. અને તે ડરી રહ્યો હશે કે ક્યાંક તેના મોટા ગુનાહ પણ પેશ

કરી દેવામાં ન આવે. હવે તેને કહેવામાં આવશે કે, "તારા માટે દરેક ગુનાહની જગાએ એક (નેકી)નો બદલો છે." ત્યારે તે બોલી ઉઠશે કે, "પરવરદિગાર ! મેં કાંઈક અન્ય પણ ગુનાહ કરેલા છે જેને હું અહીં નથી જોઈ રહ્યો." હઝરત અબૂ ઝર ફર્માવે છે કે મેં આ મોક઼ા પર રસૂલુલ્લાહ ને જોયા કે આપ હસી પડયા, ત્યાં સુધી કે આપની દાઢના દાંત પણ જાહેર થઈ ગયા.

### ★ જહન્નમથી મુક્ત આખરી જન્નતીના બનાવમાં ગયબદાનીની વિવિધ સાક્ષીઓ ★

આ હદીષોમાં હુઝૂર સૈયદે આલમ ﷺની ગયબદાનીની વિવિધ સાક્ષીઓ મૌજૂદ છે. દ.ત. :–

- ❀ આપને યક઼ીનની સાથે માલૂમ છે કે જહન્નમથી નીકળનાર આખરી જહન્નમી અને જન્નતમાં જનાર આખરી જન્નતી કોણ છે.
- ❀ એની (જન્નતી) સામે પ્રથમ તેના નાના ગુનાહો લાવવામાં આવશે પછી દરેક ગુનાહને નેકીથી બદલી દેવામાં આવશે.
- ❀ પ્રારંભમાં જ્યારે તે પોતાના ગુનાહ જોશે તો ડરી જશે, પછી લુત્ફે યઝદીથી એનો હોંસલો એટલો બુલંદ થઈ જશે કે તે પોતાના કબીરા (મોટા) ગુનાહ રજૂ ન થવાની શિકાયત કરશે.
- ❀ તે જહન્નમથી સીટભેર ઘસડાતો ઘસડાતો નીકળશે.
- ❀ તે બે વાર જન્નતમાં જશે અને એવું સમજશે કે જન્નત ભરાઈ ચૂકી છે એટલા માટે દરેક વખતે પરત આવીને બારગાહે ઈલાહીમાં અરજ કરશે કે જન્નત તો ભરાય ચૂકી છે.
- ❀ પછી અલ્લાહ તઆલા એ જન્નતને દુનિયા બરાબર, પછી તેની દસગણી અધિક વિશાળ કરી આપશે અને તેને હુકમ થશે કે હવે જન્નતમાં ચાલ્યો જા.

આ સાક્ષીઓ એક મુસ્લિમ માટે એ માની લેવા માટે પૂરતી છે કે હુઝૂર ﷺ ખુદાએ કરીમની અતાથી ગયબી બાબતો જાણે છે.

### ★ એકત્રીસ હદીષોનો સાર ★

આ એકત્રીસ હદીષો છે જેનાથી સર્વાંશે એ વાત સાબિત થાય છે કે હુઝૂર સૈયદે આલમ ﷺને ખુદાએ અલ્લામુલ ગુયૂબે અગણિત ગયબી ઈલ્મો અતા કર્યા છે. એ જ અગણિતમાં મા કાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)ના સર્વ ગયબી ઈલ્મો પણ સામેલ છે.

હા ! આપને આ સર્વ ઈલ્મો એકી સાથે અને એક જ સમયમાં નથી અતા કરવામાં આવ્યા, બલ્કે વિવિધ સમયોમાં અતા કરવામાં આવતા રહ્યા, ત્યાં સુધી કે નુઝૂલે કુર્આનની પરિપૂર્ણતાની સાથે આપને સૃષ્ટિની પેદાઈશથી ક઼યામત સુધી, અને જન્નતીઓના જન્નતમાં અને જહન્નમીઓના જહન્નમમાં જવા સુધીના સર્વ ગયબો અતા કરી દેવામાં આવ્યા. અલ્લાહ عزوجل એ પોતાની કિતાબને تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ "દરેક ચીજનું રોશન વર્ણન" (સૂરએ નહ્લ, ૧૬/૮૯) બતાવ્યું છે, તો એનો મતલબ એ જ છે કે પૂરી કિતાબ દરેક ચીજનું રોશન બયાન છે. એટલા માટે સર્વ **કાન વમા યકૂન** (ભૂત, વર્તમાન, ભાવિ)નો ઈલ્મ સમગ્ર કિતાબના નુઝૂલની સાથે માનવામાં આવે છે.

એનાથી પહેલાં અંશિક રીતે કેટલાક એવા હાલાત તથા બનાવો પેશ આવી શકે છે જેનો ઈલ્મ આપને ન હોય અને બાદમાં બતાવવામાં આવે. કેટલાક ખાસ સંજોગોમાં આપ આજીજી રૂપે પણ ઈલ્મે ગયબને નકારી આપે છે અથવા કોઈ મસ્લેહતના આધારે મૌન અપનાવતા હતા. ...*(ક્રમશઃ)*

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન

બીજી સદીના મુજદ્દિદ ૯

# ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ

**(હિ.સ. ૧૬૪ થી ૨૪૧)**

(કાર્યાલય)

ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ પોતાના સમયના ફક઼ીહે આ'ઝમ અને મઝહબના મુજતહિદ હતા. ઈસ્લામી જગતમાં ફિક઼્હના જે ચાર મશહૂર મઝહબો છે, એમાંથી એક ઈમામ અહમદ બિન હંબલનો પણ મઝહબ છે. જેના ફિક઼્હી તથા ઈજતેહાદી મસાઈલ પર ચોથી સદી હિજરીથી અત્યાર સુધી મુસલમાનોની એક જમાઅત અમલ કરી રહી છે અને હંબલી નામથી ઓળખાય છે.

**નામ મુબારક તથા વંશવેલો :** આપનુ નામ અહમદ, લકબ : શયખુલ ઈસ્લામ, અને ઈમામુસ્સુન્નહ મરૂઝી અને બગદાદી આપની નિસ્બતો છે. વંશવેલો આ પ્રમાણે છે : અહમદ બિન મુહમ્મદ બિન હંબલ બિન હિલાલ બિન અસદ બિન ઈદરીસ બિન અબ્દુલ્લાહ બિન હયાન બિન અબ્દુલ્લાહ બિન અનસ બિન ઔફ બિન ક઼ાસત બિન માઝન બિન શયબાની બિન ઝહલ બિન ષઅલ્બા બિન અકાયા બિન સઅબ બિન અલી બિન બકર બિન વાઈલ બિન ક઼ાસત બિન હંબ બિન અફસા બિન અમ્ર બિન જુદીલા બિન અસદ બિન રબીઆ બિન નઝાર બિન મઅદ બિન અદનાન બિન અદ બિન ઉદા બિન અલ્હમીસાઅ બિન હમલ બિન અન્નબ્ત બિન ક઼યઝાન બિન ઈસ્માઈલ ઈબ્ને અલ્ ખલીલ علیہ السلام *(વફયાતુલ અઅયાન, ૧/૪૦)*

**ખાનદાની હાલાત :** ખાનદાની રીતે આપ અરબી વંશ હતા. અને બની શયબાન કબીલાથી સંબંધ ધરાવતા હતા જે પોતાની બહાદુરી તથા દિલેરી અને ગૈરત તથા સ્વભિમાનમાં મશહૂર હતો. દાદાજાન હંબલ એ ખુરાશાનના ગવર્નર હતા જે અબ્બાસી ચળવળનું કેન્દ્ર હતું. અને આપ તે ચળવળના એક સક્રિય કાર્યકર હતા. પિતા મુહમ્મદ એક બહાદુર સિપાહી હતા અને ક઼ૌમી શરાફત તથા ઈલ્મે હદીષના અમીન કહેવાતા હતા. દુનિયવી શાનો શોકતની સાથોસાથ ઈલ્મી એતબારથી પણ એ ખાનદાન વિશિષ્ટિ હતું, અને એમાં વિવિધ આલિમો તથા ફાઝિલો અને વંશાવલિઓના નિષ્ણાત થયા છે.

**જન્મ મુબાક :** આપના પિતા હિ.સ. ૧૬૪માં મરૂથી વતન ત્યાગ કરીને બગદાદ આવ્યા જ્યાં માહે રબીઉલ અવ્વલમાં ઈમામ બિન હંબલ رضی اللہ عنہનો જન્મ થયો. કેવળ ત્રણ વરસની ઉમરમાં જ વાલિદે માજિદનો સાયો માથાથી ઉઠી ગયો. અને પરવરિશની સર્વ જિમ્મેદારી વાલિદા માજિદાના નાઝુક ખભાઓ પર આવી પડી, જેમણે આપની પરવરિશમાં કોઈ કસર ન રાખી ત્યાં સુધી કે એ દુર્રે યતીમ હદીષ તથા ઈજતેહાદના ક્ષેત્રનો તાજદાર બની ગયો.

**જાહેરી તથા બાતિની ઈલ્મોથી સરફરાઝી :** શરૂની ઉમરથી જ આપ તા'લીમના સિલસિલાથી જોડાઈ ગયા. **કેવળ ચાર વરસની ઉમરમાં કુર્આનનો હિફ્ઝ સંપૂર્ણ કરી લીધો.** સાત વરસમાં હદીષની કિ઼રાઅતની શરૂઆત કરી અને પંદર સોળ વરસમાં બાક઼ાયદા દર્સમાં વ્યસ્ત થઈ ગયા. ઈલ્મ તથા ઉલમાના શહેર બગદાદમાં ઈમામ અબૂ યૂસુફના દર્સના વર્તુળમાં શરીક થતા રહ્યા. ત્યારબાદ કૂફા, મિસર, શામ, યમન, હરમૈન શરીફૈન, જમીરા તથા આબાદાનીનો ઈરાદો કર્યો અને ત્યાંના ફક઼ીહો તથા મુહદ્દિષોથી ખૂબ ખૂબ ફાયદો ઉઠાવ્યો.

**ઈબાદત તથા રિયાઝત અને ઉત્તમ ખૂબીઓ** : ઝોહદ તથા તક્‌વા અને દુનિયાથી સંબંધનો ત્યાગ આપનો તૌર તરીક઼ો હતો. આપની તક્‌વાની વૃત્તિ એટલા પ્રમાણમાં ગાલિબ (છવાયેલી) હતી કે ખાવા પીવા તથા જીવન પદ્ધતિમાં કિફાયત પસંદી તથા સાદગીનો હમેશાં લિહાઝ રાખતા અને અમીરો તથા હાકિમો સાથે નજરો પણ ન મિલાવતા, ન તો એમના તોહફા કબૂલ કરતા. ઈબાદત તથા રિયાઝતના બચપનથી શોખિન તથા પાબંદ હતા તેમજ ક઼ાઈમુલ્લૈલ (રાતે ઈબાદત કરતા) હોવાની આપના મહત્વના ગૃણોમાં ગણના થાય છે. આપના પુત્ર અબ્દુલ્લાહનું બયાન છે કે પિતા દરરોજ આખા દિવસમાં ૩૦૦ રકાત નફ્લ નમાઝ પઢતા હતા. કોરડાઓના મારથી બીમાર થઈ ગયા તો ૧૫૦ રકાત પઢતા હતા. એ વખતે ઉમર લગભગ એંસી વરસ થઈ ચૂકી હતી. દરરોજ સાતમો હિસ્સો કુર્આન પઢતા અને ઈશા બાદ થોડીવાર સૂઈને સવાર સુધી નમાઝમાં મશગૂલ રહેતા. *(મુહદ્દિષીને એઝામ હયાતો ખિદમાત, પેજ–૩૦૨, ડૉ. મુહમ્મદ આસિમ આ'ઝમી, પ્રકાશક : રઝા એકેડમી, મુંબઈ)*

**મૂલ્યવાન લેખનના નમૂનાઓ** : ઈલ્મવાળાઓ માટે પોતાની અમૂલ્ય કૃતિઓ વારસામાં છોડી ગયા જે નીચે પ્રમાણે છે : (૧) કિતાબુલ મુસ્નદ (૨) કિતાબુત્તફસીર (૩) કિતાબુન્નાસિખ વ મન્સૂખ (૪) કિતાબુત્તારીખ (૫) કિતાબ હદીષે શઅબા (૬) કિતાબુલ મુક઼દ્દમ મુઅખ્ખર ફીલ કુર્આન (૭) કિતાબે જવાબાતુલ કુર્આન (૮) કિતાબ મનાસિકુલ કબીર (૯) કિતાબ મનાસિકુસ્સગીર વગેરે. *(મનાક઼િબુલ ઈમામ અહમદ, પેજ–૫૨, અબુલ ફરહ અબ્દુર્રહમાન અલી ઈબ્ને જવઝી, મત્બઅ મિસર)*

**હદીષ વિદ્યામાં અનોખો મક઼ામ** : ઉપરોક્ત વિવિધ ઈલ્મો વિદ્યાકલાઓ અને વિવિધ વિષયોમાં બારીક દૃષ્ટિ આપની ખુદાદાદ કાબેલિયતની સાક્ષી આપે છે. ખાસ કરીને હદીષમાં આપની નજર અત્યંત કમાલની કક્ષાએ પહોંચેલી હતી, અને આપ આપના જમાનાના જલીલુલક઼દર મુહદ્દિષ ગણાતા હતા.

## દીની ખિદમતો તથા કારનામાંઓ

**(૧) મુસ્નદનું સર્જન** : ઈમામ અહમદ બિન હંબલનું સૌથી મોટુ કારનામુ આપની કિતાબ "અલ મુસ્નદ" છે જેને આપે ખુદ જમા કરેલ છે. મુસ્નદે અહમદ લગભગ ૭૨ વિભાગ ધરાવતો અને ૭૦૦ સહાબાએ કિરામનો રિવાયત કરેલો હદીષોનો સંગ્રહ છે જેની સંખ્યા વીસ હજારથી ચાલીસ હજાર દર્શાવવામાં આવે છે. આ કિતાબને સંપાદિત કરવા માટે આપે ઈસ્લામી જગતનો સફર કર્યો અને અગ્રગણ્ય મુહદ્દિષોથી હદીષોનો ખજાનો એકત્ર કર્યો જેમાં મુસ્નદોની કિતાબોની જેમ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના ક્રમ પ્રમાણે હદીષો સંપાદિત કરવામાં આવી છે. આ સંગ્રહની મહત્વની વિશિષ્ટતા એ છે કે આ મુબારક કિતાબ અઢાર મુસ્નદો પર આધારિત છે : (૧) મુસ્નદે અશ્રએ મુબશ્શિરા (૨) મુસ્નદે અહલે બયતે નબવી (૩) મુસ્નદે ઈબ્ને મસઊદ (૪) મુસ્નદે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (૫) મુસ્નદે અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ (૬) મુસ્નદે હઝરત અબ્બાસ અને તેમના પ્રખ્યાત સાહબઝાદાઓનો (૭) મુસ્નદે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (૮) મુસ્નદે અબૂ હુરૈરા (૯) મુસ્નદે અનસ બિન માલિક (૧૦) મુસ્નદે અબૂ સઈદ ખુદરી (૧૧) મુસ્નદે જાબિર બિન અબ્દુલ્લાહ (૧૨) મુસ્નદે મક્કિયાં (૧૩) મુસ્નદે મદનિયાં (૧૪) મુસ્નદે કૂફિયા (૧૫) મુસ્નદે બસરિયાં (૧૬) મુસ્નદે શામિયાં (૧૭) મુસ્નદે અન્સાર (૧૮) મુસ્નદે આઈશા મઅ મુસ્નદુન્નિસા. *(બુસ્તાને મુહદ્દિષીન, અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી, પેજ–૫૨, મત્બઅ કરાચી)*

વધુ પેજ ૧૯ પર.

# પાંચ નબવી નસીહતો

**લેખક : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)*
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ-દયાદરા**

## ★ શરીર સ્વાસ્થ્ય તથા તંદુરસ્તીને ઉત્તમ જાણો ★

પ્રિય વાંચકો ! શારીરિક તંદુરસ્તી અલ્લાહની મહાન નેઅમત છે. આ નેઅમતની પણ કદર કરવી જોઈએ. જો માણસ કોઈક કારણે માનસિક રીતે સ્વસ્થ ન હોય તો તેની અસરો પૂરા શરીર પર લાગુ પડે છે. કેમ કે દિમાગ જ માણસની સર્વ શારીરિક વ્યવસ્થાને કન્ટ્રોલ કરે છે. દિમાગી કમજોરી અથવા બીમારીના કારણે જ ઘણી બધી પટ્ટાને લગતી, મનોવૈજ્ઞાનિક તથા શારીરિક બીમારીઓ જન્મ લે છે.

વિના શંકાએ હક્ક મઝહબ ઈસ્લામ આપણી ભૌતિક ભલાઈ તથા શારીરિક તંદુરસ્તીના માટે પણ એક બેહતરીન અને સંપૂર્ણ જીવન બંધારણ છે. તેની તા'લીમાત પર અમલ કરવાથી ન કેવળ આપણે અખ્લાકી તથા રૂહાની અને રાજનૈતિક તથા આર્થિક જિંદગીમાં પ્રગતિ હાંસલ કરી શકીએ છીએ, બલ્કે શારીરિક રીતે પણ તંદુરસ્તી તથા શક્તિની દોલતથી પણ માલામાલ થઈ શકીએ છીએ. કુર્આની તા'લીમાત તથા હુકમો અને સીરતે પાક ﷺ એ જાતના ઘડતર તથા સમાજની પરિપૂર્ણતાનો બેહતરીન ઝરીયો છે.

હુઝૂર તાજદારે મદીના અરવાહુના ફિદા عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء એ ઈર્શાદ ફર્માવ્યો : ''સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. આપે ફર્માવ્યું કે નબી અકરમ علیہ الصلوۃ والسلام એ ઈર્શાદ ફર્માવ્યો, બે નેઅમતો એવી છે કે મોટાભાગે લોકો એનાથી ગફલતમાં રહે છે : તંદુરસ્તી અને ફુરસદ.

મિસરના ખોરાકોના નિષ્ણાત અને જાડાપણાનો ઈલાજ કરનાર ડૉ. અમ્માદ ફહમીએ ટી.વી. ઈન્ટરવ્યુમાં બતાવ્યું કે **માનવ તંદુરસ્તીનું રહસ્ય કેવળ ત્રણ આયતોમાં છુપુ છે.** તેમણે પ્રથમ આયત બતાવી : كُلُوْا وَاشْرَبُوْا وَلَا تُسْرِفُوْا ''ખાવ, પીઓ અને હદથી આગળ ન વધો.'' *(સૂરએ અઅ્રાફ, આ. ૩૧)*

આ આયતનો ખુલાસો કરતાં ડૉ. અમ્માદ ફહમીએ બતાવ્યું કે ડૉકટર મોટાભાગે મેંદી અને ચીકાશથી મના કરે છે, જ્યારે કે એ બંનેવ ચીજો માનવ સ્વાસ્થ્ય માટે પાયાનું મહત્વ ધરાવે છે, તેમણે કહ્યું કે અસલ ચીજ જેનાથી મના કરવામાં આવવું એ હદથી વધી જવું છે.

બીજી આયત બતાવતાં તેમણે કહ્યું : وَجَعَلْنَا مِنَ الْمَآءِ كُلَّ شَيْءٍ حَيٍّ ''અને પાણી વડે દરેક જીવંત ચીજ પેદા કરી.'' *(સૂરએ અંબિયા, આ. ૩૦)*

ડૉ. સાહબે કહ્યું કે, **તરસ લાગે કે ન લાગે પાણી જરૂર પીઓ.** ડોકટરી માપદંડ પ્રમાણે દરેક શખ્સ પોતાના વજનના દરેક કીલો પર ૩૦ મિલી ગ્રામ પાણી પીએ. દા.ત. જો કોઈનું વજન ૭૦ કિલો છે તો તે ૨૧૦૦ મિલી ગ્રામ એટલે **બે લીટર અને ૧૦૦ ગ્રામ, લગભગ આઠ ગ્લાસ પાણી દરરોજ પીએ.** એ જિગર, કીડની તથા દિલની સારી કારકીર્દી માટે અત્યંત જરૂરી છે. ડૉ. અમ્માદ ફહમીએ ત્રીજી આયત સૂરએ નબાની આયત-૧૧ બતાવી છે : وَّجَعَلْنَا الَّيْلَ لِبَاسًا ۙ وَّجَعَلْنَا النَّهَارَ مَعَاشًا ''અને રાતને

પર્દામાં ઢાંકી અને દિવસને રોજગાર (રોજી) બનાવ્યો." *(સૂ. નબા, ૧૦, ૧૧)*

ડૉ. મૌસૂફે એની સ્પષ્ટતા કરતાં કહ્યું, **રાતે જલ્દી સૂવામાં આવે અને સવારે જલ્દી ઉઠવામાં આવે.** આ સૌથી શ્રેષ્ઠ નુસ્ખો છે જે આપને ન જાડા કરશે ન તો બીમાર કરશે.

### ★ હદીષમાં ભલાઈનો ઉલ્લેખ ★

કેટલીય હદીષોમાં આ઼ફિયત (ભલાઈ)નો ઉલ્લેખ થયેલો છે : હઝરત મઆઝ ઈબ્ને રિફાઆ رضی اللہ عنہથી રિવાયત છે કે, હઝરત અબૂબક્ર رضی اللہ عنہ મિમ્બરે રસૂલ ﷺ પર ઉભા થયા, પછી રડવા લાગ્યા અને ફર્માવ્યું : ગયા વરસે આજના જ દિવસે રસૂલુલ્લાહ ﷺ આ મિમ્બર પર જલ્વા અફરોઝ થયા. પછી રડવા લાગ્યા. પછી ફર્માવ્યું, અલ્લાહથી અફ્વ (માફી) તથા આ઼ફિયત (ભલાઈ)નો સવાલ કરો કેમ કે ઈખ્લાસના કલમા પછી આ઼ફિયતના જેવી કોઈ ચીજ નથી અતા કરવામાં આવી. *(અહમદ, તિર્મિઝી, અબ્વાબુદ્દાવાત, બાબ ફી ફઝલુત્તૌબા વલ ઈસ્તિગફાર, ૫/૫૫૭)*

એ જ કારણે જયારે રસૂલુલ્લાહ ﷺને પૂછવામાં આવ્યું કે, કઈ દુઆ અફઝલ છે ? તો આપ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاءએ જવાબ આપ્યો હતો કે, આ઼ફિયતની દુઆ.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે એક શખ્સ રસૂલુલ્લાહ ﷺની પાસે આવ્યો અને પૂછયું કે કઈ દુઆ અફઝલ છે ? ફર્માવ્યું, અલ્લાહથી દુનિયા તથા આખેરતની આ઼ફિયત (ભલાઈ)નો સવાલ કરો. આગલા દિવસે એ જ માણસ ફરી આવ્યો અને પોતાનો સવાલ દોહરાવ્યો : હે અલ્લાહના રસૂલ ! ﷺ કઈ દુઆ અફઝલ છે ? ફર્માવ્યું, તે જ જે તને કાલે બતાવી હતી. ત્રીજા દિવસે તે માણસ ફરી આવ્યો અને બોલ્યો, કઈ દુઆ અફઝલ છે ? રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેને દુનિયામાં આ઼ફિયત (રાહત, ભલાઈ) અતા કરવામાં આવી, તેને અતા કરવામાં નહીં આવે આખેરતમાં કાંઈ સિવાય ભલાઈના." *(તિર્મિઝી શરીફ)*

ખૈરો આ઼ફિયતની દુઆની એ શાન છે કે તેની પાબંદી ન કેવળ ખુદ કરતા હતા બલ્કે પોતાનાં ઘરવાળાંઓને પણ તેની તાકીદ કરતા હતા.

હઝરત અબ્બાસ رضی اللہ عنہએ ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને કહ્યું, મને એવી ચીજના બારામાં બતાવો જેનો હું અલ્લાહથી સવાલ કરું ? ફર્માવ્યું, અલ્લાહથી આ઼ફિયત (ભલાઈ)નો સવાલ કરો. કેટલાક દિવસો પછી હું ફરી ગયો અને આપને પૂછયું, મને એવી ચીજના બારામાં બતાવો જેનો હું અલ્લાહથી સવાલ કરું ? ફર્માવ્યું, હે અબ્બાસ ! હે મારા કાકા ! અલ્લાહથી દુનિયા તથા આખેરતમાં ભલાઈનો સવાલ કરો. *(તિર્મિઝી શરીફ, અબ્વાબુદ્દા'વાત, ૫/૫૪૧)*

રસૂલુલ્લાહ ﷺ ખુદ આફિયત (ભલાઈ) સિવાયની કોઈ દુઆ માગતા ન હતા.

હઝરત મઆઝ رضی اللہ عنہએ ફર્માવ્યું : રસૂલુલ્લાહ ﷺએ એક શખ્સને સાંભળ્યો કે તે સબ્રની દુઆ કરી રહ્યો છે. ફર્માવ્યું, શું તું અલ્લાહથી મુસીબત તથા આજમાઈશ માગી રહ્યો છે ?! જો સવાલ કરવો છે તો અલ્લાહથી આ઼ફિયતનો સવાલ કર. *(મુસ્નદે અહમદ, તિર્મિઝી, અબ્વાબુદ્દા'વાત, ૫/૫૪૧)*

જેથી જેણે અલ્લાહથી સબ્રનો સવાલ કર્યો તો તેને એ માલૂમ હોવું જોઈએ કે સબ્ર તકલીફ વિના નથી, અને તકલીફ માગી તો જાણે તેણે મુસીબત તથા આજમાઈશ માગી. એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ આ નસીહત કરી કે જયારે પણ અલ્લાહથી તેના ફઝ્લે અઝીમનો સાવલ કરો તો આ઼ફિયત (ભલાઈ, સુકૂન, રાહત)નો સવાલ કરો.

### ★ આ઼ફિયત શું છે ? અર્થ તથા મર્તબા ★

અરબી શબ્દકોશમાં આ઼ફિયત ઈસ્મ છે એ

અફુવ્વનથી નીકળેલ છે. એનો મતલબ ''સંપૂર્ણ સ્વાસ્થ્ય'' છે અને તેના વિવિધ પ્રકારો છે :–

**દીનના મામલામાં** આફિયતથી મુરાદ ગુનાહો તથા બિદઅતો જેવી બાબતોથી બચવું, અને ફર્માંબરદારીમાં સુસ્તીથી છૂટકારો પામવું છે. **દુનિયાના મામલામાં** આફિયતથી મુરાદ તેની બુરાઈ તથા મુશ્કેલીઓથી અલ્લાહની પનાહમાં આવવું છે. **ખાનદાનના મામલામાં** આફિયતથી મુરાદ બીમારી તથા ગુનાહોની અધિક્તાથી સલામતી છે. જ્યારે કે **માલી આફિયત**થી મુરાદ નિત નવી આર્થિક આફતોથી બચવું છે.

આફિયતના આ સર્વ પ્રકારોમાં દીની આફિયત (ભલાઈ) માણસના માટે સૌથી લાભદાયી છે, કેમ કે એ એટલી વિશ્વસનીય કે એના સમાન દુનિયામાં ખાસ કલમા પછી કોઈ નેઅમત નથી. એ ન કેવળ બંદાના ઈમાનને કાયમ રાખે છે બલ્કે અલ્લાહની પકડથી પણ બચાવે છે. જો માણસે સૌ આફિયતોમાંથી કોઈ આફિયતને પસંદ કરવી પડે તો દીનની આફિયતની સરખામણીમાં કોઈ આફિયતને ન પામશે, જે ન કેવળ અલ્લાહની પકડથી બચાવે છે બલ્કે બંદાઓની બુરાઈથી પણ બચાવે છે.

આફિયતના પ્રકારોમાં શારીરિક આફિયત પણ સામેલ છે, કેમ કે એ માણસની જિંદગી જ છે જેના કારણે માણસ સારી રીતે ઈબાદત કરી શકે છે અને પોતાના અન્ય કામોના માટે પણ પ્રયત્નો તથા જિદ્દો જેહદ કરી શકે છે. એ જ પ્રમાણે એમાં ખાનદાનની ભલાઈ (આફિયત) પણ સામેલ છે જેથી કરીને અલ્લાહ તેમના દીન, અખ્લાક, તંદુરસ્તી, હાલતો, રોજી, માલ અને અન્ય દુનિયાવી નેઅમતોમાં બરકત રાખે.

## ★ આફિયત તથા મુસીબત ★

મુસીબત તથા આજમાઈશ અલ્લાહની પોતાની મખ્લૂકાતના માટે સુન્નત છે, અને અલ્લાહ તઆલાએ એનો ખૂબ જ અધિક પ્રમાણમાં ઉલ્લેખ કર્યો છે. કેમ કે એ ક્યાં તો ગુનાહોનો કફ્ફારો છે અથવા પછી દરજાઓની બુલંદીનો ઝરીયો છે. માણસ મુસીબતમાં ક્યાં તો પોતાના ગુનાહોના કારણે સપડાય છે અથવા પછી અલ્લાહ પાક પોતાના બંદાઓની આજમાઈશ કરે છે. જેમ કે અંબિયાએ કિરામ તથા અવલિયાએ એઝામની આજમાઈશ થઈ કે જેથી તેમના દરજા બુલંદ થાય. ...*(ક્રમશઃ)*


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૧૦૦/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૪૧૧



**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ના મેમ્બર બનવા માટે
ફક્ત **રૂા. ૮૦૦/–** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! *–તંત્રી...*

| | | | | |
|---|---|---|---|---|
| બેંક ઓફ બરોડા | A/c. No. **34620100000303** **Razvi Kitab Ghar** | **IFSC Code : BARB0DAYADR** પાંચમો અંક ઝિરો છે. | Phone pay Google pay **Mo. 9427464411** | WhatsApp No. **Mo.9664521477** |

## રૂહાનિયત તથા તસવ્વુફના વિષય પર વિશ્વ વિખ્યાત મક઼બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

## (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)

**(હફતો : ૨)**

**ફારસી લેખક :** વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફતી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*اَلْحَمْدُ لِلّٰہ આ લેખમાળા ક્રમશઃ રજૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, ''આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*
*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો તો જરૂર હિદાયત પામશો, ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

**સવાલ** : હઝરત અબૂ સઈદ ગઝનવી رحمۃ اللہ علیہ એ એ સવાલ કર્યો છે કે, ''મને તેહક઼ીક઼ી તૌર પર બયાન કરો કે તરીક઼ત તથા તસવ્વુફ અને તેમના મક઼ામોની કૈફિયત તેમના મઝહબો તથા અક઼વાલ (કથનો) અને રહસ્યો તથા નિર્દેશો કયા કયા છે ? અને એ કે તરીક઼ત તથા તસવ્વુફવાળા અલ્લાહથી કેવી રીતે મહોબ્બત કરે છે અને તેમના દિલો પર રબ્બાની તજલ્લીઓના ઈઝહારની કૈફિયત શું હોય છે ? અને એ કે તેની હક઼ીક઼તની વાસ્તવિક્તાની પહોંચથી બુદ્ધિઓ પર્દામાં શા માટે છે ? અને ઈન્સાની નફ્સો તેની હક઼ીક઼તથી કેમ અલગ છે ? અને સૂફિયાએ કિરામની રૂહોને તેની મઅરેફતથી કેવી રીતે રાહત અને આરામ મળે છે ? તેમજ એના હેઠળમાં જે વાતોને જાણવી જરૂરી છે એ પણ વર્ણન કરશો.

**અલ્જવાબ** : હે તાલિબે હક઼્ ! તમને ખબર હોવી જોઈએ કે આપણા જમાનામાં ખાસ કરીને આ ઈલાક઼ાના લોકો હક઼ીક઼તના ઈલ્મથી દૂર થઈને લોભ લાલચમાં સપડાય ગયેલા છે. અલ્લાહની રઝાથી દૂર થઈને ઉલમાએ હક્ક઼ના તરીક઼ાથી ભટકી ચૂક્યા છે. **આજે જે લોકો તરીક઼ત તથા તસવ્વુફના દાવેદાર પણ જોવા મળે છે તો તેઓ હક઼ીક઼તમાં અસલ તરીક઼તની વિરુદ્ધ અમલ કરે છે અને તરીક઼તને બદ્નામ કરે છે.** જેથી એવી લાયકાત તથા કાબેલિયત પેદા કરવાની જરૂરત છે કે એ મક઼ામ સુધી પહોંચ મળી જાય જ્યાં સુધી જમાનાવાળાઓની પહોંચ નથી. અને એ મક઼ામ પર તે જ હઝરાત બિરાજમાન થયા છે જેઓ બારગાહે હક્ક઼ના ખાસ છે, અને સર્વ ઈરાદતમંદો (મુરીદો)ની એ જ મુરાદ તથા હેતુ રહેલ છે અને તેઓ તેની પ્રાપ્તિના માટે દરેક ચીજથી દૂર રહ્યા છે. જેવી રીતે મઅરેફતવાળા હક્ક઼ના વજૂદની મઅરેફતમાં સર્વ ખાસ તથા આમ મખ્લૂક઼થી બેનિયાઝ રહ્યા હતા. એનાથી ઉલ્ટુ આ જાહેરી તસવ્વુફના

દાવેદારોએ કેવળ જાહેરી ઈબાદતો પર સંતોષ કરી લીધો છે અને દિલો જાનથી હિજાબના ખરીદાર બનીને અને તેહકીકનો માર્ગ છોડીને આંધળા અનુકરણના આદી બની ગયા છે. એ જ કારણે તેહકીકે પણ પોતાનો ચહેરો એ જાહેરી દાવેદારોથી છુપાવી લીધો છે અને ખાસ લોકો એમાં ખુશ છે કે અમારા દિલમાં એની તમન્ના મૌજૂદ છે અને અમારા નફ્સમાં તેની જરૂરત તથા સીનાઓમાં તેની મહોબ્બત જોવા મળે છે. પોત પોતાની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેતાં કહે છે કે આ સૌ રબના દીદારના શોખમાં છે, અને દિલમાં જે સારી ખ્વાહિશો ઉભરે છે એ મહોબ્બતે ઈલાહીની ગરમી છે. એ જ પ્રમાણે સુલૂક (તસવ્વુફ)ના દાવેદારો (બનાવટી સૂફીઓ) પોતાના દલીલ વિનાના દાવાના કારણે સંપૂર્ણપણે મેહરૂમ થઈ ગયા છે. ઈરાદતમંદો (મુરીદો)એ રિયાઝત તથા મુજાહિદાથી હાથ ખેંચી લીધા છે અને પોતાના ફાસિદ (બુરા) ખયાલોનું નામ મુશાહેદા રાખી લીધું છે.

હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મેં તસવ્વુફ ઈલ્મ પર આથી પહેલાં ઘણી બધી કિતાબો લખી છે, પરંતુ તે સર્વે નષ્ટ થઈ ચૂકી છે અને જૂઠા દાવેદારોએ તેની અમુક વાતોને ખુદાની મખ્લૂકને શિકાર કરવાના હેતુથી પસંદ કરી લીધી છે અને બાકી સૌને ગુમ કરીને તેમનું નામો નિશાન પણ મિટાવી દીધું છે. કેમ કે હસદખોરોનો હમેશાં એ જ ધંધો રહ્યો છે. તેમણે હસદ તથા ઈન્કારને જ ખુદા તઆલાની નેઅમત જાણી રાખેલ છે. જેમ કે એમનામાંથી કેટલાક લોકો તો એવા છે જેમણે નકલ તો કરી પણ પઢી ન શક્યા અને કેટલાક લોકો એવા છે જેમણે પઢી તો લીધું પણ તેના અર્થ તથા ભાવાર્થથી વંચિત રહ્યા. તેમણે કેવળ શબ્દ તથા લખાણને પસંદ કર્યું અને તેને લખતા તથા યાદ કરતા રહ્યા. તેઓ કહે છે કે અમે તસવ્વુફ તથા મઅરેફતના ઈલ્મમાં વાતો કરી રહ્યા છીએ, જ્યારે કે એ લોકો અત્યંત બદ્નસીબી તથા મેહરૂમીમાં સપડાયેલા રહ્યા છે. વર્ગોનો (તબકાતનો) આ તફાવત એ કારણે છે કે તસવ્વુફનો ઈલ્મ અને રબની મઅરેફત કિબરિયતે અહમર (તાંબાને સોનુ બનાવનારી લાલ અકસીર)ની જેમ છે જે સૌને પ્યારી તથા પસંદ છે. કિબરિયતે અહમર એટલે ગંધક જ્યારે મળી જાય છે તો તે કીમીયો બની જાય છે તેની એક ચપટી ઘણા બધા તાંબાને સોનુ બનાવી દે છે. સારાંશ કે દરેક શખ્સ એવી દવાનો ઈચ્છુક હોય છે જે તેના દર્દનું નિવારણ બની શકે, એના સિવાય તેની અન્ય કોઈ ખ્વાહિશ નથી હોતી. એ જ ભાવાર્થનો એક બુઝુર્ગનો શેઅર છે :

كُلٌّ مَنْ فِيْ فُؤَادِهٖ وَجَعٌ ـ يَطْلُبُ شَيْئًا يُّوَافِقُ الْوَجَعَا ''દરેક શખ્સ જેના દિલમાં દર્દ છે એ જ ચાહે છે કે જે દર્દના માફક છે.''

જેની બીમારીની દવા અતિ તુચ્છ ચીજ હોય તે મોતી તથા જૌહરની શોધમાં શા માટે વ્યસ્ત રહે ? અને જવાહિરાતની મા'જૂન કે કસ્તૂરીની દવા બનાવવાની કોશિશ શા માટે કરે ? તરીકત તથા હકીકતનો ઈલ્મ તો એનાથી કેટલાયગણો વધીને છે તો દરેક અયરા ગૈરાને એ કેવી રીતે હાંસલ થઈ શકે છે ? આનાથી પહેલાં પણ ઘણા બધા જાહિલોએ પણ તરીકતના મશાઈખની ઈલ્મી કિતાબો સાથે એવો જ સુલૂક કર્યો છે. ઈલાહી રહસ્યોના ખજાના તેમના હાથોમાં પડયા તો કેમ કે તેઓ એની હકીકતથી અજ્ઞાન હતા, જાણે કે ટોપી બનાવનારા જાહિલો અને નાપાક તથા કમીના બુકબાઈન્ડરો (જિલ્દ સાઝો)ની જેમ તેમના હાથે લાગી ગયા, તેમણે ટોપીઓના અસ્તર ''અબૂ નવાસ''ના શેઅરોના દીવાન (કાવ્ય સંગ્રહ) અને ફુઝૂલ તથા બેકાર કહાનીઓની જેમ ઈલાહી રહસ્યોના ખજાનાઓ સાથે વર્તાવ કર્યો. નિઃશંક ! જ્યારે બાદશાહનો ''બાઝ'' કોઈ વૃદ્ધ સ્ત્રીના

ઝુપડા પર ઉતરે તો તે પોતાના વાળ તથા પાંખો જ ઉખેડાવશે.

### ★ જમાનાવાળાઓ વિશે શિકાયત ★

અલ્લાહ તઆલાએ આપણને એવા જમાનામાં પેદા કર્યા છે કે લોકોએ પોતાની ખ્વાહિશાતનું નામ શરીઅત, પ્રતિષ્ઠા (ઠાઠ માઠ)ની મહોબ્બતનું નામ ઈજ્જત, ઘમંડનું નામ ઈલ્મ અને રિયાકારીનું નામ તક્વો રાખી લીધું છે. અને દિલમાં કીનાને છુપાવવાનું નામ હિલમ (સહનશક્તિ), મુજાદલા (વાદ વિવાદ)નું નામ મુનાઝરા, પરસ્પર લડાઈ તથા બેવકૂફીનું નામ અઝમત, નિફાક્ (મુનાફિક્પણા)નું નામ વિફાક્ (દોસ્તી), આરઝૂ તમન્નાનું નામ ઝુહદ (તક્વો), બકવાસની પ્રકૃતિનું નામ મઅરેફત, નફસાનિયતનું નામ મહોબ્બત, અધર્મતાનું નામ ફક્રીરી, અસ્તિત્વના ઈન્કારનું નામ બરગુઝીદગી, બેદીની તથા નાસ્તિકતાનું નામ ફના અને નબી કરીમ ﷺની શરીઅતને ત્યજી દેવાનું નામ તરીક્ત રાખી લીધું છે. અને દુનિયાવાળાઓની આફતોને મામલો કહેવા લાગ્યા છે, એના કારણે રૂહાનિયતવાળા બુઝુર્ગો તથા હક્રીક્તના આરિફો (અવલિયા)એ એ લોકોથી દૂરી અપનાવી રાખેલી છે અને એકાંત ખૂણામાં રહેવાનું પસંદ કરી લીધું છે. એ જૂઠા દાવેદારો (જૂઠા સૂફીઓ)નો એવો ગલ્બો થઈ ગયો છે જેવી રીતે ખિલાફતે રાશિદાના અંત પછી અહલે બયતે અત્હાર رضوان اللہ تعالیٰ علیہم اجمعین પર આલે મરવાનનો ગલ્બો થઈ ગયો હતો. આ હક્રીક્તનો ખુલાસો શહનશાહે અહલે હક્રાઈક, બુરહાને તેહક્રીક્ વ દક્રાઈક્ હઝરત અબૂબક્ર વાસતી رحمۃ اللہ علیہએ શું સરસ કર્યો છે ! તે ફર્માવે છે :

اُبْتُلِيْنَا بِزَمَانٍ لَيْسَ فِيْهِ آدابُ الاِ سْلَامِ وَلَا اَخْلَاقُ الْجَاهِلِيَّةِ وَلَا اَحْكَامُ ذِى الْمُرُوَّةِ

"અમે એવા દૌરમાં ફસાઈ ગયા જેમનામાં ન તો ઈસ્લામના આદાબ છે અને ન જાહિલિયતના અખ્લાક્ છે અને ન આમ ઈન્સાની શરાફતના તૌર તરીક્રા."

હઝરત શિબ્લી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અરબ શાઈર મુતનબ્બીનો આ શેઅર વર્તમાનકાળના લોકો પર બરાબર ફીટ બેસે છે :–

نَجَا اللّٰهُ فِي الدُّنْيَا مُنَاخًا لِرَاكِبٍ - فَكُلُّ بَعِيدِ الْهَمِّ فِيهَا مُعَذَّبُ

"અલ્લાહથી દુનિયાદારોની તમન્ના ઊંટસવારની મંઝિલ છે, તો જે ગમથી દૂર છે તે જ આખેરતમાં અઝાબ પામનાર છે."

### ★ દુનિયા ઈલાહી રહસ્યોનું સ્થાન છે ★

હે હક્રના તાલિબ ! અલ્લાહ તઆલા તમને શક્તિ આપે, સારી રીતે સમજી લો કે મેં આ દુનિયાને ઈલાહી રહસ્યોનું સ્થળ અને આલમની કાઈનાતને એનું મક્રામ અને ચીજોની હક્રીક્તોને લતાઈફ (બારીકીઓ) તથા રહસ્યોનું રહેઠાણ પામ્યું છે જેને અલ્લાહ તઆલાના અવલિયા તથા મુહિબ્બો જ સારી રીતે જાણે છે. આ એઅરાઝ તથા જવાહિર, અનાસિર તથા અજરામ અને તમામ અજસામ તથા તબાએઅ એ ઈલાહી રહસ્યોના હિજાબો છે. મક્રામે તૌહીદમાં તેની સાબિતી શિર્ક છે. એ પણ યાદ રાખો કે અલ્લાહ તઆલાએ આ જહાનને હિજાબનું સ્થળ બનાવ્યું છે જેથી પોત પોતાના આલમમાં દરેક તબીઅત હક્ર તઆલાના ફર્માનથી સુકૂન તથા ચૈન હાંસલ કરી શકે અને પોતાના વજૂદને તેની તૌહીદમાં ગુમ કરી દે. કેમ કે આ જહાનમાં રૂહો પોતાના શરીરો સાથે મુલ્હિક્ થઈને (ભળી જઈને) ઈખ્લાસના મક્રામથી હટીને એવી ઘમંડી થઈ ગઈ છે કે તેમની બુદ્ધિઓ ઈલાહી રહસ્યોની પહોંચથી આજિઝ અને તે રૂહો કુર્બે હક્રથી મસ્તૂર તથા મહજૂબ (છુપુ તથા પર્દામાં) થઈ ગઈ છે. જેનો અંજામ એ થયો કે માણસ પોતાની

હસ્તીના સબબે ગફલતના અંધકારમાં ડૂબી ગયો અને મક઼ામે ખુસૂસિયતમાં પોતાની હસ્તીના પર્દાના લીધે અચબદાર બની ગયો. અલ્લાહ તઆલાએ પોતાના ઈર્શાદમાં આ જ હક઼ીક઼તને પ્રદર્શિત કરી છે : وَالْعَصْرِۙ اِنَّ الْاِنْسَانَ لَفِیْ خُسْرٍ "ક઼સમ છે જમાનાની ! બેશક ! ઈન્સાન યક઼ીની નુકસાનમાં છે." (સૂરએ અસ્ર, ૧૦૩/૧,૨) અને ફર્માવ્યું : اِنَّهٗ كَانَ ظَلُوْمًا جَهُوْلًا "બેશક ! તે પોતાની જાનને તકલીફમાં નાખનાર ઘણો નાદાન છે." *(સૂરએ અહઝાબ, ૩૩/૭૨)*

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ મખ્લૂક઼ને અંધકારમાં પેદા કરી પછી રોશની નાખી." તો આ હિજાબ આ જહાનથી તેના માટે ઈખ્તિયારે તબઅ (ફિત્રતનો અખત્યાર) બની ગયો કેમ કે તેણે પોતાની તબીઅત અને પોતાની બુદ્ધિથી એમાં તસર્રુફ કર્યો, ત્યાં સુધી કે તેણે ન કેવળ જેહાલત તથા નાદાનીને પસંદ કરી, બલ્કે હિજાબો (આડશો)નો તે દિલો જાનથી ખરીદાર તથા મતવાલો બની ગયો, એ જ કારણે કશ્ફના જમાલથી બેખબર અને ઈલાહી રહસ્યોની તેહક઼ીક઼થી બેપરવા બની ગયો અને તે કામચલાઉ રહેઠાણમાં ખુશ રહીને પોતાની ભલાઈ તથા નજાતથી ગાફિલ થઈ ગયો. આ રીતે રબ તઆલાની તૌહીદથી બેઈલ્મ, હદીષના જમાલથી બેખબર, તૌહીદની લિજ્જતથી વંચિત થઈ ગયો છે. રૂહ તથા શરીરના મિલનથી હક્ક઼ના મુશાહિદાની તેહક઼ીક઼થી વંચિત છે અને દુનિયાથી લોભ લાલચમાં પડીને હક્ક઼ તરફ રુજૂઅ અને તૌબાથી વંચિત થઈ ગયો અને હયવાની નફસે જે હક઼ીક઼ી હયાતીના સિવાય છે તેની સમજવાની શક્તિથી લાચાર કરી દીધો. ત્યાં સુધી કે સર્વ હરકતો તથા ખ્વાહિશો, હયવાની નફ્સના તાબે થઈને રહી ગઈ. પછી એ હાલત થઈ ગઈ કે ખાવા, પીવા, સૂવા અને કામ વાસનાઓની ખ્વાહિશો સિવાય કોઈ ચીજનો હોશ ન રહ્યો. અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ અવલિયાને એ સર્વ વાતોથી બચવાનો હુકમ આપ્યો. રબનો ઈર્શાદ છે :

ذَرْهُمْ يَاْكُلُوْا وَ يَتَمَتَّعُوْا وَ يُلْهِهِمُ الْاَمَلُ فَسَوْفَ يَعْلَمُوْنَ

"દુનિયાવાળાઓને છોડી દો જેથી તેઓ ખાય, નફો ઉઠાવે અને તમન્નાઓમાં મગ્ન રહે, નજીકમાં ખબર પડી જશે." (સૂરએ હિજ્ર, ૧૫/૩) એટલા માટે કે તેમની આદત તથા ખસલત જ એ છે કે તેમના પર ઈલાહી રહસ્યો છુપાં રહે અને હક્ક઼ તઆલાની તૌફીક઼ તથા ઈનાયતથી વંચિત રહીને હમેશાં બેઈજ્જત રહે, ત્યાં સુધી કે તે આ નફ્સે અમ્મારા (ગુનાહ પ્રતિ દોરતો નફ્સ) કે જે હમેશાં બુરાઈનો હુકમ આપે છે તેના તાબા હેઠળ થઈ જાય. યાદ રાખો આ ઘણો જ મોટો હિજાબ (પર્દો) છે અને આ જ દરેક બુરાઈ તથા શરતોનું ઉદ્ભવ સ્થાન તથા શ્રોત છે. હક્ક઼ તઆલાનો ઈર્શાદ છે : اِنَّ النَّفْسَ لَاَمَّارَةٌۢ بِالسُّوْٓءِ "બેશક ! નફ્સ તો બુરાઈનો જબરદસ્ત હુકમ આપવાવાળો છે." *(સૂરએ યૂસુફ, ૧૨/૫૩)*

આ પ્રાસ્તાવિક નસીહતો પછી તમારા સવાલમાં જે મક઼સદો છે એનું વર્ણન શરૂ કરું છું અને જે મક઼ામો તથા હિજાબો છે તેનું વર્ણન મજેદાર અંદાઝમાં સંપાદિત કરું છું અને ઈલ્મ તથા ઈરફાનવાળાઓનાં લખાણોને ખુલાસા સાથે અને જરૂરત મુજબ મશાઈખના કથનોને સામેલ કરું છું. તેમજ અજીબો ગરીબ હિકાયતોને વર્ણવીને મક઼સદો સમજવામાં તમારી મદદ કરું છું જેથી તમારો મક઼સદ પૂર્ણ થઈ જાય અને જાહેરી ઈલ્મવાળા ઉલમાને પણ માલૂમ થઈ જાય કે તસવ્વુફના તરીક઼ાની જડ મજબૂત અને તેની ડાળીઓ મેવાદાર છે. અને તેઓ એ હક઼ીક઼તથી માહિતગાર થઈ જાય કે જેનાથી તરીક઼તના સર્વ મશાઈખ, ઈલ્મવાળા તથા મઅરેફતવાળા હતા અને તેઓ પોતાના મુરીદોને આ ઈલ્મને શીખવાનો શોખ અપાવતા હતા અને તેના પર ક઼ાયમ રહેવાનો ઉમંગ

પેદા કરતા હતા. તેઓ કોઈ પણ હાલતમાં ખેલકૂદનું અનુસરણ કરતા ન હતા અને કદાપિ એ પાકીઝા હઝરાત કોઈ ફોગટના કામમાં પડતા ન હતા. ઘણી અતિ સંખ્યામાં તરીકતના મશાઈખ તથા મઅરેફતના આલિમોએ તસવ્વુફ તથા તરીકતમાં કિતાબો લખી છે અને ઈલાહી રહસ્યોને દલીલ તથા બુરહાન સાથે બારીક લખાણો વડે સાબિત કરેલ છે وبااللہ التوفیق.

## ★ ઈલ્મ પ્રાપ્તિ ફર્ઝ હોવું અને તેનું મહત્વ ★

અલ્લાહ તઆલાએ ઉલમાએ રબ્બાનીની ખૂબી વર્ણવતાં ફર્માવ્યું : اِنَّمَا یَخۡشَی اللّٰهَ مِنۡ عِبَادِهِ الۡعُلَمٰٓؤُا "અલ્લાહથી એના બંદાઓમાં તેઓ જ ડરે છે જેઓ ઈલ્મવાળા છે." (સૂરએ ફાતિર, ૩૫/૨૮) હકીકતમાં ખુદાના બંદાઓમાંથી ઉલમા જ ખુદાનો ડર રાખે છે.

રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે કે, "દરેક મુસલમાન પુરૂષ સ્ત્રી પર ઈલ્મ હાંસલ કરવો ફર્ઝ છે." તેમજ ફર્માવ્યું, "ઈલ્મ હાંસલ કરો ભલે (દૂર દૂરના સ્થળે) ચીનમાં જ કેમ ન હોય."

હે હક્કના તાલિબ ! તમને જાણ હોવી જોઈએ કે ઈલ્મની કોઈ હદ કે સીમા નથી અને આપણી જિંદગી મર્યાદિત તથા ટૂંકી છે. દરેક શખ્સ પર સર્વ કામોનો ઈલ્મ ફર્ઝ ઠરાવવામાં નથી આવ્યો, જેમ કે ઈલ્મે નુજૂમ, ઈલ્મે હિસાબ, અને દુર્લભ તથા અજીબ હુન્નરો વગેરે, પરંતું એમાંથી એટલા પ્રમાણમાં શીખવું જેટલુ શરીઅતથી સંબંધિત જરૂરી છે. દા.ત. ઈલ્મે નુજૂમથી એટલુ શીખવુ દિવસ રાતના સમયો (જેમનાથી નમાઝ તથા રોઝાની અદાયગી સહીહ તરીકાથી થઈ શકે) એ શીખવું જરૂરી છે. એ જ પ્રમાણે ડોકટરી વિદ્યાથી એટલુ જેનાથી ઈદ્દતના દિવસો જાણી શકાય, અને ઈલ્મે હિસાબ (ગણિત)થી એટલા પ્રમાણમાં જેનાથી ફર્ઝો એટલે વારસા વગેરેની વહેંચણી થઈ શકે. સારાંશ અમલના માટે જેટલા પ્રમાણમાં ઈલમની જરૂરત છે તેને હાંસલ કરવું ફર્ઝ તથા લાઝિમ છે, પરંતું એવા ઈલ્મો જે કોઈને નફો ન પહોંચાડી શકે, અલ્લાહ તઆલાએ એવા ઈલ્મોની પ્રાપ્તિની બુરાઈ વર્ણવી છે. ઈર્શાદ છે : وَیَتَعَلَّمُوۡنَ مَا یَضُرُّهُمۡ وَلَا یَنۡفَعُهُمۡ "અને તે શીખે છે જે એમને નુકસાન આપશે, લાભ ન આપશે." *(સૂરએ બકરહ, ૨/૧૦૨)*

રસૂલુલ્લાહ ﷺએ એ નફા વિનાના ઈલ્મથી પનાહ માગી છે. આપનો ઈર્શાદ છે : اَعُوۡذُبِكَ مِنۡ عِلۡمٍ لَا یَنۡفَعُ "હે ખુદા ! હું પનાહ માગુ છું એવા ઈલ્મથી જે નફો ન પહોંચાડે."

યાદ રાખો ! ઈલ્મની સાથે અમલ જરૂરી છે. થોડા સરખા ઈલ્મ માટે પણ ઘણો જ વધુ ઈલ્મ જરૂરી છે. ઈલ્મ તથા અમલ બંને આપસમાં એકબીજાના પુરક છે, જેથી ઈલ્મની સાથે અમલ હમેશાં સામેલ રહેવો જોઈએ. એ જ પ્રમાણે ઈલ્મ વગર અમલ બેકાર છે. હુઝૂર ﷺ નો ઈર્શાદ છે : اَلۡمُتَعَبِّدُ بِلَا فِقۡهٍ كَالۡحِمَارِ فِیۡ طَاحُوۡنَةٍ **"ઈલ્મ વિના ઈબાદતગુઝાર એ ગધેડાની જેમ છે જે આટાની ઘંટીથી બંધાયેલો છે."**

ઘંટી સાથે બંધાયેલો ગધેડો ભલે દોડતો ભાગતો તથા ચાલે છે, પરંતું તે પોતાની જ ધરીમાં ઘુમતો રહે છે અને કોઈ અંતર પાર નથી કરી શકતો. મેં આમ લોકોના એક ગિરોહને જોયો છે કે તેઓ ઈલ્મને અમલ પર ફઝીલત આપે છે અને એક ગિરોહ એવો પણ જોયો કે તેઓ અમલને ઈલ્મ પર અગ્રતા આપે છે, જો કે એ બંને ગિરોહ (વર્ગો)ના ખયાલો બાતિલ છે. એટલા માટે કે ઈલ્મ વિનાના અમલને હકીકતમાં અમલ જ નથી કહી શકાતો, કેમ કે આમિલ ત્યારે અમલ કરે છે જ્યારે કે પહેલાં એને એનો ઈલ્મ હોય. મતલબ એ કે બંદાને ઈલ્મ હોય છે કે આ અમલને

કરવાનો ખુદાએ તેને હુકમ આપ્યો છે. એ ઈલ્મ બાદ બંદો એના પર અમલ કરે છે જેનાથી તે અમલ કરવાના ઝરીયે અજરો સવાબનો મુસ્તહિક઼ ઠરે છે. સમજવું એવું જોઈએ કે નમાઝ એક અમલ છે, જ્યાં સુધી બંદાને પ્રથમ પાકીનો ઈલ્મ ન હોય, એ જ પ્રમાણે પાણીની ઓળખનો ઈલ્મ, કિ઼બ્લાની દિશાનો ઈલ્મ, નિય્યતની કૈફિયતનો ઈલ્મ, નમાઝના સમયનો ઈલ્મ, અને નમાઝના અરકાનોનો ઈલ્મ પહેલેથી જ હોય કે નમાઝ સહીહ કેવી રીતે થઈ શકે છે ? જેથી જ્યારે ઈલ્મ વિનાના અમલથી બંદો બેઈલ્મ થઈ જાય છે તો જાહિલને એનાથી કેવી રીતે અલગ કરી શકે છે. એ જ પ્રમાણે એ ગિરોહનો હાલ છે જે ઈલ્મ પર અમલને ફઝીલત આપે છે. આ ખયાલ પણ બાતિલ તથા અશક્ય છે. કેમ કે અમલના વગર ઈલ્મ કાંઈ કામ ન આવશે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

نَبَذَ فَرِيْقٌ مِّنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ ۙ كِتٰبَ اللّٰهِ وَرَآءَ ظُهُوْرِهِمْ كَاَنَّهُمْ لَا يَعْلَمُوْنَ

"તો કિતાબવાળાઓથી એક વર્ગે અલ્લાહની કિતાબ પીઠ પાછળ ફેંકી દીધી, જાણે તેઓ કાંઈ ઈલ્મ જ નથી ધરાવતા." *(સૂરએ બક઼રહ, ૨/૧૦૧)*

અલ્લાહ તઆલાએ આ આયતે કરીમામાં બેઅમલ આલિમને આલિમોના વર્ગમાં સામેલ કરવાથી નકાર કર્યો છે. એટલા માટે કે શીખવું, યાદ કરવું, મહેફૂઝ કરવું એ સૌ પણ તો અમલના ગૃપમાંથી છે અને એ અમલ થકી જ તો બંદો સવાબને પાત્ર થાય છે. જો આલિમનો ઈલ્મ તેની પોતાની મહેનત તથા કાર્યથી ન હોય તો પછી તે કોઈ સવાબનો કેવી રીતે હક્ક઼દાર થઈ શકે છે ?!

આવી વાતો એ જ લોકો બનાવે છે જેઓ લોકોમાં દુનિયવી ઈજ્જત તથા મર્તબા અને શાનો શૌકતના (ઠાઠ માઠ) ખાતર ઈલ્મ હાંસલ કરે છે, ઈલ્મે નફ્સ (**Psychology**) (ઈલ્મના મૂળ હેતુ)થી તેમને કોઈ લગાવ તથા લેવા દેવા નથી હોતી. એવા લોકો યક઼ીનન ! ઈલ્મથી વંચિત છે, કેમ કે તેઓ અમલને ઈલ્મથી અલગ કરે છે. તેઓ ન તો ઈલ્મથી ક઼દર જ જાણે છે અને ન અમલથી વાકેફ છે. અમુક જાહિલ તો ત્યાં સુધી કહી આપે છે કે એ તે "ક઼ાલ" (કથન) છે એટલે ઈલ્મની વાતો છે, અમારે ઈલ્મ ન જોઈએ બલ્કે "હ઼ાલ" એટલે અમલ જોઈએ. અને કોઈ નાદાન એવું કહી નાખે છે કે અમલની શું જરૂરત છે ? કેવળ ઈલ્મ જ પૂરતો છે ! જ્યારે કે જેવી રીતે અમલ વિના ઈલ્મ ફાયદો નથી પહોંચાડતો એવી જ રીતે ઈલ્મ વિના અમલ ફાયદાકારક નથી. આ બંને માન્યતા (ખયાલો) બાતિલ (ગલત) છે, હક઼ીક઼તમાં ઈલ્મ તથા અમલ બંનેવ જ એકબીજાના પૂરક છે. ...*(ક્રમશઃ)*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ**નો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી** رحمۃ اللہ علیہ**ની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન**

*(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૫૫૦/–** (ટપાલ ખર્ચ રૂા.૧૫૦ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

**C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા,

તા. જિ. ભરૂચ, ગુજરાત,

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઝર્બે હૈદરી

(હફ્તો : ૨)

**અઝ** : *શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈ*
**ગુલામરસૂલ કાસમી કાદરી નક્શબંદી** دام ظلہ العالی
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ **'ઝર્બે હૈદરી'** નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અક્વાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ તફઝીલી રાફઝીઓની ઓળખ ★

બીજી બાજુ અમુક લોકો તે છે જેઓ મૌલા અલી رضی اللہ عنہ ને સૈયદના અબૂબક્ર તથા હઝરત ઉમર ફારૂક (શૈખૈન) رضی اللہ عنہما થી પણ અફઝલ માને છે, જ્યારે કે મૌલા અલીની વિશિષ્ટતાઓ તેર છે તો સિદ્દીકે અકબરની વિશિષ્ટતાઓની સંખ્યા વીસથી વધુ છે. જેની વિગત આ કિતાબમાં વર્ણવવામાં આવી રહી છે જે વાંચીને જોઈ લો. વિશિષ્ટતાઓ તથા અફઝલિયતના મુન્કિર રાફઝી તથા તફઝીલી છે. એ લોકો પણ ખારજીઓની જેમ જ છે પણ બીજી સીમા પર ઉભેલા છે. એ બંનેથી વિરુદ્ધ અહલે સુન્નતનો અકીદો એ છે કે : تَفْضِيْلُ الشَّيْخَيْنِ وَحُبُّ الْخَتَنَيْنِ એટલે **"શયખૈન (અબૂબક્ર, ઉમર رضی اللہ عنہما)ને અફઝલ માનવા અને ખતનૈન (જમાઈઓ ઉષ્માન, અલી رضی اللہ عنہما)થી મહોબ્બત રાખવી."** (શર્હે અકાઈદે નસફી, પેજ–૧૫૦) અહલે સુન્નતના ઉલમાએ સખત ચેતવણી આપી છે કે, "શયખૈન"ની અફઝલિયતનો એ અર્થ નથી કે ખુદા ન ખ્વાસ્તા "ખતનૈન"ની મહોબ્બતમાં કમી આવી જાય, અને "ખતનૈન"ની મહોબ્બતનો એ અર્થ નથી કે તેમને શયખૈનથી અફઝલ સમજી લેવામાં આવે.

"શીઆ" મઝહબમાં અસંખ્ય ફિર્કા જોવા મળે છે. તેમના ફિર્કાઓની વિગત અગણિત ઉલમાએ કિરામ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان એ પોતાની કિતાબોમાં વર્ણવી છે. દા.ત. શાહ અબ્દુલઅઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ "તોહફાએ ઈષ્ના અષરિયહ"માં, કાઝી ષનાઉલ્લાહ પાનીપતી رحمۃ اللہ علیہ એ "સૈફુલ મસ્લૂલ"માં, હુઝૂર ગૌષે આ'ઝમ, કુત્બુલ અક્તાબ સૈયદના અબ્દુલકાદિર જીલાની قُدِّسَ سِرُّهُ الْعَزِيْز એ "ગુન્યતુત્તાલિબીન"માં વર્ણવેલ છે.

આ મઝહબની એક ખાસ 'તા'લીમે તકિય્યા' એટલે 'દીનને છુપાવવું'. આ તકિય્યાના કારણે તેમના સર્વ ફિર્કાઓની ઓળખ તથા પહેચાન ખૂબ જ મુશ્કેલ થઈ ચૂકી.

આજે અમે જે વિષય પર કલમ ઉઠાવી રહ્યા છીએ તે એમના એવા ફિર્કા છે જેઓ પોતાને "અહલે સુન્નત" કહે છે ! તેમના પણ વિવિધ પ્રકારો છે. તેમનામાંનો એક ફિર્કો મૌલા અલી رضی اللہ عنہ ને પ્રથમ ત્રણ ખલીફાઓ કરતાં અફઝલ કહે છે. એ ફિર્કાને "તફઝીલી ફિર્કો" કહેવામાં આવે છે. એમનો એક ફિર્કો હઝરત મુઆવિયહ رضی اللہ عنہ ને ગાળો આપે છે. મોટાભાગે એવું પણ છે કે જે લોકો તફઝીલી છે તેઓ જ સૈયદના અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના પણ દુશ્મન છે. આ સૌ ગુમરાહ તથા બિદઅતી ફિર્કા છે. **ઉલમાએ**

**અહલે સુન્નતે સ્પષ્ટતા કરી છે કે એ લોકો અહલે સુન્નતથી ખારિજ (નીકળી ગયેલા) છે.**

ઈલ્મવાળા જાણે છે કે ખારજી, રાફઝી તથા મોઅતઝલા ગુમરાહ ફિર્કા છે જેઓ 'ઉમ્મતના ઈજમાઅ' અને 'સવાદે આ'ઝમ' (મોટી જમાઅત અહલે સુન્નત)ને કોઈ ચીજ નથી સમજતા. ખારજીનો અર્થ છે નીકળી જનાર. રાફઝીનો અર્થ છે છોડી આપનાર, અને વેરવિખેર થઈ જનાર. મોઅતઝલાનો અર્થ છે અલગ થઈ જનાર. જે શખ્સ સવાદે આ'ઝમની વિરુદ્ધ પોતાની ખુરાફત (ખોટી બકવાસ ખરાબીઓ)ને દુરુસ્ત સાબિત કરવા માટે કુર્આન તથા સુન્નતથી દલીલો પેશ કરતો હોય તેને મુલ્હિદ કહેવામાં આવે છે. "મુલ્હિદ" શબ્દ "લહદ"થી બન્યો છે અને લહદ એક ખૂણા તથા પાસાને કહે છે. વાંકુ થઈ જવું અને તીરનું નિશાન મિસ થઈ જવું પણ ઈલ્હાદ કહેવાય છે. એટલા માટે બગલી કબરને પણ લહદ કહે છે અને લહદને કબરની વચ્ચેના બદલે કબરની બગલમાં બનાવવામાં આવે છે. જાણે રાફઝીઓ, ખારજીઓ અને મોઅતઝલાવાળો ભાવાર્થ મુલ્હિદોમાં પણ જોવા મળે છે. શબ્દકોશ ઉઠાવીને જોઈ લો એમનાં નામોના આ જ અર્થો છે જે અમે વર્ણવ્યા. એ સૌમાં એક જ રૂહ કાર્યરત છે. એટલે કે સવાદે આ'ઝમ (મોટી જમાઅત અહલે સુન્નત)થી નીકળનારા, છોડવાવાળા અને અલગ થનારા. આ પ્રમાણે સંયુક્ત (Common Factor)ના કારણે એઓ પોતાની જ સોચના માલિક અને આઝાદ ખયાલ હોય છે. એ જ આઝાદ ખયાલી તેમની અંદર ખૂબ જ અતિ પ્રમાણમાં ફિર્કાઓને જન્મ આપવાનો સબબ બની તેમનો દરેક બંદો પોતાની અંગત તેહકીક ઉઠાવીને ફરે છે જે બીજાઓથી તદ્દન વિરુદ્ધ તથા નિરાળી હોય છે. એ લોકો તેહકીકની આડમાં જ્યારે બાલની ખાલ ઉતારે છે તો બીચારી ભોલી પબ્લિક "વાહ ! વાહ !" કરવા લાગી જાય છે, પણ તેમને ખબર નથી હોતી કે આ શખ્સ ગુમરાહ છે અને તેમને પણ ગુમરાહ કરી રહ્યો છે.

જે લોકો પોતાની ગરદનથી 'સબીલુલ મો'મિનીન' (મો'મિનોની રાહ)નો પટ્ટો ઉતારીને આઝાદ ખયાલ થઈ જાય છે અને તેમનું દષ્ટાંત "કટી પતંગ" જેમ હોય છે જે ખુદાને ખબર કોની ગોદમાં જઈને પડે અથવા કયા થાંભલા પર ભેરવાઈ જાય ! પરંતું લૂટાઈ જવું અને ટુકડા ટુકડા થઈ જવું અંતે તેનું મુકદ્દર હોય છે. નઊઝુબિલ્લાહિ મિન્ ઝાલિક.

નજીકના ભૂતકાળમાં ઘણા બધા લોકો એવા થઈ ગયા છે જેઓ ગૈર મુકલ્લિદોના સરદાર હોવા છતાં પોતાને અહલે હદીષ કહેતા હતા, પણ આપ એ વાંચીને આશ્ચર્ય પામશો કે ગૈર મુકલ્લિદો જ નહીં બલ્કે ગૈર મુકલ્લિદોના સરદાર હોવા છતાં લોકો મીલાદ મનાવે છે. પાકા વહાબી હોવા છતાં તેમને અહલે બયતે અત્હાર عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُથી ઘણી મહોબ્બત હતી. સાચા અર્થમાં આઝાદ ખયાલ હોવા છતાં તફઝીલી હતા. અમે આ સૌ વાતો ખૂબ જ જિમ્મેદારીની સાથે લખી છે. સાબિતી જોઈ લો :–

નવાબ સિદ્દીક હસનખાં ભોપાલી ગૈર મુકલ્લિદ હતા પણ તેમ છતાં મીલાદ મનાવતા હતા, અને તેમણે મીલાદના જાઈઝ હોવાના વિષય પર એક કિતાબ લખી છે જેનું નામ છે :– اَلشَّمَامَةُ الْعَنْبَرِيَّةُ فِیْ مَوْلَدِ خَيْرِ الْبَرِيَّةِ (અશશામામતુલ અબરિયા ફી મવલદિ ખૈરિલ્ બરિય્યા). અલ્લામા વહીદુઝ્ઝમાં ગૈર મુકલ્લિદોનો ઠેકેદાર આલિમ છે પણ તેમ છતાં તફઝીલી હતો. તેની કિતાબ લુગાતુલ હદીષ પઢીને જુઓ જે છ જિલ્દોમાં છે અને એમાં તે ઠેક ઠેકાણે મહબ્બતે અહલે બયતનો નોહા કરે છે. مرج البحرين (મરજુલ્ બહરૈન)થી મુરાદ મૌલા અલી અને સૈયદતુન્નિસા رضی اللہ عنہا લે છે, અને اللؤلوء والمرجان (લૂઅ લૂઅ વલ્મરજાન)થી મુરાદ

હસ્નૈન કરીમૈન علیٰ جدھما وعلیھما الصلوٰۃ والسلام લે છે. બીજી બાજુ એ શખ્સે હનફીઓની દર્સી કિતાબ "શર્હે અક઼ાઈદે નસફી" પર તખરીજ પણ લખી છે જેનું નામ છે : "અહસનુલ ક઼વાઈદ ફી તખરીજે અહાદીષે શરહિલ અક઼ાઈદ." એ બીચારો ગૈર મુક઼લ્લિદ છે જે ક્યાંક તફઝીલી છે તો ક્યાંક હનફિયત પર કામ કરી રહ્યો છે !

સૈયદ સુલેમાન મન્સૂરપૂરી પણ એક પ્રખ્યાત ગૈર મુક઼લ્લિદ આલિમ છે જેમણે સીરતના વિષયમાં ત્રણ જિલ્દોમાં કિતાબ "રહમતુલ લિલ્ આલમીન (ﷺ) લખી છે. એ કિતાબ વાંચીને જણાય છે કે લેખકના દિલમાં અહલે બયતની મહોબ્બત મોજાં મારી રહી છે ! પણ તેમ છતાં તે ગૈર મુક઼લ્લિદ છે.

પ્રોફેસર અબૂબકર ગઝનવી એ જ ખયાલ તથા વિચારવાળા માણસ છે, બલ્કે એ તો અહલે હદીષ હોવા છતાં પીરી મુરીદી પણ કરતા હતા અને બાપદાદાના તૌર પર નક઼શબંદી સિલસિલાથી સંબંધિત હતા.

મહબ્બતે રસૂલનો દાવો તો દરેક ગૈર મુક઼લ્લિદ તથા રાફઝી, તફઝીલી પણ લઈને ફરે છે પણ ખરાબી એ સૌમાં એ જ છે કે પોતાના અન્ય અક઼ીદાઓમાં ઘાલમેલના શિકાર છે અને સવાદે આ'ઝમ (અહલે સુન્નત)થી ટકરાવના કારણે કોઈ ખારજી છે, કોઈ રાફઝી અને કોઈ મોઅતઝલા છે.

અજબના, રિજેકટેડ તથા મરદૂદ અક઼વાલ (કથનો) લગભગ દરેક વિષય પર કિતાબોમાં ઉપલબ્ધ છે. દા.ત. અમુક કિતાબોમાં લખ્યું છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام સર્વ નબીઓથી અફઝલ છે, ત્યાં સુધી કે આપણા નબી કરીમ علیہ الصلوٰۃ والسلامથી પણ અફઝલ છે. અમુક કિતાબોમાં લખ્યું છે કે ફિરઔનને બખ્શવામાં આવ્યો. અમુકમાં લખ્યું છે કે યઝીદ બખ્શવામાં આવ્યો. અમુકમાં લખ્યું છે કે, કેમ કે યઝીદ મુસલમાન હતો ભલે ગુનેહગાર ખરો, જેથી તેને "રહમતુલ્લાહિ અલૈહ" કહેવું જાઈઝ છે. આવી વાતોમાંથી અમુક ઈલ્હાક઼ી (અસલથી ખારિજ), અમુક મનઘડત અને અમુક મરજૂઅ (રુજૂઅ કરેલી) છે.

તદ્ ઉપરાંત મોઅતઝલા, ખારજી, રાફઝી અને નેચરીઓની કિતાબોમાં વિવિધ પ્રકારના ખુરાફાત (ખરાબીઓ) મૌજૂદ છે. એ ખુરાફાતમાં મેઅરાજનું રૂહાની હોવું, મૌલા અલીનું ગલતી પર હોવું, ઈમામ હુસૈનનું બાગી હોવું વગેરે સામેલ છે, મઅઝલ્લાહ !

પરંતું યાદ રાખશો ! હક્કનું માપદંડ સવાદે આ'ઝમ (અહલે સુન્નત)નો અપનાવેલ મૌક઼િફ (વિચાર શૈલી) છે. જે શખ્સે પૈસાના જોરે ઘણી જ મોટી લાયબ્રેરી જમા કરી લીધી હોય તેની લાયબ્રેરીમાં દરેક પ્રકારની ફોગટની ચીજો મૌજૂદ હોય શકે છે. જો એવા શખ્સની પાચન શક્તિ ખરાબ છે તો તે પ્રચલિત કિતાબો પર ભરોસો કરવાને બદલે તથા મુખ્તાર (પસંદીદા) અકવાલની પયરવી કરવાને બદલે ઉલમાના વિવાદાસ્પદ, રિજેકટેડ તથા મરદૂદ કથનો તથા દુર્લભ કિતાબોના હવાલાઓ પર ન કેવળ વિશ્વાસ કરે છે બલ્કે ફખ્ર પણ કરે છે અને બાલની ખાલ ઉતારી ઉતારીને પોતાના ગલત મૌક઼િફ (વિચાર શૈલી)ને ખૂબ તુચ્છ તાવીલો થકી સાબિત કરે છે અને પોતાની તેહક઼ીક઼ના સમર્થનમાં કોઈ મોઅતઝલા કે ખારજી વગેરેના કથનો અથવા કોઈનો મરદૂદ ક઼ૌલ પેશ કરીને પોતાની તેહક઼ીક઼ને ચાર ચાંદ લગાડી આપે છે ! તેના વિરોધમાં સવાદે આ'ઝમ (અહલે સુન્નત) ભલે કાંઈ પણ ચીખતો રહે તેને એની પરવા નથી હોતી. આમ પબ્લિક એની આવી ખુરાફાતને ઈલ્મી બારીકીઓ સમજીને વાહ ! વાહ ! કરી ઉઠે છે. એવો શખ્સ જો વાતોડીયો અને ઝબાન દરાઝ પણ હોય અને તેની પાસે માલ વગેરે પણ હોય તો તે દીનના માટે અને ઉલમાના માટે સારી એવી પરેશાની ખડી કરી

શકે છે. હબીબે કરીમ ﷺએ ફર્માવ્યું :

اِنَّ اَخْوَفَ مَا اَخَافُ عَلٰی اُمَّتِی کُلُّ مُنَافِقٍ عَلِیْمِ اللِّسَانِ

એટલે, "મને મારી ઉમ્મત પર સૌથી વધુ ખૌફ એવા મુનાફિક્ શખ્સનો છે જે ઝબાન ચલાવવામાં નિષ્ણાત હોય." (મુસ્નદે અહમદ, હદીષ નં. ૧૪૪) એ રીતે મુલ્હિદ લોકો સ્પષ્ટ હદીષોની મૌજૂદગીમાં પોતાના કયાસને અગ્રતા આપે છે.

અસલમાં અમુક લોકોએ પોતાના સાથીઓને કૂવાના દેડકા બનાવી દીધા છે અને એ બીચારા કોઈ અન્ય આલિમની તકરીરને પણ પસંદ નથી કરતા અને લખાણને પણ. જાહેર છે કે જ્યારે એ કોઈ બીજા આલિમની પાસે જશે નહીં તો તેની કાબેલિયતોથી માહિતગાર કેવી રીતે થશે ?! હઝરત ઐયૂબ તાબઈ عَلَیْہِ الرَّحْمَۃُ وَالرِّضْوَانُનો કૌલ છે કે, "જો તમે તમારા ઉસ્તાદની ગલતીથી માહિતગાર થવા ચાહો છો તો તેમના સિવાય પણ કોઈની પાસે જઈને બેસ્યા કરો." *(સુનને દારમી, હદીષ નં. ૬૪૭)*

હવે આપણા અસલ મકસદ પર આવીએ. અમે આ કિતાબ તફઝીલીઓના રદમાં લખેલ છે. આ વિષયમાં અમારી કિતાબ કોઈ પ્રથમ કિતાબ નથી, બલ્કે તફઝીલીઓની રદમાં લખવામાં આવેલી મહત્વની કિતાબો નીચે પ્રમાણે છે :

૦૧. અલ હબ્લુલ વષીક્ ફી નુસ્રતિસ્સિદીક્, લેખક : અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ.

૦૨. કુર્રતુલ્ ઐનૈનિ ફી તફઝીલિશશયખૈન, લેખક : હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ.

૦૩. સિર્રુલ જલીલિ ફી મસ્અલતિત્તફઝીલ, લેખક : હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ.

૦૫. અસ્સવાઈકુલ્ મુહ્ર્રિકા. લેખક : હઝરત અલ્લામા ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ.

૦૬. સબ્એ સના બિલ. લેખક : હઝરત મીર સૈયદ અબ્દુલ વાહિદ બેલગ્રામી رحمۃ اللہ علیہ.

૦૭. મત્લઉલ્ કમરૈન ફી ઈબાનતિ સબ્કતિલ્ ઉમરૈન. લેખક : આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષ બરેલ્વી رحمۃ اللہ علیہ.

૦૮. અઝ્ઝિલાલુલ અન્કા મિંબહરિ સબ્કતિલ અત્કા. લેખક : આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષ બરેલ્વી رحمۃ اللہ علیہ.

૦૯. ગાયતુત્તહ્કીકિ ફી ઈમામતિ અલીય્યીન વસ્સિદ્દીક. લેખક : આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષ બરેલ્વી رحمۃ اللہ علیہ.

૧૦. તુઝકે મરતદ્વી. લેખક : હઝરત મૌલાના હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ.

## ★ તફઝીલીઓનો અપરાધિક કૃત્યનો તરીકો ★

કેટલાક તફઝીલી તો એવા છે જેઓ સ્પષ્ટ શબ્દોમાં સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہને શયખૈન કરીમૈન (અબૂબક્ર, ઉમર) رضی اللہ عنہماથી અફઝલ કહે છે. પરંતું અમુક તફઝીલી એવા છે જેઓ ઝબાન તથા કલમથી શયખૈનને અફઝલ કહે છે પણ એ ફઝીલતથી મુરાદ જાહેરી ખિલાફતમાં અફઝલિયત લે છે, અને બાતિની વિલાયતમાં અફઝલિયતને સૈયદના અલી رضی اللہ عنہની ખાસિયત ઠરાવે છે. જેનું પરિણામ પછી તે જ આગળ વર્ણવેલ તફઝીલ છે. એ બંને વર્ગોમાં કોઈ ફરક નથી, બલ્કે **આ બીજો વર્ગ પોતાની ધોકાબાજીના કારણે પહેલાં વર્ગ કરતાં ખતરનાક છે.** એમના આ અપરાધિક કૃત્યના તરીકાને બેપર્દા કરતાં ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ લખે છે :–

"એ તરફવાળાઓમાં જેમનાં દિલોએ હવસ તથા નાપાકી તથા જફા (બેવફાઈ)ના ગલબા

(પ્રભાવ)થી તફઝીલે શયખૈન (અબૂબક્ર, ઉમરની અફઝલિયત)ને માન્ય ન રાખ્યું અને સ્પષ્ટ ઈન્કાર કરવામાં સુન્નિયતનું નામ નીકળી જતું જોયું તો લાચાર થઈને મતલબ પ્રાપ્તિ માટે તથા કરાહત દૂર કરવાનો એ માર્ગ કાઢયો કે ઝબાનથી તફઝીલે શયખૈન (અબૂબક્ર ઉમરની અફઝલિયત)નો ઈક્રાર અને અહલે સુન્નતના વર્ણવેલ અફઝલિયતના ક્રમ (અબૂબક્ર, ઉમર.....) પર ખુશી ખુશી આગ્રહ રાખ્યો, પણ અફઝલિયતનો અર્થ એ ઘડી કાઢયો જેથી એમનો મર્તબો મૌલા અલી પર વધવા ન પામે, અને પોતાનો ફાસિદ હેતુ હાથથી ન જાય. આ ફિર્કાની સામે જેટલા પ્રમાણમાં કુર્આન, હદીષ તથા અહલે બયતના આષાર (કથનો) તથા ઉલમાના કથનો રજૂ કરો પણ તદ્દન નિરર્થક જાય છે. તેઓ સૌના જવાબમાં એક જરા સરખી વાત કહી દે છે કે અમને શયખૈનની અફઝલિયત (તફઝીલ)થી કયાં ઈન્કાર છે ?! અમે ખુદ તેમને નબીઓ બાદ અઝલુલ બશર જાણીએ છીએ, પણ અફઝલિયતનો અર્થ એ છે ?! ન તે જે તમે સમજયા. લો ! અડધા વાકયમાં આખુ દફતર બેકાર થઈ ગયું ! કર્યી કરાવેલી મહેનત બર્બાદ થઈ ગઈ ! *(મત્લઉલ કમરૈન કલમી, પેજ–૩૨)*

અભ્યાસ કરનારા લોકો જાણે છે કે ''કાદયાની'' પણ પોતાને ''ખત્મે નબુવ્વત''ના મુન્કિર નથી માનતા ! અને પરવેઝી પણ પોતે હદીષોના મુન્કિર હોવું સ્વીકારતા નથી. આ જ અપરાધિક તરીકો તફઝીલીઓનો પણ છે.

હવે અમે પ્રથમ કુર્આન, સુન્નત તથા ઈજમાઅથી હઝરત સિદીકે અકબર رضی اللہ عنہની અફઝલિયત સાબિત કરીએ છીએ અને ત્યારબાદ તફઝીલીઓની દલીલો તથા વાંધાઓની રદ કરીશું.

وَبِاللّٰہِ التَّوْفِیْقُ ...*(ક્રમશઃ)*

## ઈબ્ને સબા યહૂદી મુનાફિકની ઉપજ રાફઝી વિશે જાણો

**કાર્યાલય**

યમનના શહેર ''સન્આ''નો રહીશ ''યહૂદી'' જેણે ઈસ્લામને કમજોર કરવા માટે જાહેરમાં ઈસ્લામનો સ્વીકાર કરીને પોતાનું નામ અબ્દુલ્લાહ બિન સબા રાખીને હઝરત અલી શેરે ખુદા رضی اللہ عنہનો ''દેખાવનો હિમાયતી'' બનીને જાહેરમાં આવ્યો. તેણે લોકોમાં ''હુબ્બે અલી'' અને ''હુબ્બે એહલે બયત''ના ઓઠા હેઠળ ''બુગ્ઝે–સહાબા''નો ઝેરી પ્રચાર કર્યો. તેની નાપાક યોજનાને પરિપૂર્ણ કરવા માટે તેણે ઈરાકની ધરતીને પસંદ કરી અને ''શીઆ–પંથ''ની બુનિયાદ નાખી, તેના (શીઆ–રાફઝી) અનુયાયીઓએ હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمના જાનિસાર સહાબામાંથી ચાર સહાબા સિવાય બીજા બધા સહાબા ઈસ્લામથી ખારિજ થઈ ગયા હતા તેવો જૂઠો પ્રચાર શરૂ કર્યો, તેમણે આજે જે કુર્આને પાક છે તેને અપૂર્ણ અને ફેરફારયુક્ત જાહેર કર્યું, એ રીતે એ વર્ગ (શીઆ–રાફઝી)ના પેશ્વાઓએ તેમની દોઢ ઈંટની મસ્જિદ અલગ બનાવી લીધી અને યહૂદી–મુનાફિક અબ્દુલ્લાહ બિન સબાની અવલાદે (શીઆ–રાફઝી–વર્ગે) તેની બનાવેલી નાપાક યોજનાને પરિપૂર્ણ કરીને ઈસ્લામની ઐક્યતામાં સુરંગ ચાંપી. *(રોશન સિતારા, મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા)*

સુન્ની ભાઈઓ ! દીન ઈમાનથી સલામતી માટે ઈલ્મે દીન ખૂબ જ જરૂરી છે જેથી આ અંગેનું સાહિત્ય અમારે ત્યાંથી મંગાવો અને પોતે, ઘરવાળાં તથા મિત્રોને, સગાંને પણ વંચાવો અને વર્તમાન નિતનવા ફિર્કા ફિત્નાઓથી ઈમાન બચાવો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# વાળને કાળા રંગવા વિશેનો જરૂરી મસ્અલો

**અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા**
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

بسم اللہ الرحمٰن الرحیم

**મસ્અલો :** શું ફર્માવે છે ઉલમાએ દીન તથા મુફતીયાને શરએ મતીન આ મસ્અલામાં કે વસ્મા તેલ જેનાથી વાળ કાળા થઈ જાય છે, એ જાઈઝ છે કે નહીં ? અને વસ્મા નીલનાં પાંદડાં (જેને મિલાવીને ખિઝાબ તૈયાર કરાય છે) મિલાવીને લગાડવું દુરૂસ્ત છે કે નહીં ? બય્યનૂ વ તૂજરૂ.

**અલ્જવાબ : સહીહ મઝહબમાં સિયાહ (કાળો) ખિઝાબ જેહાદની સ્થિતિ સિવાય મુત્લક્ન હરામ છે.** જેની હુરમત (હરામ હોવા) માટે સહીહ તથા મોઅ્તબર હદીષો આવેલી છે.

**હદીષ-૧ :** અહમદ તથા મુસ્લિમ તથા અબૂદાઊદ તથા નિસાઈ તથા ઈબ્ને માજહ્, હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہم થી રિવાયત કરે છે. હુઝૂર સૈયદે આલમ ﷺએ હઝરત અબૂબક્ર સિદ્દીકે અકબર رضی اللہ عنہના વાલિદે માજિદ હઝરત અબૂ કહાફા رضی اللہ عنہની દાઢી તદન સફેદ જોઈને ઈર્શાદ ફર્માવ્યો, **સફેદીને કોઈ ચીજ વડે બદલી નાખો અને કાળા રંગથી બચો.**

**હદીષ-૨ :** ઈમામ અહમદ પોતાની સનદમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત કરે છે, હુઝૂરે અકદસ ﷺ ફર્માવે છે : **પીરી (સફેદી)ની તબદીલી કરો અને કાળા રંગની પાસે ન જાવ.**

**હદીષ-૩ :** ઈમામ અહમદ તથા અબૂદાઊદ તથા નિસાઈ તથા ઈબ્ને હબ્બાન તથા હાકિમ બઈફાદા તસ્હીહ ઔર ઝિયા મુખ્તારા અને બય્હકી સુનનમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરે છે, હુઝૂરેવાલા ﷺ ફર્માવે છે : **આખર જમાનામાં કેટલાક લોકો કાળો ખિઝાબ કરશે જેમ કે કબૂતરોના પોટા, તેઓ જન્નતની ખૂશ્બૂ સુંઘી શકશે નહીં.** જંગલી કબૂતરોના સીના મોટાભાગે કાળા લીલાશ પડતા હોય છે, નબી ﷺએ તેમના વાળો તથા દાઢીઓને એની સાથે સરખાવ્યા છે.

**હદીષ-૪ :** ઈબ્ને સઅદ આમિર رحمۃ اللہ علیہ મુરસલન રિવાયત કરે છે : હુઝૂર સૈયદે આલમ ﷺ ફર્માવે છે : **જે કાળો ખિઝાબ (વાળ કાળા) કરશે તેના તરફ કિયામતના દિવસે અલ્લાહ તઆલા રેહમતની નજર ફર્માવશે નહીં.**

**હદીષ-૫ :** ઈબ્ને અદી કામિલ અને દય્લમી સનદુલ ફિરદૌસમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરે છે. હુઝૂરે અકદસ ﷺ ફર્માવે છે : **બેશક ! અલ્લાહ તઆલા દુશ્મન રાખે છે ઘરડા કાગડાને.** (તઅલીકાત અલ્લામા ખફી) એ જ પ્રમાણે અઝીઝીમાં છે.

**હદીષ-૬ :** તિબ્રાની મોઅજમે કબીર અને હાકિમ મુસ્તદરકમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہماથી રિવાયત કરે છે. હુઝૂર પુરનૂર ﷺ ફર્માવે છે : **ઝર્દ (પીળો) ખિઝાબ ઈમાનવાળાઓનો છે અને લાલ (સુર્ખ) ઈસ્લામવાળાઓનો અને કાળો ખિઝાબ કાફિરોનો છે.**

**હદીષ-૭ :** ઓકૈલી તથા ઈબ્ને હબ્બાન તથા ઈબ્ને અસાકિર, અનસ رضی اللہ عنہથી રિવાયત કરે છે.

હુઝૂરે અકદસ સૈયદે આલમ ﷺ ફર્માવે છે : **સફેદી નૂર છે, જેણે એને છુપાવ્યું તેણે પોતાના ઈસ્લામના નૂરને વેડફી દીધું.** અલ્લામા મુહમ્મદ ખફી તેની શરહમાં ફર્માવે છે : તે ઘડપણને દૂર કરવું જેને તેણે છુપાવ્યું એ રીતે કે તેને જેહાદ સિવાય ખિઝાબથી કાળુ કર્યુ. અલ્લામા મુનાવી તથા અલ્લામા અઝીઝી આ હદીષ પર સમજૂતી કરે છે, એટલે કે **સફેદ વાળ ઉખેડવા મકરૂહ છે અને કાળો ખિઝાબ (કાળા કરવા) જેહાદ સિવાય હરામ છે.**

**હદીષ–૮ :** હાકિમ કિતાબુલ કુને વલ્અલ્કાબમાં ઈમામ સુલૈમની હસન સનદથી ઉમ્મે સુલૈમ رضی اللہ عنہاથી રિવાયત કરે છે. હુઝૂર પુરનૂર ﷺ ફર્માવે છે : **જેને ઈસ્લામમાં સફેદી આવે તે એના માટે નૂર બનશે જ્યાં સુધી તેને ફેરવી ન નાખે.**

**હદીષ–૯ :** દયલમી તથા ઈબ્ને નજ્જાર, હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત કરે છે. હુઝૂર પુરનૂર સૈયદે આલમ ﷺ ફર્માવે છે : **સૌ પ્રથમ હિના તથા કુતુમ (મેંદી) વડે ખિઝાબ કરનાર ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم છે અને સૌ પ્રથમ કાળો ખિઝાબ કરનાર 'ફિરઔન' છે.** અલ્લામા મુનાવી હદીષ હેઠળ ફર્માવે છે : એટલા માટે પહેલો ખિઝાબ મુસ્તહબ છે અને બીજો **(કાળો) જેહાદ સિવાય હરામ છે.**

**હદીષ–૧૦ :** તિબ્રાની મોઅજમે કબીર અને ઈબ્ને અબી આસિમ, કિતાબુસ્સુનહ્માં હઝરત અબૂ દાઊદ رضی اللہ عنہથી રિવાયત કરે છે. હુઝૂર સૈયદે આલમ ﷺ ફર્માવે છે : **જે સિયાહ ખિઝાબ (વાળ કાળા) કરશે, અલ્લાહ તઆલા કિયામતના દિવસે તેનું મોઢું કાળુ કરશે.**

**હદીષ–૧૧ :** તેમજ કબીર તિબ્રાનીમાં હસન સનદ સાથે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરે છે. હુઝૂર પુરનૂર ﷺ ફર્માવે છે : **જે વાળોની હયઅત (સ્થિતિ) બગાડે અલ્લાહ તઆલાને ત્યાં તેના માટે કોઈ હિસ્સો નથી.** ઉલમા ફર્માવે છે : હયૂઅત બગાડવું એટલે **દાઢી મૂંડવી** અથવા **ખિઝાબ કરવો.** *(તયસીર)*

**હદીષ–૧૨ થી ૧૫ :** અબૂ યઅ્લા મુસ્નદ અને તિબ્રાની કબીર બિન વાષ્મહ્ બિન અસ્કઅ્ અને બયહકી શોઅબુલ ઈમાનમાં અનસ ઈબ્ને માલિક, ઓબૈદુલ્લાહ ઈબ્ને અબ્બાસ અને ઈબ્ને અદી કામિલમાં અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہم થી રિવાયત કરે છે. હુઝૂરે અકદસ ﷺ ફર્માવે છે : **તમારા આધેડોમાં (આધેડ વયવાળાઓમાં) સૌથી બદતર તે છે જે યુવાનો જેવી શિકલ બનાવે.** ઈમામ અબૂ તાલિબ મક્કી કુવ્વતુલ કુલૂબ અને ઈમામ હુજ્જતુલ ઈસ્લામ અહ્યાઉલ ઉલૂમમાં ફર્માવે છે : કાળો ખિઝાબ કરવું જેનાથી રોકવામાં આવ્યું, રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : **તમારા યુવાનોમાં બેહતર તે છે જે પોતાના વૃધ્ધો જેવી શિકલ બનાવે અને વૃધ્ધોમાં સૌથી બુરો તે છે જે યુવાનો જેવી શિકલ બનાવે.**

**હદીષ–૧૬ :** ઈબ્ને અસ્અદ તબકાતમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરે છે. **રસૂલુલ્લાહ ﷺએ કાળા ખિઝાબ (વાળ કાળા કરવા)થી મના ફર્માવ્યું.**

**અફસોસ !** કે જરા સરખા નફસાની શોખના માટે માણસ આવી સખ્તીઓને ગવારા (માન્ય) કરે છે.

મુહીત, દુર્રે મુખ્તાર તથા ઝખીરામાં એ વિશે છે. એ ત્રણેનો ભાવાર્થ એ છે કે **સર્વ મશાઈખે કિરામ તથા જમહૂર મહાન ઈમામોની નજીક કાળો ખિઝાબ મના છે.** ઉલમા જયારે કરાહત મુત્લક બોલે છે (એટલે એકલુ મકરૂહ કહે છે) એનો

મતલબ મકરૂહે તહરીમી છે, જેમાં પડનારો ગુનેહગાર તથા અઝાબનો હકદાર (મુસ્તહિક) છે. **વલ્અયાઝુબિલ્લાહિ તઆલા.**

અલ્લામા સૈયદી હમવી, અલ્લામા સૈયદી તહતાવી તથા અલ્લામા સૈયદી શામી رحمۃ اللہ علیہ ફર્માવે છે : કાળા ખિઝાબનું હરામ હોવું ગૈર ગાઝીના માટે હરામ છે અને ગાઝીઓના માટે કાફિરોને ડરાવવા માટે હરામ નથી.

શયખ મોહક્કિક મૌલાના અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ શરહે મિશ્કાત શરીફમાં ફર્માવે છે : બુઢાપો (સફેદી) ખુદાનું નૂર છે અને ખુદાના નૂરને બદલવું કાળા (રંગ)થી મકરૂહ છે અને કાળા ખિઝાબના બારામાં સખત વઈદો આવી છે, અને એમાં છે : કાળો ખિઝાબ હરામ છે, સહાબા તથા ગૈર સહાબા સુર્ખ (લાલ) ખિઝાબ કરતા અને કદી પીળો.

**સારાંશ** : આ જ કૌલ મુખ્તાર તથા મન્સૂર તથા મઝહબે જમહૂર તથા હુઝૂર પુરનૂરના ઈર્શાદથી સાબિત છે. ﷺ અને **નિઃશંક ! હદીષો તથા રિવાયતોમાં મુત્લક સિયાહ (અબાધિત રીતે કાળા) રંગથી મનાઈ ફર્માવી જેથી જે ચીજ વાળોને કાળા કરે ભલે તે કેવળ એકલુ નીલ અથવા મ્હેંદીનું મિશ્રણ અથવા કોઈ તેલ, મતલબ ગમે તે હોય. સર્વ નાજાઈઝ તથા હરામ અને એ વઈદો (ધમકીઓ)માં સામેલ છે.** હદીષોમાં કેવળ નીલની જ ફકત મનાઈ હોત અને અન્ય કાળા ખિઝાબોની ઈજાઝત હોત તો બેશક ! મ્હેંદીનું મિશ્રણ ચાલી જાત, પણ જ્યારે કે **કશીય છૂટછાટ વિના (મુત્લક) કાળા રંગને હરામ ફર્માવ્યું તો** જ્યાં સુધી એટલા પ્રમાણમાં મ્હેંદી ન ભળે જે નીલ પર ગાલિબ આવી જાય (છવાઈ જાય) અને તેની કાળાશને દૂર કરી દે ત્યાં સુધી કેવી રીતે કામ આપી શકે છે ? કેમ કે હરામ હોવાનો સબબ એટલે કે વાળોની કાળાશ હજી પણ બાકી રહે છે.

વળી જે સહીહ હદીષમાં આવ્યું કે હઝરત સૈયેદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ મ્હેંદી (હિના તથા કુતુમ) વડે ખિઝાબ કરતા તે હરગિઝ લાભ કરશે નહીં (તે લોકો માટે જેઓ કાળો ખિઝાબ જાઈઝ કરવા ફરે છે) કેમ કે ઉલમાની સ્પષ્ટતા પ્રમાણે એ ખિઝાબ કાળો રંગ આપતો ન હતો બલ્કે લાલાશ લાવતો જેમાં કાળાશની ઝલક થતી. લાલ રંગનો નિયમ છે કે જ્યારે અતિ લાલાશે પહોંચે છે તો એક પ્રકારની કાળાશની આપે છે. આવો ખિઝાબ વિના શંકાએ જાઈઝ બલ્કે મહમૂદ (પસંદીદા) છે જેની તારીફ સહીહ હદીષમાં ખૂદ હુઝૂરે અકદસ ﷺથી નકલ થયેલ છે. [રિવાયત કરી એને અહમદ અને ચારેવ (બુખારી, મુસ્લિમ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ) ઈબ્ને હબ્બાને અબૂઝરથી – رضی اللہ عنہ]

શયખ મોહક્કિક (નવ્વરલ્લાહુ મરકદહૂ) એ શરહે મિશ્કાત શરીફમાં એ જ પ્રમાણે ફર્માવ્યું છે.

એની નજીક અલ્લામા અલી કારીએ જમઉલ વસાઈલ શરહે શમાઈલ શરીફ, તિર્મિઝી અને ઈમામ અહમદ કુસ્તલાનીએ ઈર્શાદુસ્સારી શરહે સહીહ બુખારી શરીફમાં સ્પષ્ટતા કરી અને રાજેહ કૌલ (વિશ્વાસપાત્ર કથન) તથા તફસીરે જમહૂરમાં કુતુમ નીલનું નામ જ નથી, બલ્કે તે એક અન્ય પત્તી છે કે લાલ રંગ ધરાવે છે અને દેખાવમાં ઝૈતૂનના પાંદડાંની જેમ હોય છે જેને લોકો મ્હેંદીમાં મિલાવી ખિઝાબ બનાવે છે. અલ્લામા મુનાવી તયસીર શરહે જામે સગીરમાં એ જ પ્રમાણે ફર્માવે છે.

હમણાં મિશ્કાત શરીફમાંથી ગુજર્યું કે તેનો રંગ કાળો ન હતો........... છેવટ સુધી.

હું (આ'લા હઝરત) કહું છું બલ્કે ફકીર ગુફિરલ્લાહુ તઆલા ખુદ હદીષોથી સાબિત કરી શકે છે કે હિના તથા કુતુમ (મ્હેંદી)ના ખિઝાબનો રંગ લાલ રહેતો હતો. સહીહ બુખારી તથા મુસ્નદે ઈમામ અહમદ તથા સુનને ઈબ્ને માજહ્માં ઉષ્માન ઈબ્ને અબ્દુલ્લાહ બિન મવહબથી મરવી છે, હું હઝરત ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલમા رضی اللہ عنہاની ખિદમતમાં હાજર થયો અને તેમણે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمના બાલ મુબારક (જે તેમની પાસે તબર્રૂકાત શરીફમાં રાખ્યા હતા, તેને ધોઈને જે બીમારને પીવડાવતાં તે તરત સારો થઈ જતો હતો.) કાઢયા તો તે મ્હેંદીથી રંગેલા હતા.

એમાં જ ઉષ્માન ઈબ્ને અબ્દુલ્લાહથી એ જ બાલ મુબારકના વિશે સહીહ બુખારીમાં મરવી છે :– ઉમ્મે સલમા رضی اللہ عنہا એ તેમને નબી صلی اللہ علیہ وسلمના લાલ રંગના બાલ મુબારક દેખાડયા. સાબિત થયું કે હિના તથા કુતુમ (મ્હેંદી)એ લાલ રંગ આપ્યો. બલ્કે એ જ હદીષમાં ઈમામ અહમદ رحمۃ اللہ علیہની બીજી રિવાયત આ પ્રમાણે છે : ઉમ્મે સલ્મા رضی اللہ عنہاએ મુએ મુબારક લાલ રંગના દેખાડયા, જેના પર મ્હેંદીનો ખિઝાબ હતો. જેથી સ્પષ્ટ થયું કે કુતુમ ભલે ગમે તે ચીજનું નામ હોય પણ ઉપરોકત રિવાયતોથી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના વિશે કાળા ખિઝાબનું ગુમાન કરવું અથવા એનાથી નીલ તથા હિના મિશ્ર થયેલાને તદ્દન જાઈઝ સમજી લેવું સદંતર ગલત છે.

**અફસોસ** ! કે આપણા જમાનાના કેટલા સાહબોએ વસ્મા તથા હિનાના ખિઝાબની રિવાયત તો જોઈ અને તેનો મૂળ મતલબ ન સમજ્યા ! પ્રથમ તો વસ્મા નીલને કહેતા જ નથી બલ્કે તે એક ઓર પત્તી છે કે મ્હેંદીમાં મિકસ થઈને તેની રતાશ તેજ કરી આપે છે, નહીં તો કેવળ હિના (મ્હેંદી)ની રતાશ તેજ નથી. એ જ પ્રમાણે કામૂસ તથા તાજુલ ઉરૂસમાં છે. મુઅરબમાં એ જ અર્થ પર યકીન કર્યું છે અને વસ્માને નીલના અર્થમાં સમજવાને ઝઈફ કૌલ કહ્યો. મોઅ્તમદ (વિશ્વસનીય) એ છે કે અરબી ભાષામાં વસ્મા એક ઝાડનું નામ છે જેની પત્તી (પાંદડાં) સૂકાવીને દળીને મ્હેંદીમાં મિકસ કરાય છે જેનાથી એમાં લાલાશ ખૂબ તેજ થઈ જાય છે, નહીં તો ફીકી પીળાશ પડતી રહે છે. આમ તો બિહમ્દિલ્લાહી તઆલા રિવાયતોમાં નીલવાળાઓ માટે છૂટછાટમાં મુદ્દલે ગુંજાઈશ નથી અને જો કામૂસની જેમ બંને અર્થો સમાન રાખવામાં આવે તો પણ નીલવાળાઓની દલીલો બાતિલ છે, કેમ કે યકીનન અવકાશ રહે છે કે તે પત્તી મુરાદ છે જે મ્હેંદીની લાલાશ તેજ કરે છે. અને ધારો કે તેમના લીધે માની લો કે વસ્માથી નીલ મુરાદ છે તો હરગિઝ એ રિવાયતો એવું ન કહેત કે, "પ્રથમ મ્હેંદીનો ખિઝાબ કરી લો જેનાથી વાળો ખૂબ સાફ થઈ જાય, તેના પર વસ્મા ચઢાવો કે કાળાશ પોતાનો પૂરો અમલ (પ્રભાવ) દેખાડે, ન એ કે નામ માત્રની નીલમાં અમુક પત્તીઓ મ્હેંદીની નાખીને મિશ્રણનું બહાનુ કરો અને કાળાશની સંપૂર્ણ મજા માણો ! બલ્કે એ હેતુ છે કે (લાલાશ) ઉપર ગાલિબ આવીને રંગમાં કાળાશ ન આવવા દે, એટલે એ મુરાદ કે અસલ ખિઝાબ મ્હેંદીનો હોય અને એમાં કેટલીક પત્તીઓ નીલની મિકસ કરી લો જેનાથી તેની રતાશમાં એક ગણી પુખ્તગી આવી જાય. એનું દ્રષ્ટાંત તદ્દન આ પ્રમાણે છે કે શરાબમાં નમક (મીઠુ) મિલાવવાને ઉલમાએ તેને બદલવા તથા હલાલ હોવાનો સબબ જણાવ્યું છે, કે જ્યારે શરાબ સિર્કો બની ગઈ તો હકીકત બદલાઈ ગઈ, હિલ્લત (હલાલ હોવું) આવી ગઈ, કેમ કે હવે તે શરાબ ન

રહી. હવે રિવાયતોને જોઈને કોઈ સાહબ પ્રથમ નમક ખાઈને ઉપરથી શરાબ પી લે ! અથવા ઘડો ભરેલ શરાબમાં એક કાંકરી નમક નાખીને ગટગટાવી જાય ! કે અમે તો નમક મિલાવીને પીએ છીએ ! જ્યારે હેતુ એ હતો કે નમક તેનો જોશ બેસાડે, ખાટુ કરીને સિરકો બનાવી દે. આવાં બહાનાં શરીઅતે મુતહ્હરામાં શું કામ આપવાનાં ?

સારાંશ એ કે ચર્ચાનો આધાર રંગ પર છે. **ધારો કે જો ફક્ત એકલી જ મ્હેંદી કાળો રંગ લાવતી હોત તો તે પણ હરામ હોત અને એકલી નીલ પીળો કે લાલ રંગ આપત તો તે પણ જાઈઝ હોત. એટલે કે નીલ અને મ્હેંદીનું મિશ્રણ અથવા કોઈ બલા હોય જે કોઈ કાળો રંગ લાવે, સૌ હરામ છે.** વલ્લાહુ તઆલા અઅ્લમ વ ઈલ્મુમહ્ જલ્લ મજદહૂ અતમ્મુ અહકમૂ.

*લખનાર : **અહમદ રઝા બરેલ્વી** અફી અન્હૂ*

| | |
|---|---|
| હિ.સ. ૧૩૦૧ | અબ્દુલ મુકતદિર અબ્દુલકાદિર |
| મુહમ્મદી સુન્ની હનફી | મતીઉર્રસૂલ હિ.સ. ૧૨૯૧ |

અબ્દુલ મુસ્તફા અહમદ રઝાખાં

**મસ્અલો** : (અઝ : શહર કોહનહ્ બરૈલી, શયખ અબ્દુલ અઝીઝ સાહબ, ૨૧–જમાદીઉલ આખર, હિ.સ. ૧૩૧૪)

કાળો ખિઝાબ એટલે કે મ્હેંદી તથા નીલ સરખુ ભેગુ કરીને શરઈ જરૂરત વિના ઉપયોગ કરવું દુરૂસ્ત છે કે નહીં ? અને શરઈ જરૂરતો કઈ કઈ છે ? કેવળ મ્હેંદી લગાડવી મસ્નૂન (સુન્નત મુજબ) છે કે નહીં ? ઉપરોકત જણાવેલ ખિઝાબ સિવાય અન્ય ખિઝાબ પણ દા.ત. માઝૂ તથા વહલિય્યહ્ (એક મશ્હૂર દવા) વગેરે જાઈઝ છે કે નહીં ? કિતાબોના હવાલા સાથે જવાબ આપશો. બય્યનૂ વ તુજરૂ.

**અલ્જવાબ** : કાળો ખિઝાબ ભલે તે પછી માઝૂ તથા વહ્લિય્યહ્ (એક મશ્હૂર દવા)નો હોય કે પછી મ્હેંદીનુ મિશ્રણ હોય કે પછી અન્ય ગમે તે ચીજનો એ મુજાહિદો (જંગમાં જેહાદ કરનારા) સિવાય સૌના માટે **મુત્લક્ન્ હરામ** છે અને કેવળ મ્હેંદીનો લાલ ખિઝાબ અથવા એમાં નીલની કેટલીક પત્તીઓ મિલાવીને જેનાથી રતાશમાં પુખ્તગી (તીવ્રતા) આવે અને કાળો રંગ ન થવા પામે તે **સુન્નતે મુસ્તહબહ્** છે. શયખ મોહક્કિક્ અલ્લામા અબ્દુલહક્ક્ મોહદ્દિષ દહેલ્વી કુદ્દેસ સિર્રહૂ અશિઅતુલ લમ્આત શરહે મિશ્કાત શરીફમાં ફર્માવે છે : **કાળો ખિઝાબ હરામ છે, સહાબા તથા ગૈર સહાબા લાલ ખિઝાબ કરતા હતા અને કદીક પીળો.** હદીષમાં છે. હુઝૂર સૈયદે આલમ ﷺ ફર્માવે છે : (અર્થ) **ઝર્દ (પીળો) ખિઝાબ ઈમાનવાળાઓનો, લાલ ખિઝાબ ઈસ્લામવાળાઓનો અને કાળો ખિઝાબ કાફિરોનો છે.** અને રિવાયત કરી તિબ્રાનીએ કબીરમાં તથા હાકિમમાં તથા મુસ્તદરકમાં ઈબ્ને ઉમરથી رضی اللہ عنہما . મુહીત, મન્હુલગફ્ફાર તથા રદુલ્ મુહતારમાં છે : "પણ લાલ તો પુરૂષોની સુન્નત છે, મુસલમાનોની ઓળખ છે." કાઝીખાન, શરહે મશારિક તથા શામીમાં છે. અમારો મઝહબ એ છે કે મ્હેંદી તથા વસ્માથી રંગવું સારું છે. હદીષોમાં કાળા ખિઝાબ બાબતે સખ્તથી સખ્ત વઈદો અને મ્હેંદીના ખિઝાબથી તરગીબો (પ્રોત્સાહિત કરતી વાતો) પુષ્કળ પ્રમાણમાં આવેલ છે, તહકીક કે અમે સાબિત કરી દીધું વાળ કાળા કરવાનું હરામ હોવું, અમારા ફતવામાં જેમાં શિફા છે.

*લખનાર : **અહમદ રઝા બરેલ્વી અફી અન્હૂ***

## દયાદરામાં જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہમાં
## હઝરત રાશિદ મકકી અશરફીયુલ જીલાની કછોછવીની તશરીફ આવરી

**દયાદરા** : ખાતે તા. ૨૦–૧૦–૨૦૨૪ રવિવાર ઈશા બાદ અકુજી કોમ્યુ. હોલ પાસે 'ફોજદાર બ્રધર્સ' તરફથી 'જશ્ને ગૌષે આઝમ દસ્તગીર' رضی اللہ عنہનું શાનદાર આયોજન કરવામાં આવેલ. શાહઝાદએ અઝીઝે મિલ્લત હઝરત સૈયદ ફરીદબાવા સાબરીની કયાદતમાં તથા મૌલાના સાદિક સાબરી સાહબની નિઝામત હેઠળ, મૌલાના મુબારક અશરફી (દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)માંની નિગરાનીમાં થયો. જેમાં તિલાવતે કુર્આને પાક જનાબ કારી મકસૂદ અશરફી (પેશ ઈમામ–દયાદરા)એ પોતાના અનોખા અંદાઝમાં પેશ કરી ત્યારબાદ વિવિધ નઅતખાંએ નઅતો મન્કબત પેશ કરી છેવટમાં કારી મકસૂદ સાહબે હઝરતની ફર્માઈશ પર *'અર્શે હક્ક હૈ...'* તથા આ'લા હઝરતની લખેલ મન્કતબે ગૌષ પઢી મજમામાં રૂહાની ઉષ્મા ભરી દીધી. છેવટમાં હઝરત સૈયદ રાશિદ મિયાં મક્કી સાહબે ગૌષે પાક رضی اللہ عنہની શાનમાં બયાનની સાથોસાથ અહલે સુન્નતના અકીદાઓ પર જોર આપતુ બયાન... આ'લા હઝરતના શેઅર *'અહલે સુન્નત કા હૈ બેડા પાર અસ્હાબે હુઝૂર, નજ્મ હૈ ઔર નાવ હૈ ઈતરત રસૂલુલ્લાહ કી'* ને લક્ષમાં રાખીને સહાબાએ કિરામની પણ અને અહલે બયતની પણ તા'ઝીમ કરી સૌને માનવા પર જોર આપ્યું, સૌથી મહોબ્બત રાખવા તાકીદ કરી હતી. તેમજ કેવળ નારાબાઝીવાળા સુન્ની નહીં પણ સાચા અર્થમાં *'ગૌષ કા દામન'* થામવાની અને અમલી જિંદગીમાં ખુદા વ રસૂલનાં ફર્માનો પર ચાલવા તાકીદ કરી હતી. છેવટમાં સલાતો સલામ દુઆ પર પ્રોગ્રામ ખત્મ થયો હતો. પ્રોગ્રામ દરમ્યાન મૌલાના મુબારક અશરફી તેમજ કારી મકસૂદ સાહબને હઝરતે ખિલાફત પણ અર્પણ કરી હતી.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❒ **પ્રેસ્ટન (યુ.કે.)** : ખાતે મૂળ દયાદરા નિવાસી ખુરશિદબાનુ મુહમ્મદ પટેલ (ભૂરા)નો તા. ૪–૧૦–૨૦૨૪ જુમ્આના રોજ ૩૦–રબીઉલ અવ્વલ શરીફ હિ.સ. ૧૪૪૬ના રોજ પ્રેસ્ટન ખાતે ઈન્તેકાલ થયો છે.

❒ **ભોજ (મલેકપુરા)** : મદ્રસા ગરીબખાના કાદરિયા–જંબુસર ખાતે વરસોથી સંચાલનની ખિદમત કરનાર જનાબ ઈસ્માઈલભાઈ મલેકનો ભોજ ખાતે તા. ૧૭–૧૦–૨૦૨૪ જુમેરાત, ૧૩–રબી. આખર હિ.સ. ૧૪૪૬ના રોજ હાર્ટ એટેકમાં ઈન્તેકાલ થયો છે. "મદ્રસા ગરીબખાના કાદરીયા"ના સ્થાપક મર્હૂમ હાજી અબ્દુલ અઝીઝ ધનાની બરકાતી જેમનો ઈન્તેકાલ ૯–રમઝાન હિ. ૧૪૪૫ના થયો. આપના વિશ્વાસુ મર્હૂમ ઈસ્માઈલ મલેક પણ હવે આ ફાની જગતને અવલિદા કરી ગયા છે. મર્હૂમ નેક નમાઝી પાબંદે શરઅ સુન્ની કાર્યકર હતા. જેમની વિદાયથી એક ખોટ ઉભી થઈ છે.

❒ **વિલાયત** : ખાતે જનાબ સૈયદ મુનાફબાવાનાં દાદી અમ્માનો તા. ૨૩–૧૦–૨૦૨૪, બુધવારે ઈન્તેકાલ થયો જેમની દફનવિધિ અસર બાદ ચાંચવેલ મુકામે કરવામાં આવી.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે* ***દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ*** *ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*